gujaratvandan.com



માધુરી દીક્ષિત ટૂંક સમયમાં ભૂલ ભુલૈયા બ્રહ્માંડમાં પગ મુકવા જઈ રહી છે...

પેજ 09

નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય
સાપ્તાહિક
# ગુજરાત વંદન
રવિવાર, 7 એપ્રિલ 2024
ફાગણ વદ - 13, વિક્રમ સંવત 2080 | કિંમત : રૂા. 5 | વાર્ષિક : રૂા. 260 | વર્ષ : 07 | અંક : 48 | RNI No. GUJGUJ/2016/68288 | કુલ પાનાં : 12

**સુવિચાર**
ઝરણું હોય કે ઝગડો બંનેનું મૂળ નાનું હોય છે , પણ જો ન રોકીએ તો ધીમે ધીમે વિશાળ બને છે...!!!

## ઈઝરાયેલ માટે 'અચ્છે દિન' હજુ દૂર | અમેરિકાને પણ આપી કડક ચેતવણી- તમે વચ્ચે ન પડશો,નહીંતર....

# હવે ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે યુદ્ધના ભણકારા

■ હુમલાનો જવાબ આપવા ઈઝરાયેલમાં લડાકુ વિમાન -મિસાઈલ - સૈનિકો તૈયાર

ગુજરાત | વંદન



વિશ્વ ફલક પર હાલમાં યુક્રેન - રશિયા વચ્ચે હજુ યુદ્ધ ચાલી રહ્યું છે,બીજી તરફ ઈઝરાયેલ -હમાસના અરસ પરસ હુમલાઓ નો અંત આવ્યો નથી ,ત્યાં વધુ એક દેશ મહાસંગ્રામમાં ઝંપલાવે તેમ છે. જેમાં ઈરાન ઈઝરાયેલ પર મોટા હુમલાની તૈયારી કરી રહ્યું છે. અને ઈરાને અમેરિકાને હસ્તક્ષેપ ન કરવાની ચમકી આપી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર ઈરાને વોશિંગ્ટનને લેખિત સંદેશ મોકલ્યો છે. આ સંદેશમાં ઈરાને ચેતવણી આપી છે કે અમેરિકા હસ્તક્ષેપ ન કરે અને ઈઝરાયેલના વડાપ્રધાન નેતન્યાહુની જાળમાં ન ફસાય. હકીકતમાં, તાજેતરમાં જ ઈઝરાયેલ સીરિયામાં ઈરાની કોન્સ્યુલેટ પર હુમલો કરવામાં આવ્યો હતો. ઈરાને ઈઝરાયેલ પર આનો આરોપ લગાવ્યો છે. આ હુમલાના જવાબમાં ઈરાન ઈઝરાયેલ વિરુદ્ધ કાર્યવાહી કરવાની તૈયારી કરી રહ્યું છે.

ઈરાનના રાષ્ટ્રપતિના રાજકીય બાબતોના ડેપ્યુટી ચીફ ઓફ સ્ટાફ મોહમ્મદ જમશીદીએ સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરી છે. આ પોસ્ટમાં તેણે લખ્યું છે કે અમેરિકા વચ્ચે ન આવવું જોઈએ જેથી કરીને તે હુમલાનો ભોગ ન બને કેમકે ઈરાન ઈઝરાયેલ પર મોટા હુમલાની યોજના બનાવી રહ્યું છે, ઈરાન ઈઝરાયેલ પર મોટા હુમલાની તૈયારી કરી રહ્યું છે. ઈરાને પણ અમેરિકાને હસ્તક્ષેપ ન કરવા જણાવ્યું છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર ઈરાને વોશિંગ્ટનને લેખિત સંદેશ મોકલ્યો છે. આ સંદેશમાં ઈરાને ચેતવણી આપી છે કે અમેરિકા હસ્તક્ષેપ ન કરે અને નેતન્યાહુની જાળમાં ન ફસાય. હકીકતમાં, તાજેતરમાં જ સીરિયામાં ઈરાની કોન્સ્યુલેટ પર હુમલો કરવામાં આવ્યો હતો. ઈરાને ઈઝરાયેલ પર આનો આરોપ લગાવ્યો છે. આ હુમલાના જવાબમાં ઈરાન ઈઝરાયેલ વિરુદ્ધ કાર્યવાહી કરવાની તૈયારી કરી રહ્યું છે. ઈરાનના રાષ્ટ્રપતિના રાજકીય બાબતોના ડેપ્યુટી ચીફ ઓફ સ્ટાફ મોહમ્મદ જમશીદીએ સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરી છે. આ પોસ્ટમાં તેણે લખ્યું છે કે અમેરિકા વચ્ચે ન આવવું જોઈએ જેથી કરીને તે હુમલામાં ન આવે. જમશીદીએ કહ્યું કે અમેરિકાએ ઈરાનને નિશાન ન બનાવવા કહ્યું છે. જોકે, અમેરિકાએ હજુ સુધી ઈરાનના સંદેશનો કોઈ જવાબ આપ્યો નથી. અમેરિકન મીડિયા અનુસાર, ઈરાનની ચેતવણી બાદ અમેરિકા પણ હાઈ એલર્ટ પર છે અને ઈઝરાયેલમાં પોતાના બેઝની સુરક્ષાને લઈને ચિંતિત છે. તાજેતરમાં સીરિયામાં ઈરાનના કોન્સ્યુલેટ પર હુમલો થયો હતો. આ હુમલામાં ઈરાની સેનાના એક વરિષ્ઠ જનરલ સહિત 13 લોકો માર્યા ગયા હતા. ઈરાન આ હુમલા માટે ઈઝરાયલને જવાબદાર ઠેરવી રહ્યું છે, પરંતુ ઈઝરાયેલે આ આરોપોનો કોઈ જવાબ આપ્યો નથી. લાંબા સમયથી સીરિયામાં ઈરાન સાથે જોડાયેલા લક્ષ્યો પર હુમલો કરી રહ્યું છે, પરંતુ તાજેતરનો હુમલો તેના પ્રકારનો પહેલો હુમલો છે, જેમાં ઈરાની દૂતાવાસને નિશાન બનાવવામાં આવ્યું હતું. ઈરાની દૂતાવાસ પર થયેલા હુમલામાં હિઝબુલ્લાહના લડવૈયાઓ પણ માર્યા ગયા છે. હવે હિઝબુલ્લાના નેતા હસન નસરાલ્લાહે શુક્રવારે કહ્યું કે 'અલબત્ત ઈરાન જવાબ આપશે', પરંતુ

...અનુસંધાન પેજ નં. 6 પર



### રિઝર્વ સૈનિકોને પણ તૈયાર રહેવા આદેશ

ઈરાનની સીરિયા સ્થિત કોન્સ્યુલેટ પર ઈઝરાયેલે કરેલી એર સ્ટ્રાઈક બાદ ઈરાને વળતો જવાબ આપવાની ધમકી આપી છે. જેના પગલે ઈઝરાયેલે પોતાની સેનાને એલર્ટ પર મુકી દીધી છે.સૈનિકોની રજાઓ રદ કરી દેવામાં આવી છે.ઈઝરાયેલી સેનાએ કહ્યુ છે કે, જે પ્રકારની સ્થિતિ છે તેનુ મૂલ્યાંકન કર્યા બાદ નિર્ણય લેવામાં આવ્યો છે અને ઈઝરાયેલના જેટલા પણ સક્રિય સૈનિકો છે તેમની રજા પર અસ્થાયી રીતે રોક લગાવવામાં આવી છે.રિઝર્વ સૈનિકોને પણ તૈયાર રહેવા માટે જણાવાયુ છે.

### યુદ્ધ સમગ્ર મધ્ય પૂર્વમાં ફેલાઈ શકે છે

ઈરાન અને ઈઝરાયેલ વચ્ચેની દુશ્મનાવટ જાણીતી છે, પરંતુ ઈરાન ક્યારેય ઈઝરાયેલ પર સીધો હુમલો કરવાની હિંમત એકત્ર કરી શક્યું નથી. તેણે હંમેશા હમાસ અને હિઝબુલ્લાહ જેવા આતંકવાદી સંગઠનોનો સહારો લીધો છે. હવે જો ઈરાન ઈઝરાયેલને સીધું નિશાન બનાવશે તો સૌથી મોટો ખતરો એ છે કે આ યુદ્ધ સમગ્ર મધ્ય પૂર્વમાં ફેલાઈ જશે અને તેના પરિણામો ખતરનાક આવશે.

### ઈઝરાયેલે જીપીએસ સિસ્ટમ બંધ કરી

ઈઝરાયેલને ઈરાન તરફથી હુમલાનો ડર છે. તેથી તેણે જીપીએસ નેવિગેશન સિસ્ટમ બંધ કરી દીધી છે. માનવામાં આવે છે કે ગાઈડેડ મિસાઈલોને રોકવા માટે જીપીએસ સિસ્ટમ બંધ કરવામાં આવે છે.

### બાઈડેનની ચેતવણી બાદ ઈઝરાયલનું વલણ બદલાયું....

અમેરિકન રાષ્ટ્રપતિ જો બાઈડેનની ચેતવણી બાદ ઈઝરાયલનું વલણ ઠંડુ પડી ગયું છે. ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુના કાર્યાલયે શુક્રવારે જણાવ્યું હતું કે ગાઝામાં પેલેસ્ટિનિયન નાગરિકોને માનવતાવાદી સહાય પહોંચાડવાની દિશામાં પગલાં લેવામાં આવી રહ્યાં છે.

---

## ન્યૂઝ બ્રિફ

### અમૂલનો સંદેશો દૂધની થેલી પર ચુનાવ કા પર્વ: 'દેશ કા ગર્વ'




લોકસભાની ચૂંટણીમાં મહત્તમ મતદાન થાય અને ગત વિધાનસભા અને લોકસભાની ચૂંટણીમાં થયેલ મતદાન કરતાં વધુ મતદાન થાય તેવા લક્ષ્ય સાથે ગાંધીનગર જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા અનેક સ્તરે કાર્યક્રમો કરવામાં આવે છે, ત્યારે જિલ્લા ચૂંટણી તંત્ર અને અમૂલના સંયુક્ત ઉપક્રમે દૂધની થેલી પર ચુનાવ કા પર્વ દેશ કા ગર્વ ' સ્લોગન સાથે મતદાન જાગૃતિ કરવામાં આવી છે.

### પ.બંગાળમાં ED બાદ હવે NIAની ટીમ પર હુમલો

પ.બંગાળમાં સંદેશખાલીમાં ઈડીની ટીમને નિશાન



બનાવાયા બાદ હવે પૂર્વ મેદિનીપુરમાં ભૂપતિનગર ખાતે કેન્દ્રીય તપાસ એજન્સી એનઆઈએની ટીમ પર જોરદાર હુમલો કરાયાના અહેવાલ સામે આવ્યા છે. કલકત્તા હાઈકોર્ટના આદેશ અનુસાર એનઆઈએની ટીમ શનિવારે તપાસ માટે અહીં પહોંચી હતી. ત્યારે જ તપાસકારોની ટીમના કાફલાની કાર સાથે તોડફોડ કરાયાનો આરોપ લાગ્યો છે. એનઆઈએએ દાવો કર્યો છે કે બે વ્યક્તિને પૂછપરછ માટે લઈ જતી વખતે જ તેમની ટીમ પર હુમલો કરી દેવામાં આવ્યો હતો. એનઆઈએની ટીમ વિસ્તારમાં થયેલા વિસ્ફોટની તપાસ માટે ભૂપતિનગર પહોંચ્યા હતા.

### મ. પ્ર : કોંગ્રેસના વધુ એક નેતા ભાજપમાં જોડાયા

લોકસભા ચૂંટણી પહેલા મધ્યપ્રદેશમાં કોંગ્રેસને



ફરી મોટો ઝટકો લાગ્યો છે. અજય સક્સેના બાદ હવે તેમના પિતા અને કોંગ્રેસના નેતા દીપક સક્સેના પણ ભાજપમાં જોડાઈ ગયા છે. મુખ્યમંત્રી ડો.મોહન યાદવે તેમને ભાજપનું સભ્યપદ અપાવ્યું. દીપક સક્સેનાને કમલનાથના ગઢ છિંદવાડાથી કોંગ્રેસનો મોટો ચહેરો માનવામાં આવતો હતો. પુત્ર અજય સક્સેના થોડા સમય પહેલા જ ભાજપમાં જોડાયા હતા.નોંધનીય છે કે ભાજપ કમલનાથના ગઢને જીતવા માટે સંપૂર્ણ તૈયારી કરી રહ્યો છે.

---

## દિલ્હીની વિવિધ હોસ્પિટલોમાંથી બાળકો ચોરવાનું કૌભાંડ ઝડપાયું

■ સીબીઆઈએ 7-8 બાળકોને પરત મેળવ્યાં

ગુજરાત | વંદન

દિલ્હીના ઘણા વિસ્તારોમાં CBIએ દરોડા પાડ્યા છે. CBI સૂત્રો અને મીડિયા અહેવાલોનું માનીએ તો આ દરોડા બાળ તસ્કરી કેસમાં પાડવામાં આવ્યા છે. વિગતો મુજબ દરોડા દરમિયાન દિલ્હી-એનસીઆરના અલગ-અલગ વિસ્તારોમાંથી 7-8 બાળકોને છોડાવવામાં આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં નવજાત બાળકોના ખરીદ-વેચાણનો મામલો હોવાનું જણાય છે.

હાલમાં CBIની ટીમે આ કેસમાં કેટલાક લોકોની ધરપકડ કરી છે. ધરપકડ કરાયેલા લોકોમાં હોસ્પિટલના વોર્ડ બોય સહિત કેટલીક મહિલાઓ અને પુરુષોનો સમાવેશ થાય છે. તપાસ એજન્સી આ તમામ લોકોની પૂછપરછ કરી રહી છે. હાલમાં CBIની ટીમ બાળકો વેચનાર મહિલા અને તેને ખરીદનાર વ્યક્તિની પૂછપરછ કરી રહી છે. આ કેસમાં CBIએ એક મહિલા સહિત કેટલાક લોકોની




અટકાયત કરી છે જેમની પૂછપરછ ચાલી રહી છે.

નોંધનીય છે કે, CBIએ દિલ્હીના અલગ-અલગ વિસ્તારોમાં આ દરોડા પાડ્યા હતા. દરોડા દરમિયાન CBIએ દિલ્હીના કેશવપુરમમાં એક ઘરમાંથી બે નવજાત શિશુઓને બચાવ્યા હતા. મળતી માહિતી મુજબ તાજેતરમાં જ દિલ્હીની હોસ્પિટલોમાંથી બાળકોના ગુમ થવાના સમાચાર આવ્યા હતા. આ પછી CBIને બાળકોની ખરીદી અને વેચાણની માહિતી મળી. જેને ધ્યાનમાં રાખીને આ દરોડો પાડવામાં આવ્યો છે.

## એનસીઈઆરટીએ ધોરણ 12ના ઈતિહાસના પુસ્તકમાં ફેરફારો કર્યા

ગુજરાત | વંદન

નેશનલ કાઉન્સિલ ફોર એજ્યુકેશન રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (એનસીઈઆરટી) દ્વારા વર્ગ 12 ના વિદ્યાર્થીઓ માટે હડપ્પન સંસ્કૃતિની ઉત્પત્તિ અને પતન અંગેના ઈતિહાસના પ્રકરણમાં આ કેટલાક નોંધપાત્ર ફેરફારો છે. આ ફેરફારો શૈક્ષણિક વર્ષ 2024-25 માટે એનસીઈઆરટી દ્વારા હાથ ધરવામાં આવેલા ઈતિહાસના પાઠ્યપુસ્તકોના પુનરાવર્તન અને અપડેટનો એક ભાગ છે, જે તાજેતરમાં સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશનને જાણ કરવામાં આવી હતી. એનસીઈઆરટી , જે શાળા શિક્ષણ પર કેન્દ્ર સરકારને સલાહ આપે છે, તે સર્વોચ્ચ સંસ્થા છે જે વાર્ષિક ચાર કરોડથી વધુ વિદ્યાર્થીઓ દ્વારા ઉપયોગમાં લેવાતા શાળાના પાઠ્યપુસ્તકોનો મુસદ્દો તૈયાર કરવાનું કામ કરે છે.

## કાશ્મીરથી કેલિફોર્નિયાથી સુધી ધરા ધ્રૂજી, અલગ-અલગ સમયે 7 વાર ભૂકંપ

■ છેલ્લા 12 કલાકમાં અનેક સ્થળે ભૂકંપના આંચકાનોંધાયા,કોઈ જાનહાનિ નહી

ગુજરાત | વંદન

વિશ્વના અનેક દેશોમાં એક પછી એક ભૂકંપના આંચકા અનુભવાયા હતા. સતત ભૂકંપના આંચકાઓને કારણે લોકોમાં ગભરાટનો માહોલ છે. ગયા ગુરુવાર અને શુક્રવારે ભારતમાં ઘણી જગ્યાએ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ઉત્તરી કેલિફોર્નિયામાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. અહીં 4.4ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. ખાસ વાત એ છે કે આ ભૂકંપ એક કે બે વાર નહીં પરંતુ અલગ-અલગ સમયે 7 વાર ભૂકંપ આવ્યો હતો. એક પછી એક આવતા ભૂકંપના કારણે લોકો ખૂબ જ ડરી ગયા છે. પોતાનો જીવ બચાવવા લોકો ઘરની બહાર નીકળીને સુરક્ષિત સ્થળોએ જતા રહ્યા છે. જોકે, અહીં પણ કોઈ જાન-માલનું નુકસાન થયું નથી.શુક્રવારે મ્યાનમારમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર 5.8 હતી.

શુક્રવાર, 5 એપ્રિલે જમ્મુ-કાશ્મીરના કિશ્તવાડમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. નેશનલ સિસ્મોલોજી સેન્ટર અનુસાર, રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા 3.2 માપવામાં આવી છે. જણાવવામાં આવી રહ્યું છે કે આ ભૂકંપ રાત્રે લગભગ 11 વાગે આવ્યો હતો. મોડી રાત્રે આવેલા ભૂકંપના કારણે કિશ્તવાડમાં ખળભળાટ મચી ગયો હતો. રાત્રે જ લોકો ઘરની બહાર નીકળી ગયા હતા.આ સિવાય રાજસ્થાનમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. અહીં પાલીમાં બપોરે લગભગ 1.29 વાગ્યે ભૂકંપ આવ્યો હતો. તેની તીવ્રતા 3.7 આસપાસ માપવામાં આવી છે. મોડી રાત્રે અચાનક ધરતી ધ્રુજારીને કારણે લોકોની ઊંઘ ઉડી ગઈ હતી. લોકો ભયના કારણે ઘરની બહાર નીકળી ગયા હતા. જો કે, અહીં પણ કોઈ પ્રકારના નુકસાનના સમાચાર નથી. આ સિવાય ગુરુવારે રાત્રે હિમાચલમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા.

ન્યૂયોર્ક સિટી અને નોર્ધન ન્યૂ જર્સીની આસપાસ ભૂકંપના આંચકા અનુભવાયા છે. મળતી માહિતી મુજબ ન્યુ જર્સીમાં ભૂકંપની તીવ્રતા 4.0 હતી. અહીંના અનેક વિસ્તારોમાં ભૂકંપના કારણે ધરતી ધ્રૂજી ઉઠી હતી. લોકો પોતાનો જીવ બચાવવા ઘરની બહાર આવી ગયા હતા. જો કે ભૂકંપના કારણે કોઈ જાનહાની કે ઈજા થઈ નથી.


---

## અમેરિકામાં વધુ એક ભારતીય વિદ્યાર્થીના મોતથી સનસનાટી

■ ભારતીય મૂળના લોકોના મૃત્યુનો આ સતત 10મો કિસ્સો

ગુજરાત | વંદન

અમેરિકામાં એક પછી એક ભારતીય વિદ્યાર્થીઓ કે ભારતીય મૂળના લોકોનો મોતનો સિલસિલો થંભી રહ્યો નથી. આ દરમિયાન અમેરિકાથી વધુ એક આંચકાજનક અહેવાલ સામે આવ્યા છે. અહીં વધુ એક ભારતીય વિદ્યાર્થીનું મૃત્યુ થતાં ખળભળાટ મચી ગયો છે. અમેરિકાના ઓહિયો શહેરમાં આ ઘટના બની હતી. આ મામલે ન્યુયોર્કમાં



સંચાલિત ભારતીય વાણિજ્ય દૂતાવાસે કહ્યું હતું કે તપાસ ચાલી રહી છે, મૃત્યુનું કારણ હજી સુધી સામે આવ્યું નથી. ઉલ્લેખનીય છે કે અમેરિકામાં ભારતીય મૂળના લોકોના મૃત્યુનો આ સતત 10મો કિસ્સો છે.

## વકીલોની હરકતો પર ચીફ જસ્ટિસ ચંદ્રચુડ નારાજ

■ શતાબ્દી વર્ષની ઉજવણી દરમ્યાન લાગણી વ્યક્ત કરી

ગુજરાત | વંદન

સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડે વકીલોની હરકત પર ટિપ્પણી કરતા તેને ચિંતાજનક ગણાવ્યું છે. સીજેઆઈ એ કહ્યું કે, ન્યાયતંત્રના ખભા ટીકા તેમજ વખાણ પણ સ્વીકારી શકે છે, પરંતુ વકીલો દ્વારા પેન્ડિંગ કેસો અથવા નિર્ણયો પર ટિપ્પણી કરવી ખૂબ જ ચિંતાજનક છે. સીજેઆઈ ચંદ્રચુડે કહ્યું કે, બારના અધિકારીઓ અને સભ્યોએ ન્યાયિક નિર્ણયો પર પ્રતિક્રિયા આપતાં એ ન ભૂલવું જોઈએ કે તેઓ કોર્ટના અધિકારી છે અને સામાન્ય લોકો નથી.

સીજેઆઈ નાગપુર હાઈકોર્ટ બાર એસોસિએશનના શતાબ્દી



વર્ષની ઉજવણીને સંબોધિત કરી રહ્યા હતા. તેમણે કહ્યું કે, ન્યાયિક સ્વતંત્રતા, બંધારણીય મૂલ્યો અને કોર્ટની પ્રતિષ્ઠાને બચાવવા માટે બાર એક સંસ્થા તરીકે જરૂરી છે. તેમણે કહ્યું, ન્યાયતંત્ર તેની સ્વતંત્રતા અને બિન-પક્ષપક્ષતા, કારોબારી અને નિહિત રાજકીય હિતોથી સત્તાને અલગ કરવા માટે વારંવાર આગળ આવે છે. આપણે એ ન ભૂલવું જોઈએ કે ન્યાયતંત્રની સ્વતંત્રતા અને બારની સ્વતંત્રતા વચ્ચે ઊંડો સંબંધ છે. ન્યાયતંત્રની સ્વતંત્રતા, બંધારણીય મૂલ્યો અને કોર્ટની ગરિમા જાળવવા માટે સંસ્થા તરીકે બારની સ્વતંત્રતા જરૂરી છે.

---

### વાંકી નજરે...

સૌજન્યથી...




## અજબ ગજબ : હવે ચીનમાં મૃતકોને એઆઈથી જીવીત કરવાનો નવો ટ્રેન્ડ

■ ફક્ત રૂ. 250માં તૈયાર કરે છે ડિજિટલ અવતાર

ગુજરાત | વંદન

ચીનમાં મૃત્યુ પામેલા લોકોને જીવતા કરવાનો ટ્રેન્ડ શરૂ થયો છે. લોકો તેમના મૃત સ્વજનોને જીવતા કરીને તેમની સાથે વાતો કરી રહ્યાં છે. તેમની કબર પર જઈને સેલિબ્રેટ કરી રહ્યા છે. એવું શક્ય બન્યું છે એઆઈની મદદથી. એઆઈ ટૂલ મૃત વ્યક્તિને જીવતી કરીને પરિવારજનો સાથે વાતચીત કરાવે છે. આ પ્રકારનો નવો ટ્રેન્ડ ચર્ચાસ્પદ બન્યો છે. ઘણાં લોકો તેને અયોગ્ય ગણીને ટીકા કરે છે, તો ઘણાં એના સમર્થનમાં ઉતર્યા છે.

ચીનમાં અત્યારે પરંપરાગત તહેવાર ટોંબ-સ્વીપિંગ ઉજવાઈ રહ્યો છે. આ સમયગાળા દરમિયાન પરિવારજનો તેમના મૃત સ્વજનોની કબર સ્વચ્છ કરે છે. શણગાર કરે છે, સમારકામ કરે છે



અને તેમની સાથે વીતાવેલા સમયને યાદ કરે છે. આ તહેવાર તો સેંકડો વર્ષોથી ઉજવાતો આવ્યો છે, પરંતુ આ વર્ષે એ ખાસ એટલા માટે બન્યો છે કે મૃત સ્વજનોને જીવતા કરીને લોકો તેમની સાથે વાતચીત કરી રહ્યા છે.ચીનમાં વર્ચ્યુઅલ હ્યુમન માત્ર ૨૫૦ રૂપિયામાં પણ બની શકે છે. પછી જેમ જેમ ડિજિટલ અવતાર બહેતર બનાવવો હોય તેમ ફંડ વધતું જાય છે. ૨૦ યુઆન એટલે અંદાજે ૨૫૦ રૂપિયામાં મૃત વ્યક્તિ જીવંત થઈ શકતી હોવાથી લોકોમાં તેમના ડિજિટલ અવતાર ક્રિએટ કરવાનો ક્રેઝ જામ્યો છે.

૨૦મી સદીમાં કમ્પ્યુટર ગ્રાફિકના પાયોનિયર વિલિયમ ફિધરે ગ્રાફિક એનિમેશનથી પહેલી વખત ડિજિટલ માનવની આકૃતિ બનાવી હતી. ૮૦ના દશકામાં સાયન્સ ફિક્શન ફિલ્મો માટે આવા ગ્રાફિકલ આભાસી માનવો સર્જાવાનું શરૂ થયું.

તેને સાયબરમેન, કોમ્બિમેન, હ્યુમન મોડલ સહિતના અલગ અલગ નામ મળ્યાં. ૧૯૯૭માં અમેરિકન કમ્પ્યુટર એનિમેટેડ શોર્ટ ફિલ્મ ગેરીસ ગેમને ઓસ્કર એવોર્ડ મળ્યો તે પછી એનિમેટેડ ફિલ્મ મેકિંગને ઉત્તેજન મળ્યું ને સાથે સાથે આભાસી માનવોના સર્જનનો દૌર શરૂ થયો.

૨૦૨૧માં વર્ચ્યુઅલ હ્યુમનનું વૈશ્વિક માર્કેટ ૧૧.૩૪ અબજ ડોલર હતું. ૨૦૨૪ની શરૂઆતમાં એ માર્કેટ વધીને ૧૫-૧૭ અબજ ડોલરને પાર પહોંચી ગયું છે. અંદાજ એવો છે કે ૨૦૩૦ સુધીમાં આભાસી માનવોની ડિમાન્ડ એટલી વધી જશે કે એનું ગ્લોબલ માર્કેટ ૪૪૦ અબજ ડોલર જેટલું મોટું થઈ જાય તોય નવાઈ પામવા જેવું નહીં હોય.

## વિશ્વમાં સૌથી વધુ ક્રાઈમરેટ ધરાવતા શહેરોમાં ગુજરાતના 3નો સમાવેશ

■ સુરત 238, અમદાવાદ 248 અને વડોદરા 256 ક્રમાંકે

ગુજરાત | વંદન




વિશ્વભરમાં બનતી ક્રાઈમ ઘટનાઓનો ડેટાબેઝ તૈયાર કરતી દિગ્ગજ સંસ્થા નુમ્બેઓએ સૌથી વધુ ક્રાઈમરેટ ધરાવતા 333 શહેરોની યાદી જાહેર કરી છે. તેમાં સૌથી પહેલા ક્રમે દક્ષિણ અમેરિકી દેશ વેનેઝુએલાનું કરાકસ શહેર છે, જ્યાં સૌથી વધુ ક્રાઈમની ઘટનાઓ બને છે, જ્યારે આ યાદીમાં ભારતના 15 શહેરો પણ સામેલ છે.

નુમ્બેઓની ક્રાઈમરેટની રેન્કિંગ મુજબ કરાકસ બાદ બીજા ક્રમે દક્ષિણ આફ્રિકાની રાજધાની પ્રિટોરિયાનો સમાવેશ થાય છે. જ્યારે ટોપ-20 ક્રિમિનલ ક્રાઈમરેટ ધરાવતા શહેરોમાં સાઉથ આફ્રિકાના પાંચ શહેર, અમેરિકાના અને બ્રાઝિલના ચાર-ચાર, પપુઆ ન્યુ ગીની, હોન્ડુરસ, ટ્રિનિદાદ અને ટોબેગો, અર્જેન્ટીના, ઈક્વાડોર, મેક્સિકોના 1-1 શહેરનો સમાવેશ થાય છે.

યાદીમાં ભારતના 15 શહેરોના નામ પણ સામેલ છે. આમાં દિલ્હી 70માં ક્રમાંકે, નોઈડા 87, ગુડગાંવ 95, બેંગ્લોર 102, ઈન્દોર 136, કોલકાતા 159, મુંબઈ 169, હૈદરાબાદ 174, ચંડીગઢ 177, પુણે 184, ચેન્નાઈ 204, નવી મુંબઈ 224, સુરત 238, અમદાવાદ 248 અને વડોદરા 256 ક્રમાંકે છે.રિપોર્ટ મુજબ વર્ષ 2023ના છેલ્લા ચાર મહિનામાં 7700 હત્યા થઈ હતી. તેમાં જાતિ આધારીત હિંસાનો પણ ખુલાસો થયો છે. ઉશ્કેરણી અને ગેરસમજના કારણે 7340 હત્યાઓમાંથી 1116 હત્યાઓ થઈ છે. જ્યારે મોબ લિન્ચિંગના કારણે 431 હત્યાઓ થઈ છે.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# ગાંધીનગરમાં વાહન ચેકીંગ હાથ ધરાયું

## ■ 'ફરિયાદ નિવારણ સમિતિ'ની રચના કરાઈ

ગુજરાત | વંદન

ગાંધીનગર જિલ્લામાં લોકસભા સામાન્ય ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન કરાવવા માટે જિલ્લા ચૂંટણી અધિકારી મેહુલ દવેના માર્ગદર્શન હેઠળ સુચારું આયોજન કરવામાં આવ્યું છે. લોકસભા સામાન્ય ચૂંટણી અંતર્ગત આદર્શ આચારસંહિતાની અમલવારી માટે વિવિધ ટીમ કાર્યવન્ત કરવામાં આવી છે. કોઈપણ રોકડ અને કિંમતી વસ્તુઓ જપ્ત થાય છે તેના સુગમ ઉકેલ માટે જિલ્લામાં ' ફરિયાદ નિવારણ સમિતિ'ની રચના કરવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લામાં રોકડ રકમ તેમજ કિંમતી વસ્તુઓની એફઆઈઆર કે ફરિયાદ વિના જપ્ત કરવામાં આવે તો તે અંગેની ફરિયાદ પણ નાગરિકો કરી શકશે. લોકસભા સામાન્ય ચૂંટણી દરમિયાન આદર્શ આચારસંહિતાની અમલવારી માટે જિલ્લામાં એફ.એસ.ટી અને એસ.એસ.ટી અને પોલીસ ટીમ સક્રિય કરવામાં આવી છે. સમગ્ર લોકસભા ચૂંટણી પ્રક્રિયા ન્યાયિક, શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભા મતદાર વિભાગના ચોક્કસ પોઈન્ટ ઉપર વાહન ચેકિંગ કરવામાં આવે છે.

આ ચેકિંગ દરમિયાન કયારેક કોઈપણ વાહન ચાલક કે વ્યક્તિ પાસેથી રોકડ અને કિંમતી વસ્તુઓ



મળી આવે છે. જેને ટીમ દ્વારા જપ્ત કરવામાં આવે છે. આ જપ્ત થયેલ રોકડ કે કિંમતી વસ્તુઓની એફ.આઈ.આર કે ફરિયાદ વિના જપ્ત કરવામાં આવી હોય તો તે સમયે સાચી વ્યક્તિઓ કે જનતાની અસુવિધા ટાળવા માટે અને આ અંગેની કોઈપણ ફરિયાદ હોય તો તેના નિવારણ માટે ગાંધીનગર જિલ્લા ચૂંટણી અધિકારી મેહુલ દવેના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર જિલ્લામાં 'ફરિયાદ નિવારણ સમિતિ' ની રચના કરવામાં આવી છે.

આ સમિતિના કન્વીનર તરીકે ખર્ચ નોડલ અધિકારી અને જિલ્લા વિકાસ અધિકારી એસ.કે. મોદીની નિમણુંક કરવામાં આવી છે. જે અન્વયે વાહન ચેકીંગ દરમ્યાન કોઈપણ રકમ કે કિંમતી ચીજ વસ્તુઓની જપ્તી વિના એફઆઈઆર તેમજ ફરિયાદ વિના કરવામાં આવશે તો તેના નિવારણ માટે નાગરિકો સીધી ફરીયાદ સમિતિને સીધી જ કરી શકશે. આ પ્રકારની કોઈપણ વ્યક્તિ પોતાની ફરિયાદ નાયબ જિલ્લા વિકાસ અધિકારી અને સહ કન્વીનર સુદિપ ડી. શાહને મોબાઈલ નંબર - 7778881269 પર કરી શકશે તેમ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા જણાવાયું છે.

# સિવિલના દર્દીઓને લેબોરેટરીનો રિપોર્ટ મોબાઈલમાં મળશે

## ■ ગાંધીનગર સિવિલમાં લેબ ઈન્ટ્રીગ્રેટેડ સિસ્ટમ શરૂ કરાશે

ગુજરાત | વંદન




ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં લેબોરેટરીનો રિપોર્ટ દર્દી તેમજ તબિબને ઝડપી મળી જાય તે માટે લેબ ઈન્ટ્રીગ્રેટેડ સિસ્ટમ શરૂ કરવામાં આવશે. તેમાં માઈક્રોબાયોલોજી, પેથોલોજી અને બાયોકેમેસ્ટ્રી લેબોરેટરીનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેના માટે કોમ્પ્યુટર, પ્રિન્ટર, સ્કેનર સહિતની ખરીદી કર્યા બાદ ઓપીડી અને ઈન્ડોરના તમામ વિભાગોને તેમાં સામેલ કરીને આ સિસ્ટમ શરૂ કરાશે. જેના માટે સોફ્ટવેર સિસ્ટમ અપગ્રેડ કરવાની કામગીરી આગામી સમયમાં પૂર્ણ કરાશે.

ગુજરાત મેડિકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં અદ્યતન સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે. ઉપરાંત નાના મોટા અનેક ઓપરેશન દરેક વિભાગના કરવામાં આવી રહ્યા છે. ત્યારે ઓપીડી અને ઈન્ડોર સારવાર લેતા દર્દીઓનો લેબોરેટરી રિપોર્ટ સમયસર નહી મળવાથી સારવાર અને નિદાનમાં સમય જતો હતો. ત્યારે સિવિલ હોસ્પિટલમાં ઈન્ડોર અને ઓપીડી સારવાર તેમજ નિદાન માટે આવતા દર્દીઓનો રિપોર્ટ તેમને ગણતરીના સમયમાં તેમના અને તબિબના મોબાઈલમાં આવી જશે.

જેને પરિણામે રિપોર્ટના આધારે તબિબો ઝડપથી સારવાર અને નિદાનની કામગીરી શરૂ કરવા માટે લેબ ઈન્ટ્રીગ્રેટેડ સિસ્ટમ શરૂ કરવામાં આવશે. આ સિસ્ટમમાં ઓપીડી અને ઈન્ડોરના તમામ વિભાગોનો સમાવેશ કરીને લીંક કરવામાં આવશે. જેને પરિણામે દર્દીઓને રિપોર્ટ માટે એક જગ્યાથી બીજી જગ્યા સુધી ફરવામાંથી છુટકારો મળશે. લેબ ઈન્ટીગ્રેટડ સિસ્ટમ શરૂ કરવા માટે રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા રૂપિયા 40 લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે.લેબ ઈન્ટીગ્રેટેડ સિસ્ટમ આગામી સમયમાં શરૂ કરાશે. જેના માટે હાલમાં કોમ્પ્યુટર, પ્રિન્ટર, સ્કેનર સહિતની સુવિધાઓ ઉભી કરીને તેમાં લેબ ઈન્ટ્રીગ્રેટેડ સિસ્ટમનું સોફ્ટવેર અપલોડ કરીને કામગીરી શરૂ કરાશે. જોકે હાલમાં હાર્ડવેરની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે. જ્યારે સોફ્ટવેરની કામગીરી આગામી સમયમાં પૂર્ણ કરી દેવામાં આવશે તેમ સિવિલ હોસ્પિટલના અધિક્ષક ડો.નિયતી લાખાણીએ જણાવ્યું છે.

દર્દીઓની બિમારીના આધારે તબિબો રિપોર્ટ કરાવવામાં આવશે. તેમાં દર્દીને કેવા પ્રકારનો રિપોર્ટ કરાવ્યો છે તેના આધારે લેબોરેટરી રિપોર્ટ એક કલાકથી ચાર કલાકની અંદર ઓનલાઈન મળી જશે. જેનાથી અડધાથી એક કલાક જેટલા સમયની બચત થશે. લેબ ઈન્ટ્રીગ્રેટેડ સિસ્ટમમાં માઈક્રોબાયોલોજી, પેથોલોજી અને બાયોકેમેસ્ટ્રી લેબોરેટરીને સામેલ કરવામાં આવી હોવાનું સિવિલ હોસ્પિટલના અધિક્ષકે જણાવ્યું છે.

# 560 આવાસ બનીને તૈયાર છત્તા ફાળવણી નહીં કરતાં નારાજગી

## ■ બે મહિનાથી સેક્ટર 6 અને 29માં આવાસ બનીને તૈયાર પડી રહ્યાં છે



ગુજરાત | વંદન

સરકારી આવાસ મેળવવા માટે 5500થી વધુ કર્મચારીઓ વેઈટીંગમાં બેઠાં છે, ત્યારે અંદાજીત 2 માસ કરતાં વધુ સમયથી બની ચૂકેલા 560 જેટલાં આવાસોની ફાળવણી અટકી પડેલી હોવાના કારણે કર્મચારીઓમાં રોષ જોવાં મળ્યો છે. સેક્ટર 6 અને 29માં બનાવવામાં આવેલાં છ અને સી ટાઈપના કુલ 560 જેટલાં આવાસોનું નિર્માણ થઈ ગયાં બાદ પણ કેમ ફાળવણી કરવામાં નથી આવતી આ મુદ્દો કર્મચારીઓમાં પણ લાંબા સમયથી ચર્ચાનો વિષય બન્યો છે.

અગાઉ ફેબ્રુઆરીના અંત સુધીમાં આવાસની ફાળવણી કરી દેવા માટે તંત્રે તૈયારી બતાવેલી, પરંતુ વહીવટી કારણોસર ફાળવણી અચકી પડી હતી. એપ્રિલના 2જા સપ્તાહ સુધીમાં ફાળવણી કરવાનું તંત્રે આયોજન કર્યું છે. જોવું રહ્યું કે ખાલી પડેલાં આવાસોની ફાળવણી કરી દેવાશે કે, અગાઉની જેમ જ ફરી એક વખત તંત્ર ખો અપાશે. ગાંધીનગરમાં ભયજનક આવાસો અને વેઈટીંગમાં રહેલાં કર્મચારીઓ આ બંન્ને મુદ્દા ઉકળતાં ચરૂ જેવાં સાબિત થયાં છે.


સરકારી કર્મચારીઓને આવાસ ફાળવવા માટે તંત્ર ભયજનક આવાસોને જમીનદોસ્ત કરીને નવા આવાસો બાંધી રહ્યું છે. પરંતુ આવાસ નિર્માણ કર્યાં પછી પણ ફાળવણીમાં તંત્રની ઢીલાશ હોવાથી કર્મચારીઓને તો આવાસ વગર જ રહેવાનો વારો આવે છે.આ કારણોસર કર્મચારીઓ પણ રોષે ભરાયેલાં છે. 560 જેટલાં આવાસની ફાળવણી કરવામાં આવે તો વેઈટીંગના કિસ્સામાં ઘટાડો થઈ શકે છે, આ ઉપરાંત નવા આવાસો ન ફાળવવાને કારણે ભયજનક આવાસોમાં રહેતાં કર્મચારીઓ દ્વારા જૂના આવાસો ખાલી કરવામાં નથી આવતાં, જેથી કરીને આવાસો ખાલી કરાવવા સહિત તોડીને નવા બનાવવાની કામગીરીને પણ અસર પહોંચતી જોવાં મળે છે. વર્તમાન સ્થિતિએ તંત્રે એપ્રિલ 2 જા સપ્તાહ સુધીમાં ફાળવણી કરી લેવાનું આયોજન કર્યું છે.હાલમાં તંત્ર દ્વારા તમામ સરકારી આવાસોનો સ્ટ્રક્ચરલ સરવે હાથ ધરવામાં આવ્યો છે.

જેને લઈને આગામી દિવસોમાં ભયજનક આવાસોની સંખ્યામાં પણ વધારો નોંધાવાની શક્યતાં છે. આ કિસ્સામાં તૈયાર કરી દેવાયેલાં નવા આવાસોની ફાળવણી સત્વરે કરવામાં ન આવે તો, વેઈટીંગનો આંકડો હજુ પણ વધવાની સંભાવના રહેશે. ઉપરાંત નવા આવાસોની ફાળવણી વેકેશનના સમયમાં કરી દેવામાં આવે તો કર્મચારીઓને સ્થળાંતરણ કરવામાં સરળતાં રહેશે.

# ચૂંટણી તંત્ર દ્વારા 9700થી વધુ બેનર-હોર્ડિંગ્સ દૂર કરાયા

## ■ જે-તે પક્ષના દોરવામાં આવેલા ભીંતચિત્રો પણ કૂચડો ફેરવાયો..

ગુજરાત | વંદન



લોકસભાની ચૂંટણીને લઈને આગામી 7 મેના રોજ ગુજરાતની 26 બેઠકો પર મતદાન યોજાશે. નિષ્પક્ષ રીતે ચૂંટણીનું આયોજન કરી શકાય તે માટે ચૂંટણીની જાહેરાત થાય તે સમયથી જ દેશભરમાં આદર્શ આચારસંહિતા લાગુ કરવામાં આવે છે. જેથી કરીને દરેક લોકસભા દિઠ ચૂંટણીતંત્ર દ્વારા આચારસંહિતાના પાલન અર્થે પગલાં ભરવામાં આવ્યાં છે. ગાંધીનગર લોકસભામાં પણ ચૂંટણી તંત્ર દ્વારા ગત 16 માર્ચથી જ વિવિધ રાજકીય પક્ષોના બેનર અને હોર્ડિંગ સહિત ભીંતચિત્રો દૂર કરવાની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરી હતી. જિલ્લાની 5 વિધાનસભાદીઠ ચૂંટણીતંત્ર દ્વારા અંદાજીત 9700થી વધારે બેનર અને હોર્ડિંગ વગેરે દૂર કરાયાં છે. વિવિધ સ્થળે જે-તે પક્ષના દોરવામાં આવેલાં ભીંતચિત્રો પર તંત્રે રંગરોગાન કરીને ભૂસી નાખ્યાં હતાં. જિલ્લાની જાહેર મિલકતો પર લગાવેલાં અંદાજીત 7059 અને ખાનગી મિલકતોના 2645 મળીને કુલ 9704 જેટલાં હોર્ડિંગ્સ અને બેનર દૂર કર્યાં છે.

# ગાંધીનગર મનપાને હવે પેપરલેસ બનવવાની પહેલ

## ■ તમામ ચૂકવણાં વેબસાઈટ પર જઈને ભરી શકાશે

ગુજરાત | વંદન




ગાંધીનગર મહા નગરપાલિકાની ડીજિટલ બનવા તરફની પહેલનાં ભાગરૂપે મિલકતવેરાને લગતી તમામ સેવા કેશલેસ, પેપરલેસ, ફેસલેશ પણ કરી દેવામાં આવી છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ કરદારાઓ ઓનલાઈન માધ્યમથી ગાંધીનગર મહાનગરપાલિકાની વેબસાઈટ gandhinagarmunicipal.com પર જઈને મિલકતવેરો ભરી શકશે. ઓનલાઈન મિલકતવેરો ભરવા માટેની ગાઈડલાઈન વેબસાઈટ પર મૂકવામાં આવેલ છે.

રહેણાંક તથા બિન-રહેણાંક કરદાતાઓ પૈકી જે કરદાતાઓ દ્વારા સને 2013-24 સુધીનો સંપૂર્ણ ટેક્ષ/સેસ/વેરા/વ્યાજ વગેરે ભરેલ હોય અને માંગણું શૂન્ય કરાવેલ હોય તેઓ વર્ષ 2024-25 નો મિલકતવેરો એડવાન્સમાં તા.31/5/2025 સુધી ભરી શકે છે. મિલકતવેરાના બીલો તા.15/4/2025થી ગાંધીનગર મહાનગરપાલિકાની વેબસાઈટ પરથી મેળવી શકાશે તેમજ કરદાતાઓને મિલકતવેરા માંગણા બીલ Indian Post દ્વારા પણ તેમના સરનામે મોકલી આપવામાં આવશે. જેને કરદાતાઓ ટ્રેક કરી શકાશે.

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા મિલકતવેરો ઓનલાઈન તથા ઓફલાઈન બંને રીતે સ્વીકારવામાં આવશે. ઓનલાઈન મિલકતવેરો ગાંધીનગર મહાનગરપાલિકાની વેબસાઈટ પર જઈને ભરી શકાશે જેમાં ડેબિટ/ક્રેડિટ કાર્ડ, U.P.I, નેટ બેન્કિંગના વિકલ્પ આપવામાં આવેલ છે તેમજ ઓફલાઈન મિલકતવેરો રોકડ સ્વરૂપે સવારે 9 થી બપોરે 3 કલાક સુધી તથા ચેક દ્વારા સવારે 9 થી સાંજે 5 કલાક સુધી ગાંધીનગર મહાનગરપાલિકાની ઉત્તર ઝોનની કચેરી પેથાપુર ખાતે, મધ્ય ઝોનની કચેરી એમ.એસ.બિલ્ડીંગ, ગ્રાઉન્ડ ફ્લોર, સેકટર-11 ખાતે તેમજ નવા સમાવિષ્ટ વિસ્તારમાં આવેલ જે તે ગામની જૂની પંચાયત કચેરી ખાતે પણ સ્વીકારવામાં આવશે. વધુમાં કરદાતાઓને બીલ ભરવા આવે ત્યારે જૂનું બીલ કે નાણાં ભર્યાની પાવતી સાથે લાવવા મનપા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# ગાંધીનગર મનપાને મિલકત વેરા પેટે 63 કરોડની આવક થઈ




## ■ ગત વર્ષની સરખામણીએ 10.31 કરોડ જેટલી વધારે વસૂલાત કરી

ગુજરાત | વંદન

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા નાણાંકીય વર્ષ 2023-24 દરમિયાન મિલકતવેરા પેટે કુલ 80.43 કરોડના માંગણા સામે 63.13 કરોડની વસૂલાત થઇ છે. જે 78.49 ટકા જેટલી થવા જાય છે. જોકે ગત વર્ષ 2022-23ની સરખામણીએ મિલકત વેરાની વસૂલાત 119 ટકા વધારે હોવાનો દાવો મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવ્યો છે. નાણાંકીય વર્ષ 2022-23 દરમિયાન કુલ રૂ.52.83 કરોડની વસૂલાત કરવામાં આવેલ હતી. જેની સામે નાણાંકીય વર્ષ 2023-24 દરમિયાન રૂ.63.13 કરોડની આવક થઇ છે. જે ગત વર્ષની સરખામણીએ 10.31 કરોડ જેટલી વધારે વસૂલાત થવા પામી છે.

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા નાણાંકીય વર્ષ 2023-24 દરમિયાન મિલકતવેરાની આવક ઉત્તર ઝોન ખાતે રૂ.14.32 કરોડ, મધ્ય ઝોન ખાતે રૂ. 15.37 કરોડ તેમજ દક્ષિણ ઝોન ખાતે રૂ.33.43 કરોડની આવક થયેલ છે. વર્ષ દરમિયાન 36204 મિલકતધારકો દ્વારા રૂ. 20.69 કરોડનો વેરો ઓનલાઈન માધ્યમથી જમા કરાવેલ છે. જ્યારે 72407 મિલકતધારકો દ્વારા રોકડ અથવા ચેકથી રૂ. 42.43 કરોડનો મિલકતવેરો જમા કરાવેલ છે. ત્રણેય માધ્યમથી કુલ 1.08 લાખ મિલકતધારકો દ્વારા કુલ રૂ.63.13 કરોડનો મિલકત વેરો ભરપાઇ કરવામાં આવ્યો છે.

# હિટ વેવ : આરોગ્ય વિભાગે ગરમીથી બચવા ORSના પેકેટનું વિતરણ કર્યુ

## ■ ગત સપ્તાહમાં જ સન સ્ટ્રોકના 149 જેટલા કેસ નોંધાયા

ગુજરાત | વંદન



હાલમાં પડી રહેલી ગરમીને પગલે સનસ્ટ્રોકથી કેવી રીતે બચી શકાય તેની જાણકારી રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા આપવામાં આવી રહી છે. ત્યારે સનસ્ટ્રોકથી બચવા માટે બપોરના સમયે બાળકો, સગર્ભા મહિલાઓ, વૃદ્ધો, અશક્ત અને બિમાર વ્યક્તિઓને નહી નિકળવાની જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગે અપીલ કરી છે. જ્યારે મહાનગર પાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા ઓઆરએસના પેકેટનું બસ સ્ટેન્ડ, બજાર સહિતના વિસ્તારોમાં વિતરણ કરીને લોકોને ગરમીથી કેવી રીતે બચી શકાય તેની જાણકારી આપી હતી.

ચાલુ વર્ષે માર્ચ માસમાં જ મે માસ જેવી આકરી ગરમી પડી રહી છે. ત્યારે ગરમીને કારણે સનસ્ટ્રોકના કિસ્સાઓ વધી રહ્યા છે. ઉપરાંત સનસ્ટ્રોકનો ભોગ બાળકો, મહિલાઓ, સગર્ભા મહિલાઓ, વૃદ્ધો અને અશક્ત તથા સગર્ભા મહિલાઓની વિશેષ કાળજી રાખવા પણ માટે તકેદારી રાખવાની પણ રાજ્યના આરોગ્ય વિભાગે લોકોને અપીલ કરી છે. ઉપરાંત સનસ્ટ્રોકથી કેવી રીતે બચી શકાય તેની પણ જાણકારી આપી છે. જોકે ગત સપ્તાહમાં જ સન સ્ટ્રોકના 149 જેટલા કેસ નોંધાતા ઈમરજન્સી સેવા 108 સતત દોડતી રહી હતી. જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગ દ્વારા સન સ્ટ્રોકનો ભોગ બનેલી વ્યક્તિ કેવા પ્રકારની બિમારીનો ભોગ બને તેની જાણકારી આપીને તકેદારી રાખવાની સુચના અપાઈ હતી.

ગરમીમાં શક્ય હોય ત્યાં સુધી બહાર જવાનું ટાળવું, જો બહાર જવાનું થાય તો આખું શરીર અને માથું ઢંકાય તેવા સુતરાઉ કપડાં પહેરાવા, ટોપી, છત્રી અને ચશ્માનો ઉપયોગ કરવો.

સીધા સૂર્યપ્રકાશથી બચવું, બપોરે ઝાડ નીચે ઠંડક અને છાયામાં રહેવું,પુષ્કળ પાણી પીવું, લીબું શરબત, નાળિયેરનું પાણી, ઓ.આર.એસ વગેરે પીવું,બજારનો ખુલ્લો અને વાસી ખોરાક ખાવો નહી, દૂધ કે માવામાંથી બનેલા ખાદ્ય પદાર્થો ખુલ્લા કે વધુ સમય પડેલા હોય તો ખાવા નહી. ભૂખ્યા રહેવું નહી. પરંતુ ચા-કોફી, તમાકુ, સિગરેટ, દારૂના સેવન કરવું નહી. માથાનો દુ:ખાવો કે ચક્કર આવે તો તાત્કાલિક નજીકના દવાખાનામાં નિદાન અને સારવાર લેવી.

# ગાંધીનગર : એક વર્ષમાં વાહનચાલકો પાસેથી રૂ. 96.69 લાખનો દંડ વસૂલ્યો

ગુજરાત | વંદન

ગાંધીનગર શહેરમાં વાહન ચાલકો બેફાર્મ બની હંકારતા હોય છે. તે ઉપરાંત આડેધડ રસ્તા ઉપર પાર્ક કરીને અન્યની જીંદગી જોખમમાં મુકતા હોય છે. ત્યારે ગત ગાંધીનગર જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા ગત 1 એપ્રિલ 23થી 31 માર્ચ 2024 દરમિયાન 19346 વાહન ચાલકો પાસેથી સ્થળ ઉપરથી 9664200 દંડ વસુલ કરવામાં આવ્યો છે. જેમાં સીટ બેલ્ટ, હેલ્મેટ સહિતના નિયમનો ભંગ કરવા બદલ વસુલવામાં આવ્યો છે.ગાંધીનગર સહિત રાજ્યના મોટા શહેરોમાં ટ્રાફિક ભંગ કરનારને ઈ-મેમો મોકલવામાં આવે છે. તે ઉપરાંત ટ્રાફિક પોલીસ શહેરના રસ્તા ઉપર ઉભી રહીને નિયમનો ભંગ કરનાર વાહન ચાલકને સ્થળ ઉપર પાવતી આપી દંડ ફટકારે છે. ત્યારે ગાંધીનગર જિલ્લામાં ગત 1 એપ્રિલ 23થી 31 માર્ચ 2024 દરમિયાન રોડ ઉપર બેફાર્મ બની ટ્રાફિક નિયમનો ભંગ કરવા બદલ 19346 વાહન ચાલકોને પાવતી આપવામાં આવી છે. તેમની પાસેથી 9664200નો દંડ વસુલ કરવામાં આવ્યો છે. નિયમનો ભંગ કરનારમાં ખાસ કરીને યુવા વર્ગનો સમાવેશ થાય છે. લાયસન્સ વિના અને હેલ્મેટ પહેર્યા વિના વાહન ચલાવનાર કોલેજીયનો પાસે દંડ વસુલ કરવામાં આવ્યો છે. રોડ ઉપર ગતિ મર્યાદા તોડીને વાહન હંકારવામાં કોલેજીયનોની સંખ્યા વધારે જોવા મળી રહી છે. ટ્રાફિક પોલીસ દ્વારા સતત રોડ ઉપર પાવતી આપવામાં આવી રહી છે. તેમ છતા બાળકો નિયમનુ પાલન કરતા નથી. ટ્રાફિક પોલીસ હવે આગામી સમયમાં લાઈસન્સ વિના વાહન લઈ નીકળતા બાળકો સામે પણ કાર્યવાહી કરી દંડ વસૂલ કરશે.

# ગાંધીનગર મનપાએ બે દિવસમાં 8 હજાર કિલો કચરાનો નિકાલ કર્યો




## ■ એકમો પાસેથી 2750 રૂપિયાનો વહીવટી ચાર્જ વસૂલ કરાયો

ગુજરાત | વંદન

ગાંધીનગરને સ્વચ્છ અને સુંદર બનાવવાના ભાગરૂપે મ્યુનિસિપલ કમિશનર જે.એન. વાઘેલા દ્વારા શહેરની સફાઇ વ્યવસ્થાનું સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. જેના ભાગરૂપે વોર્ડ નં. 8માં આવેલા ટીપી-9 સરગાસણ અને ઉવારસદ વિસ્તારમાં બે દિવસનું સફાઇ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. જેના ભાગરૂપે બે દિવસમાં 8 હજાર કિલોથી વધુ કચરાનો નિકાલ કરાયો હતો.

વોર્ડ-8માં સરગાસણ ગામ અને ટીપી-9 ઉવારસદ વિસ્તારમાં મ્યુનિસિપલ કમિશનર અને નાયબ મ્યુનિસિપલ કમિશનર સહિતના અધિકારીઓની ઉપસ્થિતિમાં જ સફાઇ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. જેમાં બુધવારે પ્રથમ દિવસે 71 સફાઇ કામદારોને કામે લગાડવામાં આવ્યા હતા. રેડિયન્ટ સ્કૂલથી અવનિપ્રસ્થ રોડ, શરણમ શાઈન એપાર્ટમેન્ટ રોડ, દિવ્ય સંસ્કાર એપાર્ટમેન્ટથી ગુડા ગાર્ડન રોડ અને સરગાસણ ગામ ખાતેથી 6 ટન કચરો અને 3 ટન કાટમાળનો નિકાલ કરવામાં આવ્યો હતો. ગુરૂવારે 2 ટન કચરાનો અને 2 ટન બિલ્ડીંગ મટિરિયલનો નિકાલ કરવામાં આવ્યો હતો. આ દરમિયાન ગંદકી ફેલાવતા અને પ્રતિબંધિત પ્લાસ્ટિકનો વપરાશ કરતા એકમો પાસેથી 2750 રૂપિયાનો વહીવટી ચાર્જ પણ વસૂલવામાં આવ્યો હતો.

# 30 દિવસમાં જ 10,293 દસ્તાવેજો નોંધાયા ,109 કરોડની આવક

## ■ ગાંધીનગર જિલ્લામાં ઐતિહાસિક વધારો જોવાયો

ગુજરાત | વંદન

નાણાકીય વર્ષ 2023-24માં રાજ્ય સરકારને સ્ટેમ્પ ડ્યુટીની આવકમાં માતબર વધારો થયો છે. ગાંધીનગરમાં પણ દસ્તાવેજ નોંધણી માટે વર્ષ દરમિયાન વિવિધ સમયે ભારે ધસારો જોવા મળ્યો હતો પરંતુ નાણાકીય વર્ષના અંતિમ મહિના માર્ચમાં અત્યારસુધીના બધા રેકર્ડ તોડી નાંખ્યા હોય તે પ્રમાણે 30 દિવસમાં જ 10,293 દસ્તાવેજો નોંધાયા હતા. જે સામાન્ય દિવસોની સરખામણીએ 25 ટકા જેટલા વધારે છે. સરકારને આ એક જ મહિનામાં સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફી પેટે 109 કરોડ રૂપિયાની આવક થઈ છે.

ગત વર્ષના એપ્રિલ મહિનામાં રાજ્ય સરકારે જંત્રીના દરો બમણા કર્યા બાદ ચાર મહિના સુધી જૂના સ્ટેમ્પ પેપર પર નોંધણી કરવાનું ચાલું રખાતા તે સમયે દસ્તાવેજ માટે ભારે ધસારો જોવા મળ્યો હતો. ત્યારબાદ નવરાત્રી અને દિવાળીના સમય દરમિયાન પણ ભારે તેજીનો માહોલ હોય તેવું વાતાવરણ સર્જાયું હતું. પરંતુ ત્યારબાદ સ્થિતિ સામાન્ય બની હતી. તે પછી માર્ચ માસમાં ભારે ધસારો રહ્યો હતો.




સામાન્ય રીતે નાણાકીય વર્ષનો અંતિમ મહિનો હોવાને કારણે દર વર્ષે માર્ચ માસમાં દસ્તાવેજોની નોંધણીનું પ્રમાણ અન્ય મહિનાઓની સરખામણીએ વધારે રહે છે પરંતુ આ વખતે ગાંધીનગર જિલ્લામાં ઐતિહાસીક વધારો જોવા મળ્યો હતો. ગાંધીનગર શહેરની ત્રણેય ઝોનની સબ રજિસ્ટ્રાર કચેરી ઉપરાંત કલોલ, માણસા તથા દહેગામમાં પણ મોટી સંખ્યામાં દસ્તાવેજો નોંધાયા છે. જેને કારણે સ્ટેમ્પ ડ્યુટીની આવકમાં માતબર વધારો થયો છે.

સામાન્ય રીતે વર્ષના અન્ય મહિનામાં સરેરાશ 8 હજાર આસપાસ દસ્તાવેજોની નોંધણી થતી હોય છે પરંતુ માર્ચ માસમાં તેમાં માતબર વધારો થતા દસ્તાવેજોની સંખ્યા 10 હજારને પણ વટાવી ગઈ છે. આ દસ્તાવેજોની નોંધણીથી સ્ટેમ્પ ડ્યુટી પેટે 93 કરોડ રૂપિયાની જ્યારે રજિસ્ટ્રેશન ફી પેટે 16 કરોડ રૂપિયા મળીને કુલ 109 કરોડની આવક સરકારને થઈ છે.

# ગુજરાત પોલીસમાં 12,000થી વધુ જગ્યા પર ભરતી પ્રક્રિયાઓ શરૂ...

**ભરતી માટે ઉમેદવારો ફોર્મ 30 એપ્રિલ સુધી OJAS વેબસાઇટ પર ભરી શકશે**

ગુજરાત | વંદન

ગુજરાત પોલીસમાં 12,000થી વધુ જગ્યા પર ફોર્મ ભરવાના શરુ થઈ ગઈ છે. ગુજરાત પોલીસ વિભાગમાં PSI, લોકરક્ષક, બિન હથિયારધારી પોલીસ કોસ્ટેબલ, હથિયારધારી પોલીસ કોસ્ટેબલ અને જેલ સિપાહી માટેની 12 હજાર 472 જગ્યાઓ ભરવા માટે પોલીસ ભરતી બોર્ડ તરફથી ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવી છે. આ ભરતી માટે ઉમેદવારો ફોર્મ 30 એપ્રિલ સુધી OJAS વેબસાઈટ પર ભરી શકશે.

પરીક્ષા ફી બાબતે જનરલ કેટેગરીના ઉમેદવારોએ તમામ ટ્રેડર માટે 100 રૂપિયા ચૂકવવાના રહેશે. જ્યારે એસ સી એસ. ટી, EWS, માજી સૈનિક કેટેગરી સહિતના ઉમેદવારોને ફી ભરવામાંથી રાહત આપવામા આવી છે. આ ફી ઉમેદવારોને ઓનલાઈન માધ્યમથી જ ભરવાની રહેશે. ફી ભરવાની



છેલ્લી તારીખ 7 મેના છે.

PSI કક્ષામાં ફિઝિકલ ટેસ્ટ અને મુખ્ય લેખિત પરીક્ષા લેવામાં આવશે. જ્યારે લોકરક્ષકમાં ફિઝિકલ ટેસ્ટ અને MCQ પરીક્ષા લેવામાં આવશે. PSI કક્ષા માટે ગુજરાતી અને અંગ્રેજી બંને ભાષાના કૌશલ્યના પેપર પુછાશે. જો કોઈ ઉમેદવારને મુશ્કેલી હોય તો 4 એપ્રિલથી 30 એપ્રિલ સુધી ટોલ ફી નંબર 1800 233 5500 ઉપર રવિવાર અને જાહેર રજાના દિવસ સિવાય સવારના 10.30 થી 6 વાગ્યા સુધી પૂછપરછ કરી શકાશે.

લાયકાત: પોલીસ ભરતી બોર્ડ દ્વારા PSIથી લઈને જેલ સિપાઈ સુધીના વર્ગ 3ની ભરતી માટે અલગ- અલગ વયમર્યાદા અને શૈક્ષણિક લાયકાત નક્કી કરવામાં આવી છે. જે મુજબ PSI માટે કોઈપણ માન્ય યુનિવર્સિટીમાંથી ગ્રેજ્યુએટ થયેલા હોવા જોઈએ. આ સાથે લઘુતમ 21 વર્ષ અને મહત્તમ 35 વર્ષની વયમર્યાદા હોવી જોઈએ.

લોકરક્ષક, કોન્સ્ટેબલ, જેલ સિપાઈ માટે શૈક્ષણિક લાયકાત ધોરણ 12 પાસ અથવા હાયર સેકન્ડરી પરીક્ષા અથવા તો ધોરણ 12 પરીક્ષા સમકક્ષ પાસ થયેલા હોવા જોઈએ તેમજ લઘુતમ 18 વર્ષ અને મહત્તમ 33 વર્ષની વયમર્યાદા હોવી જોઈએ.

## બોપલમાં લોકો રોંગ સાઈડમાં જવા મજબૂર

ગુજરાત | વંદન

અમદાવાદની ફરતે આવેલા રિંગ રોડ ઉપર ટ્રાફિકની સમસ્યા દૂર કરવા માટે અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ(AUDA) દ્વારા વિવિધ જંક્શન પર ઓવરબ્રિજ અને અંડરબ્રિજ બનાવવામાં આવે છે. રિંગરોડ પર બોપલથી સનાથલ તરફ જતા મહંમદપુરા અને આંબલી રોડ પાસે ઓવરબ્રિજ અને અંડરપાસ બંને બનાવવામાં આવ્યા છે. બોપલ વિસ્તારના રહીશો માટે આ ઓવરબ્રિજ અને અંડરપાસ સગવડતા નહીં પરંતુ અગવડતા સાબિત થયો છે. બોપલ અને સાઉથ બોપલ વિસ્તારમાં એન્ટ્રી અને એક્ઝિટ બંને માટે લોકોને રોંગ સાઈડમાં આવવું પડે છે. વકીલ સાહેબ બ્રિજથી સનસિટી જવા બોપલના લોકો રોંગ સાઈડ જવા મજબૂર બન્યા છે. જ્યારે મહંમદપુરા બ્રિજ જવા 500 મીટર રોંગ સાઈડમાં વાહન ચલાવવું પડે છે.

**ત્રણ વર્ષથી સેવાભાવી સંસ્થા દ્વારા ચલાવવામાં આવી રહ્યો છે સેવાયજ્ઞ**

# પહેલ ફાઉન્ડેશન દ્વારા 300 જરૂરીયાતમંદને સાયકલ,70 વિદ્યાર્થીઓને પુસ્તકો અપાયા

ગુજરાત | વંદન

શાળાઓમાં પરીક્ષાઓનો માહોલ ચાલી રહયો છે. વેકેશન પછી વિધાર્થીઓ નવા ધોરણમાં પ્રવેશ મેળવશે. આ દરમ્યાન હજારો વાલીઓ જુના પુસ્તકો નજીવી કિંમતે પસ્તીમાં આપી દેશે ત્યારે નિકોલ વિસ્તારમાં સેવાભાવી સંસ્થા દ્વારા આવા જુના પુસ્તકો અને જુની સાયકલ એકત્ર કરીને તેનું યોગ્ય સમારકામ કરી જરૂરીયાતમંદ વિધાર્થીઓ સુધી પહોચાડવાની અનોખો સેવાયજ્ઞ ચાલી રહયો છે.

શાળાકીય અભ્યાસક્રમના પુસ્તકોની કિમત દિવસે દિવસે વધી રહી છે. પછી આવા મોઘાદાટ પુસ્તકો પસ્તીમાં આપી દેવામાં આવે છે. ત્યારે પહેલ ફાઉન્ડેશન



દ્વારા બાપુનગરની નિકોલ સુધીના વિસ્તારમાં પસ્તીમાં જતા આવા જુના પુસ્તકો એકત્ર કરીને તેનું બાઈન્ડીગ કરીને જરૂરીયાતમંદ છાત્રો સુધી પહોચાડવાનો સેવાયજ્ઞ ત્રણ વર્ષથી ચલાવવામાં આવી રહયો છે.

અગાઉના ત્રણ વર્ષમાં આવી રીતે જુના પુસ્તકો એકત્ર કરીને ૭૦થી વધુ વિધાર્થીઓ સુધી પહોચાડયા છે. આવી રીતે જ પાર્કીગમાં પડી પડી ભંગારમાં ફેરવાઈ રહેલી જુની સાયકલ પણ એકત્ર કરીને સમારકામ કરીને ગરીબ વિધાર્થીઓને આપવામાં આવે છે.

અત્યાર સુધીમાં ૩૦૦થી વધુ વિધાર્થીઓને સાયકલ અપાઈ છે ત્યારે કોઈપણ ધોરણના પુસ્તકો આપીને સેવાયજ્ઞમાં જોડાવા માગતા કે પછી પુસ્તકોની જરૂર હોય તેવા લોકોને નિકોલના ગોપાલચોક સ્થિત પ્રતીક શોપીગ સેન્ટરમાં આવેલા બેબી જીયાણા હાઉસનો સંપર્ક સાધવા અનુરોધ કરાયા છે.

ભોજલરામ આશ્રમમાં આ સંસ્થાનાં ઉપક્રમે જ જુના કપડા એકત્ર કરીને વ્યવસ્થિત રીતે શોટીગ કરી આસપાસમાં ચાલતી બાંધકામ સાઈટ પર શ્રમીકો સુધી પહોચાડવાનું સેવાકાર્ય પણ ચાલી રહયું છે.

# ચૂંટણી પહેલા એરપોર્ટ પર સુરક્ષા વ્યવસ્થા વધુ સઘન બનાવાઈ

**CISFના 600થી વધુ જવાનો અમદાવાદમાં તહેનાત....**

ગુજરાત | વંદન

સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર પેસેન્જર ટ્રાફિક વધવાની સાથે ટર્મિનલનું વિસ્તરણ કરવામાં આવી રહ્યું છે ત્યારે એરપોર્ટ પર ફરજ પરની સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સ (CISF)ને લોકસભા ચૂંટણી પહેલા વધારાના 600 કર્મચારીઓને તૈનાત કરવા માંગે છે. દિલ્હી હેડકવાટર્સ લોકસભાની ચુંટણી પહેલા વધારાની ફોર્સ તૈનાત કરવાની મંજૂરી આવી જશે તો આગામી સમયમાં એરપોર્ટ પર સીઆઈએસએફની ફોર્સ કુલ 1600ની થઈ જશે. મહત્વનું ગુજરાતમાં 7મેના રોજ ચૂંટણી છે અને રાજકીય પાર્ટીઓ દ્વારા ચાર્ટર્ડ ફ્લાઈટોની મૂવમેન્ટ વધશે.જો ફોર્સ વધારવામાં આવશે ચૂંટણી દરમિયાન રોકડ, દારૂ કે સોનાની હેરફેરી પર નજર રખાશે, જે અંતર્ગત તાજેતરમાં એરપોર્ટ પર ઉચ્ચસ્તરીય બેઠક મળી હતી. હાલમાં, ડોમેસ્ટિક, ઈન્ટરનેશનલ ટર્મિનલની અંદર-બહાર, રેમ્પ, કાર્ગો, રન-વે સહિતના સંવેદનશીલ પોઈન્ટ પર 1000 સીઆઈએસએફના કર્મચારીઓ એરપોર્ટની સુરક્ષાની દેખરેખ કરી રહ્યા છે, જે ફોર્સમાં 600નો વધારો કરી કુલ 1600 જવાનો તૈનાત



કરાશે. જે સૂચિત વિસ્તરણ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ટર્મિનલ્સ, કાર્ગોના વિસ્તારો અને સામાન્ય ઉડ્ડયન સુવિધાઓ પર સુરક્ષા પગલાંને મજબૂત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.અમદાવાદ એરપોર્ટનું ખાનગીકરણ બાદ અંદર-બહાર સંવેદનશીલ પોઈન્ટ ન હોય ત્યાં ખાનગી સિક્યોરિટી મુકાય છે. 2023-24મા માર્ચ સુધીમાં, અમદાવાદ એરપોર્ટ પર 1.15 કરોડ મુસાફરોની અવરજવર નોંધાઈ હતી, જે ગયા વર્ષની સરખામણીમાં 14% નો વધારો છે.

# શહેરના સરખેજ-બોપલ રોડના ‘બિગ ડેડી કેફે’ હુક્કાબાર પર દરોડા પડ્યા

**સ્થળ પરથી હુક્કાની ફ્લેવરના 146 પેકેટ, 37 હુક્કા, પેપર ફોઇલની 28 ચિલમ -પાઇપનો મુદ્દામાલ મળ્યો**

ગુજરાત | વંદન

અમદાવાદ શહેરમાં પોલીસ કમિશનરની મનાઈ છતાં દારૂ જુગારના અડ્ડા ઉપરાંત ગેરકાયદે સ્પા ધમધમી રહ્યા છે ત્યારે જે હુક્કાબારનું નામ પણ ભૂલાઈ ગયું હતું તેવો હુક્કાબાર ફરીથી શહેરમાં ચાલુ થઈ ગયો હતો. સ્થાનિક પોલીસને તેની જાણ હતી પરંતુ કમિશનર કચેરી અજાણ હતી. અંતે પીસીબીએ દરોડા પાડીને કેફેની આડમાં ચાલતા હુક્કાબારનો પર્દાફાશ કર્યો છે. બોપલ વીઆઈપી રોડ પરના બિગ ડેડી કેફેમાં લાંબા સમયથી હુક્કાબાર ચાલતો હતો અને તેમાં જુદી જુદી ફ્લેવર પીરસાતી હતી.

સ્થાનિક પોલીસની તો ત્યાં બેઠક પણ હોવાની વાતો ચર્ચાઈ રહી. પીસીબીની ટીમે દરોડા પાડી હુક્કા અને ફ્લેવર સહિતની વસ્તુઓ કબજે લઈને સંચાલક સામે કાર્યવાહી હાથ ધરી છે. આ હુક્કાબાર સ્થાનિક વિસ્તારનો કુખ્યાત ભાવિન પટેલ ચલાવતો હોવાની વિગતો સામે આવી રહી છે. અમદાવાદના પોલીસ કમિશનરના સીધા તાબામાં આવતા પીસીબીના પીઆઈ એમ. સી. ચૌધરી અને સ્ટાફને બુધવારે સાંજે બાતમી મળી હતી કે બોપલ વીઆઈપી રોડ પર વિંસે કેફે નજીક આવેલા બિગ ડેડી કેફેમાં બહારથી મોટા પ્રમાણમાં યુવાનોને બોલાવીને ગેરકાયદે હુક્કાબાર ચલાવવામાં આવે છે.

આથી પોલીસે દરોડો પાડ્યો હતો. જેમાં કેફેમાં બનાવવામાં આવેલી ખાસ જગ્યામાં કેટલાક લોકો હુક્કો પીતા મળી આવ્યા હતા. પોલીસને સ્થળ પરથી હુક્કાની વિવિધ ફ્લેવરના ૧૪૬ પેકેટ, ૩૭ હુક્કા, પેપર ફોઈલની ૨૮ ચિલમ અને પાઈપ સહિતનો મુદ્દામાલ મળી આવ્યો હતો. તે કબજે લઈ તેના સેમ્પલ તપાસ માટે મોકલવાની કાર્યવાહી હાથ ધરી હતી. તપાસ દરમિયાન શીલજ આશ્રય અરાઈઝમાં રહેતો ભાવિન પટેલ નામનો વ્યક્તિ કેફેની આડમાં હુક્કાબાર ચલાવતો હતો. તેણે કેફે ચલાવવા માટે કોઈ લાઈસન્સ લીધું ન હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. અમદાવાદમાં હુક્કાબાર પર પ્રતિબંધ હોવાથી ભાવિન પટેલ હુક્કાબારમાં આવતા લોકો પાસેથી ત્રણ ગણો ચાર્જ વસૂલીને સુવિધા આપતો હતો. પોલીસને હુક્કાબારમાં આવતા યુવાનોના મોટા ગ્રૂપ અંગે પણ માહિતી મળી છે.બોપલ અને સરખેજ પોલીસ મથકની હદ ભેગી મળે ત્યાં પણ કુખ્યાત નબિરા દ્વારા ગેરકાયદે રીતે સેક્રેટ નાઈન નામનો હુક્કાબાર ચલાવવામાં આવતો હતો.

બોપલ અને સરખેજ પોલીસ નિયમિત રીતે ત્યાં બેસવા જતી હતી પરંતુ કોઈ દરોડા પાડતું નહોતું.



આ બાબતે સ્ટેટ મોનિટરિંગ સેલને જાણ થઈ અને દરોડા પાડીને મોટી સંખ્યામાં હુક્કા અને ફ્લેવરના પેકેટ કબજે લેવામાં આવ્યા હતા. તેનું એફએસએલમાં પરીક્ષણ કરાવવામા આવ્યું હતું. અમદાવાદ પોલીસે જણાવ્યું હતું કે, શહેરમાં કોઈ પણ ગેરકાયદે પ્રવૃત્તિ ચલાવી લેવામાં આવશે નહીં. આવી પ્રવૃત્તિ કરતા લોકો સામે પોલીસ ચોક્કસ કડક પગલાં લેશે.

**લિફ્ટમાં તોડફોડ થઈ અને મિકેનિકલ સામાન ચોરાઇ ગયો**

# રિવરફ્રન્ટ પર કરોડોના ખર્ચે બનેલી 8 લિફ્ટ બંધ

ગુજરાત | વંદન

અમદાવાદમાં કરોડો રૂપિયાના ખર્ચે તૈયાર થયેલા સાબરમતી રિવરફ્રન્ટની સુરક્ષા માટે જંગી ખર્ચ થાય છે. પરંતુ અહીં 8 કરોડના ખર્ચે નાખવામાં આવેલી 8 લિફ્ટની હાલત જોતા એવું લાગે છે કે વ્યવસ્થા બરાબર નથી. આ લિફ્ટમાંથી કેટલોક સામાન ચોરાઈ ગયો છે અને છેલ્લા એક દાયકાથી તેનો ઉપયોગ થયો હોય તેમ નથી લાગતું.

અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ પર છેલ્લા એક દાયકામાં અભૂતપૂર્વ ડેવલપમેન્ટ થયું છે. નદીની બંને બાજુ મોટા મોટા ગાર્ડન બન્યા છે, મનોરંજન માટેની જગ્યાઓ વિકસાવાઈ છે, આલિશાન ઈમારતો બની રહી છે. પરંતુ તેમાં કેટલાક કામમાં ભારે ગોટાળા થતા હોય તેવું લાગે છે. રિવરફ્રન્ટ પર વિકલાંગો અને સિનિયર સિટિઝન્સ ઉપયોગ કરી શકે તે માટે 8 કરોડ રૂપિયાના ખર્ચે 8 લિફ્ટ નાખવામાં આવી હતી,



પરંતુ આ લિફ્ટ મોટા ભાગે બંધ રહે છે અને અત્યાર સુધીમાં તેના કેટલાક પાર્ટ્સ પણ ચોરાઈ ગયા છે.

આ લિફ્ટને જ્યારથી ઈન્સ્ટોલ કરવામાં આવી ત્યારથી તેનો ઉપયોગ થયો નથી. અત્યાર સુધીમાં તેની સ્વિચ, પેનલ સહિતનો ઘણો માલસામાન ચોરાઈ ગયો છે અથવા ગુમ થઈ ગયો છે. પરિસ્થિતિ એવી છે કે રિવરફ્રન્ટ પર તમે આઠમાંથી એક પણ લિફ્ટનો યુઝ કરી શકો તેમ નથી. લિફ્ટમાં પગ મૂકશો તો તેને ચાલુ કરવા માટે સ્વિચ પણ શોધતા રહી જશો. રિવરફ્રન્ટ પર તગડી ફી ચૂકવીને સિક્યોરિટી બંદોબસ્ત કરવામાં આવ્યો છે છતાં આવી હાલત છે.

સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશને પ્રથમ ફેઝમાં 1400 કરોડ રૂપિયા ખર્ચ કર્યા હતા. છેલ્લા બે વર્ષમાં સિક્યોરિટી ગાર્ડ્સ પાછળ 16.52 કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. એક અધિકારી પણ સ્વીકારે છે કે લિફ્ટમાંથી કેટલાક મિકેનિકલ કમ્પોનન્ટ્સ ગુમ થઈ ગયા છે. સાબરમતી રિવરફ્રન્ટ પર ઈસ્ટ સેક્શન અને વેસ્ટ સેક્શન -બંને જગ્યાએ 10 વર્ષ અગાઉ ચાર-ચાર લિફ્ટ ઈન્સ્ટોલ કરવામાં આવી હતી. પરંતુ ત્યારથી તેનો ભાગ્યે જ ઉપયોગ થયો છે. રિવરફ્રન્ટ પર કેટલીક જગ્યાએ લિફ્ટ અંગે સાઈન બોર્ડ પણ લગાવવામાં આવ્યા છે, પરંતુ તેનો ઉપયોગ કરવા માટે કોઈ જાય ત્યારે ખબર પડે કે લિફ્ટનો યુઝ કરી શકાય તેવી હાલત નથી.

અમદાવાદમાં રિવરફ્રન્ટ 11.2 કિલોમીટર લાંબો છે અને તેમાં નદીની સપાટી સુધી એક નીચાણવાળો ભાગ છે જેના પર લોકો ટહેલવા માટે આવતા હોય છે. આ ઉપરાંત તેના ઉપરના ભાગમાં કેટલીક સુવિધાઓ તથા મનોરંજનની વ્યવસ્થા કરવામાં આવી છે. તેમાં ફ્લાવર પાર્ક, ઈવન્ટ ગાર્ડન, એક વિશાળ પબ્લિક પાર્ક, સ્પોટ્ર્સ કોમ્પ્લેક્સનો સમાવેશ થાય છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના એક અધિકારીએ નામ જાહેર ન કરવાની શરતે જણાવ્યું કે, અગાઉ સિનિયર સિટિઝનો અથવા દિવ્યાંગ લોકો રિવરફ્રન્ટની મુલાકાતે આવતા ત્યારે તેમણે ઉપરના ભાગમાં જ રહેવું પડતું હતું. અથવા તો તેમણે દાદરા ઉતરીને નીચે આવવું પડતું હતું. તેમને મદદ કરવા માટે એલિવેટર્સ ફીટ કરવામાં આવી પરંતુ તેનું ઈન્સ્ટોલેશન થયું ત્યારથી જ આ લિફ્ટને ઓપરેટ કરવામાં આવી નથી.ગમે તે વ્યક્તિ લિફ્ટ સુધી ન જાય તે માટે લોખંડની ગ્રીલ રાખવામાં આવી છે, આમ છતાં લિફ્ટમાં તોડફોડ થઈ છે અને તેમાંથી કેટલોક મિકેનિકલ સામાન ચોરવામાં આવ્યો છે. એટલું જ નહીં કેટલાક આવારા તત્વો અહીંથી ડેકોરેટિવ લાઈટો અને લાખો રૂપિયાની કિંમતના કોપરના વાયર પણ ઉઠાવી ગયા છે. તેના કારણે સાબરમતી રિવરફ્રન્ટ ઓથોરિટીએ અમુક સિક્યોરિટી એજન્સીઓને 41 લાખ રૂપિયા સુધીનો દંડ ફટકાર્યો છે.

વર્ષ 2021-22 અને વર્ષ 2022-23માં સાબરમતી રિવરફ્રન્ટ પર સુરક્ષા વ્યવસ્થા જાળવવા માટે 383 સિક્યોરિટી ગાર્ડને હાયર કરવામાં આવ્યા હતા જેના માટે 16.52 કરોડનો ખર્ચ આવ્યો હતો. ચાલુ વર્ષે બહાર પાડવામાં આવેલા ટેન્ડરમાં 11.53 કરોડ રૂપિયા વેસ્ટર્ન સેગમેન્ટની સિક્યોરિટી માટે ફાળવાયા છે. તેમાં ત્રણ સિક્યોરિટી ઓફિસર, 14 સિક્યોરિટી સુપરવાઈઝર અને 199 સિક્યોરિટી ગાર્ડ હશે. સાબરમતીની પૂર્વ બાજુએ પણ વાર્ષિક 7.23 કરોડના ખર્ચે સિક્યોરિટીની વ્યવસ્થા કરવામાં આવશે. પરંતુ આ વ્યવસ્થા કેટલી સારી અને અસરકારક હશે, તે તો સમય જ કહેશે.

# 10 વોન્ટેડ બુટલેગરની માહિતી આપો અને રૂ. 1 લાખ સુધીનું ઈનામ મેળવો

**પોલીસે ગુજરાતમાં દારૂ ઘુસાડતા શખ્સોની માહિતી જાહેર કરી**

ગુજરાત | વંદન

ગુજરાતમાં દારૂ ઘુસાડતા 10 વોન્ટેડ શખ્સની માહિતી આપનારને 20 હજારથી લઈ 1 લાખ સુધીનું ઈનામ મળશે. ગૃહવિભાગ દ્વારા વોન્ટેડ આરોપીઓના નામ જાહેર કરી રોકડ ઈનામની જાહેરાત કરાઈ છે.

એસએમસીની યાદીમાં જણાવ્યા મુજબ, આગામી લોકસભા સામાન્ય ચૂંટણી-2024 અન્વયે આચારસંહિતાનું જાહેરનામું તા.16/03/2024ના રોજ બહાર પડતાં, ગુજરાત રાજ્યમાં રાજસ્થાન, હરીયાણા અને પંજાબ રાજ્યોમાંથી ગેરકાયદેસર રીતે મોટા પ્રમાણમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો સપ્લાય કરનાર રાજસ્થાન અને ગુજરાત રાજ્યના પ્રોહીબીશન બુટલેગરો કે જેઓ ગુનાઓમાં તેઓની ધરપકડ ટાળવા નાસતા ફરે છે તેવા આરોપીઓને પકડવા માટે પોલીસને સચોટ માહીતી આપનાર તથા મદદરૂપ થનાર વ્યક્તિઓ માટે ગુજરાત સરકારના ગૃહ વિભાગના ઠરાવ અન્વયે આગોતરા રોકડ ઈનામ જાહેર કરવા સ્ટેટ મોનીટરીંગ સેલ ડઝર કરેલ દરખાસ્ત અન્વયે રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય દ્વારા આરોપીઓને પકડવા માટે પોલીસને સચોટ માહીતી આપનાર તથા મદદરૂપ થનાર વ્યક્તિઓ માટે આગોતરું રોકડ ઈનામ જાહેર કરેલ છે.આરોપીઓમાં ખેંગારરામ ઉર્ફે છોટુ ખીલેરી બળવતારામ બીશ્નોઈ, (રહે.ભીનમાલ, જાલોર, રાજસ્થાન) માટે 20 હજાર, અનિલ ઉર્ફે પાંડ્યા જગદીશપ્રસાદ જાટ. (રહે.રૂપનગર, ફતેપુર, સીકર, રાજસ્થાન) માટે 1 લાખ, પવનસિંગ ભખરસિંગ મહેછા, (રહે.બાડમેર, રાજસ્થાન) માટે 25000, તૌફીક નજીરખાન મુસલમાન, (રહે. જારીયા દુધવા, ચુરુ, રાજસ્થાન) માટે 25000, ભરત ઉદાજી ડાંગી (રહે.ઉદેપુર, રાજસ્થાન) માટે 50000, સુનિલ ઉર્ફે ભવરલાલ મોતીલાલ દરજી, (રહે.ઉદેપુર, રાજસ્થાન) માટે 25000, આશિષ ઉર્ફે આસુ રમેશચંદ્ર અગ્રવાલ (રહે. આબુરોડ, શિરોહી, રાજસ્થાન) માટે 1 લાખ, પીરારામ મેવારામ દેવાસી (રહે.પોસલા, રાજસ્થાન) માટે 25000, વાસુસિંહ ઉર્ફે ગુલાબસિંહ રામસિંહ વાઘેલા (રહે.રામનગર, તા.દાંતીવાડા, જિ.બનાસકાંઠા) માટે 25000, કાંતીલાલ ઉર્ફે રોહિત રતીલાલ મારવાડી (રહે.ભીનમાલ, જાલોર, રાજસ્થાન) માટે 20 હજારનું ઈનામ જાહેર કરાયું છે. આ આરોપીઓ અંગે જાણકારી હોય તો સ્ટેટ મોનીટરીંગ સેલના ડીવાયએસપી કે.ટી.કામરીયાને તેના મો.નં.9978409153 અથવા 99789 34444 ઉપર જાણ કરવા જણાવાયું છે.

**ભાજપની નીતિનો ભોગ દેશના પરિવારો બની રહ્યાં હોવાનો દાવો**

# ગુજરાતમાં ત્રણ વર્ષમાં 6879 વિધાર્થી સહિત કુલ 25,478 વ્યક્તિની આત્મહત્યા : કોંગ્રેસ

ગુજરાત | વંદન

ગુજરાત સહિત સમગ્ર દેશમાં રોજમદાર, શ્રમિકો, મહિલા, ખેડૂતો, ખેત મજદૂરો વિદ્યાર્થીઓ, વેપારીઓ સેવા નિવૃત લોકો સહિત સહપરિવાર આત્મહત્યા થઈ રહી છે તે ચિંતાજનક છે. વર્ષ ૨૦૧૭થી ૨૦૨૨ સુધીના સતત છ વર્ષમાં આત્મહત્યાનો આંકડો ચિંતાજનક રીતે વધી રહ્યો છે. દેશમાં છેલ્લા ૬ વર્ષમાં ૯,૯૨,૫૩૫ લોકોએ આત્મહત્યા કરી હતી. દેશમાં સરેરાશ દરરોજ ૪૦૭થી વધુ લોકો આત્મહત્યા કરી રહ્યા છે તેમજ ભારતમાં આત્મહત્યા કરનાર દર ચોથી વ્યક્તિ રોજમદાર છે.

કોંગ્રેસના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ.મનીષ દોશીએ જણાવ્યું હતું કે, ‘અચ્છે દિન’, ‘ખેડૂતોની આવક બમણી’, ‘દર વર્ષે બે કરોડ રોજગાર’, ‘મોંઘવારીના મારથી મુક્તિ મળશે’ સહિતના વાયદાથી તદ્દન વિપરીત ભાજપની નીતિનો ભોગ દેશના પરિવારો બની રહ્યા છે. ગુજરાતમાં છેલ્લા ત્રણ વર્ષમાં ૬૮૭૯ વિદ્યાર્થી સહિત ૨૫,૪૭૮ વ્યક્તિએ આત્મહત્યા કરી છે.

ગુજરાતના મુખ્ય શહેરો જેવા કે, અમદાવાદમાં ૩૨૮૦, સુરતમાં ૨૮૬૨, રાજકોટમાં ૧૨૮૭ આત્મહત્યા ચિંતાજનક છે. ભાજપ સરકાર જરૂરિયાતમંદ લોકોને રોજગાર, આર્થિક સહાયતા, માનસિક સ્વાસ્થ્ય આપવામાં નિષ્ફળ નીવડી હોવાનું જણાવતા તેમણે ઉમેર્યું છે કે, ૨૦૨૨માં ૧,૬૪,૦૩૩ લોકોએ આત્મહત્યા કરી હતી. જેમાં ૧૨,૦૫૫ વેપારી, ૮૧૭૬ સ્વરોજગાર કરનાર એમ કુલ ૨૦,૨૩૧ લોકોનો સમાવેશ થાય છે. દેશમાં છ વર્ષ અનુસાર, ૨૦૧૭માં ૧,૨૯,૮૮૭, વર્ષ ૨૦૧૮માં ૧,૩૪,૫૧૬, વર્ષ ૨૦૧૯માં ૧,૩૯, ૧૨૩, વર્ષ ૨૦૨૦માં ૧,૫૩,૦૫૨, વર્ષ ૨૦૨૧માં ૧,૬૪,૦૩૩, વર્ષ ૨૦૨૨માં ૧,૭૧,૯૨૪ લોકોએ એમ કુલ ૯,૯૨,૫૩૫ લોકોએ દેશમાં આત્મહત્યા કરી જીવન ટૂંકાવ્યું હતું, જે દેશ માટે અતિગંભીર બાબત છે.

**હાઇકોર્ટે પેન્શન સહિતના લાભો ચૂકવવા કરેલા આદેશનું પાલન ન થયું**

# માનહાનિના કેસમાં ACSસહિત અન્યોને નોટિસ

ગુજરાત | વંદન

કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટના એક કેસમાં હાઈકોર્ટના જસ્ટિસ સંગીતા વિશેન અને જસ્ટિસ નિશા ઠાકોરની ખંડપીઠે રાજ્યના ગૃહ વિભાગના એડિશનલ ચીફ સેક્રેટરી મુકેશ પુરી, ડાયરેક્ટર જનરલ એન્ડ ઈન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ વિકાસ સહાય, એડી. ડીજીપી નરસિમ્હા કોમર સહિતના પ્રતિવાદીઓને નોટિસ પાઠવી છે. હાઈકોર્ટે આદેશમાં નોંધ્યું છે કે અરજદારોને પેન્શન સહિતના લાભોની ચુકવણી માટેનો હાઈકોર્ટે આદેશ કર્યો હતો. જે આદેશની બજવણી વર્ષ 2023ના ઓગસ્ટમાં પ્રતિવાદીઓને કરાઈ હતી અને ત્યારબાદ ફરી ડિસેમ્બરમાં તેની યાદ પણ અપાવવામાં આવી હતી.

તેમ છતાંય તે આદેશનો અમલ નહીં થયો હોવાનો અરજદારોએ દાવો કર્યો છે. તેથી તમામ પ્રતિવાદીઓને નોટિસ પાઠવી જવાબ રજૂ કરવાનો આદેશ કરવામાં આવે છે. કેસની વધુ સુનાવણી ૨૨મી એપ્રિલે રાખવામાં આવી છે. અરજદાર મોહબતસિંહ ઝાલા, દીપકકુમાર રાઠોડ, શનાભાઈ વાઘેલા તરફથી એડવોકેટ ઉત્કર્ષ દવે અને એડવોકેટ રાહુલ શર્માએ હાઈકોર્ટમાં કન્ટેમ્પ્ટ પિટિશન દાખલ કરી છે. જેમાં એ મતલબના મુદ્દા ઉપસ્થિત કરાયા છે કે,‘ગુજરાત હાઈકોર્ટે અરજદારોની તરફેણમાં કરેલા આદેશની અમલવારી તમામ પ્રતિવાદીઓએ (જેઓ ઉચ્ચ પોલીસ અધિકારીઓ છે. ઈરાદાપૂર્વક કરી નથી અને કોર્ટના આદેશની અવમાનના કરી છે. અરજદારો



જે તે સમયે એસઆરપીએફમાં આર્મ્ડ પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા. તેમના ઉપર એવા આક્ષેપ કરાયા હતા કે તેમણે બનાવટી સીસીસી સર્ટિફિકેટ ઊભા કર્યા છે, તેથી તેમને ફરજિયાત નિવૃત્તિ અપાવવામાં આવી હતી. આ ગેરવર્તણૂક માટે અરજદારોને સજા થઈ ચૂકી હતી અને તેમ છતાંય તેમને ફરજિયાત નિવૃત્તિ અપાવી દેતાં તેમને બમણો ફટકો પડ્યો હતો.’રિટમાં રજૂઆત કરાઈ છે કે,‘અરજદારોએ ફરજિયાત નિવૃત્તિના આદેશને હાઈકોર્ટ સમક્ષ પડકાર્યો હતો. સિંગલ જજે ફરજિયાત નિવૃત્તિના આદેશને અયોગ્ય ઠરાવી રદબાતલ કર્યો હતો અને અરજદારોને નિવૃત્તિ પછીના પેન્શન સહિતના લાભો ચુકવી આપવાનો હુકમ કર્યો હતો.

સિંગલ જજના આદેશને ઓથોરિટીએ હાઈકોર્ટની ડિવિઝન બેંચ સમક્ષ પડકાર્યો હતો. જે અપીલ પણ રદ થઈ હતી અને ડિવિઝન બેંચે સિંગલ જજના આદેશની અમલવારી કરવાનો હુકમ કર્યો હતો. જોકે આદેશનો અમલ નહીં થતાં અરજદારોએ આદેશ અંગે પ્રતિવાદીઓને જાણ કરી હતી અને તેનો અમલ કરવાની વિનંતી કરી હતી. ડિસેમ્બર-2023માં કરેલી વિનંતી છતાંય આદેશની અમલવારી પ્રતિવાદીઓએ આજ દિન સુધી કરી નથી અને કોર્ટના આદેશની અવમાનના કરી છે. તેથી કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટની અરજી કરાઈ છે.’

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

## સંપાદકીય....

# રાહુલભાઈ, ઢંઢેરાના વચનોનું તો જાણે કે ઠીક છે, પણ સત્તાનું શું..?! મળશે..?!




ભારતની સૌથી જુની રાજકીય પાર્ટી કોંગ્રેસ દ્વારા 18મી લોકસભાની ચૂંટણીઓ માટેનો ઢંઢેરો બહાર પડી ગયો છે. ચૂંટણી વખતે ઢંઢેરો બહાર પાડવાની દરેક રાજકીય પક્ષોની પરંપરા છે અને કોંગ્રેસ બાદ હવે ભાજપ તથા અન્ય પક્ષો પોતપોતાના ઢંઢેરા બહાર પાડીને જો સત્તામાં આવીશું તો લોકોના કલ્યાણ માટે શું કરીશું તેવા વચનો આપવામાં આવે છે.

કોંગ્રેસના ઘોષણાપત્રમાં 5 ન્યાય અને 25 વચનોને ગેરંટીના સ્વરૂપમાં રજૂ કરવામાં આવ્યાં છે. ઢંઢેરામાં 5 ન્યાયનો સમાવેશ થાય છે, જેમાં ખેડૂત ન્યાય, મહિલા ન્યાય, યુવા ન્યાય, મજૂર ન્યાય, અનુસુચિત જાતિ અને જનજાતિ માટે ન્યાયનો સમાવેશ થાય છે.

ઢંઢેરામાં જાતિગત વસ્તી ગણતરી, OPSનું વચન, ગરીબ પરિવારની મહિલાને દર વર્ષે 1 લાખ રૂ.ની સહાય અને નોકરીઓમાં મહિલાઓ માટે 50 ટકા અનામતની જોગવાઈની જાહેરાત કરવામાં આવી છે.ઈવીએમનો વિરોધ કરનાર પાર્ટીએ ઈવીએમને યોગ્ય ગણાવીને તેની સાથે જોડાતા વીવીપેટમાં નિકળતી પર્ચીને મતદાર જોઈને બેલેટબોક્સમાં નાંખે એવી વ્યવસ્થાની ખાતરી આપી છે,આ સાથે કોંગ્રેસે કહ્યું કે અમે ભારતના કોઈપણ ભાગમાં ખોરાક અને કપડાં, પ્રેમ અને લગ્ન અને મુસાફરી અને રહેઠાણની વ્યક્તિગત પસંદગીમાં દખલ નહીં કરીએ.

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે અમારા મેનિફેસ્ટોને દેશના રાજકીય ઈતિહાસમાં 'ન્યાયના દસ્તાવેજ' તરીકે યાદ કરવામાં આવશે. અને દરેક 25 ગેરંટીમાંથી દેશભરમાં તમામ વર્ગના સમાજના લોકોને કોઈને કોઈ ફાયદો થશે. પાર્ટીને આશા છે કે તેણે જાહેર કરેલ ઐતિહાસિક ગેરંટી લોકોનું ભાગ્ય બદલી નાખશે.

લોકરોનું ભાગ્ય બદલાય કે ના બદલાય પણ આ ચૂંટણીમાં કોંગ્રેસનું શું થશે એની ચિંતા કોંગ્રેસના નેતાઓએ કરવી પડશે. કેમ કે પાર્ટીમાંથી એક પછી એક આગેવાનો પાર્ટી છોડીને ભાજપમાં જોડાઈ રહ્યાં છે. પાર્ટી છોડનારાઓનું કહેવુ છે કે પાર્ટી ઢંઢેરામાં ન્યાયની વાતો કરે છે પણ તેમને તો ન્યાય મળ્યો નથી, તો લોકોને ન્યાય ક્યાંથી અને કેવી રીતે મળશે..? અને આ 5 ન્યાય અને 25 ગેરંટીના અમલ માટે કોંગ્રેસે સૌથી પહેલા તો સત્તા મેળવવી પડે, અને તે પછી જ ન્યાય અને ગેરંટીઓનો અમલ થઈ શકે.

2014 અને 2019માં કોંગ્રેસને, લોકસભામાં વિરોધપક્ષના નેતાનો બંધારણીય પદ મેળવવા માટે 543 બેઠકોમાંથી જરૂરી એટલી 55 કરતાં ઓછી બેછકો કેમ મળી તેનું આત્મ ચિંતન અને આત્મ સિંચન પાર્ટીના રાષ્ટ્રીય નેતાઓએ કરવુ જોઈએ,. ગરંટીઓને પૂર્ણ કરવા સત્તા અનિવાર્ય છે અને સત્તા માટે બહુમતિ જોઈશે. શું કોંગ્રેસમાં એક એવા વડાપ્રધાનનો મુકાબલો કરવાની તાકાત છે કે જે એકલા જ ભારતના સમસ્ત વિપક્ષ પર ભારી છે અને તેમનુ નામ નરેન્દ્ર મોદી છે...?!


## લદાખની સંસ્કૃતિ અને પર્યાવરણની સાથે રાજકિય હિસ્સેદારી માટે 21 દિવસના ઉપવાસ કર્યા

# સત્યાગ્રહનો માર્ગ અપનાવી લદાખીઓના "ગાંધીજી" બન્યા "થ્રી ઈડિયટ"ના વાંગચૂંક

## સંસદમાં 'પ્રકૃતિનું પ્રતિનિધિત્વ' કરાવવાની તેમની માંગ નવતર છે...

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com





ફિલ્મ થ્રી ઈડિયટ જેમના જીવન પરથી બની છે તે લેહ-લદાખના વાંગ ચૂંકનું નામ કાંઈ બહુ જાણીતુ નથી. કમસે કમ થ્રી ઈડિયટમાં જેમણે તેમનુ પાત્ર ભજવ્યું તે આમિરખાન જેટલા તો વાંગ ચૂંક જાણીતા નથી. ભારતના એક ખૂણે આવેલા ઠંડા પ્રદેશ લદાખમાં રાજકીય ગરમાવો નથી પણ ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનનો ગરમાવો તો છે. અને આ આંદોલન કર્યું છે વાંગ ચૂંકે. ના, તેમની પોતાની કોઈ વ્યક્તિગત માંગણી કે લાગણી નથી પણ તેમની લડાઈ લદાખને અને તેની સંસ્કૃતિને બચાવવાની સાથે દેશની સંસદમાં તેના પ્રતિનિધિત્વ માટેની પણ માંગ છે.



લદાખમાં ઘેર ઘેર જાણીતા વાંગ ચૂંક પ્રખ્યાત સંશોધક, શિક્ષણશાસ્ત્રી અને પર્યાવરણીય કર્મશીલ છે.તેઓએ નાજુક હિમાલયને બચાવવા માટે હાલમાં જ તેમના 21 દિવસના ઉપવાસ પૂર્ણ કર્યા. આ વ્રતનું પ્રતિકાત્મક મહત્વ વિવિધ સામાજિક-રાજકીય અને ધાર્મિક સ્તરે ઘણું વધારે છે. ગાંધીજીના સૌથી લાંબો ઉપવાસ પણ 21 દિવસના હતા, અને વાંગચુકે કેન્દ્ર સરકાર અને તેની અમલદારશાહીને હચમચાવી નાખવા માટે આત્મશક્તિ દ્વારા પ્રતિકાર કરીને ગાંધીજીની જેમ 21 દિવસના ઉપવાસ કર્યા.

તેમની માંગણીઓને ઊંડાણપૂર્વક સમજવાની જરૂર છે, ખાસ કરીને સંસદમાં 'પ્રકૃતિનું પ્રતિનિધિત્વ' કરાવવાની તેમની માંગ છે. અલબત તે વિચિત્ર લાગશે પણ 'પ્રકૃતિ નુમાઈંદે' નો અર્થ ઘણો ઊંડો છે. 60000 ચોરસ કિલોમીટર.વાળા લદ્દાખ ક્ષેત્ર માટે માત્ર એક જ સાંસદ છે, દેખીતી રીતે તેમના અવાજથી કોઈ ફરક પડતો નથી.

કલમ 370ને દૂર કરવાની સાથે લદ્દાખ 5 ઓગસ્ટ, 2019 ના રોજ જમ્મુ અને કાશ્મીર વિભાગમાંથી અલગ થયા પછી અમલદારો દ્વારા શાસન કરવામાં આવ્યું છે. ભાજપે તેના 2019ના ચૂંટણી ઢંઢેરામાં વચન આપ્યું હતું કે કેન્દ્રશાસિત લદાખ પ્રદેશને બંધારણની છઠ્ઠી સૂચિમાં સામેલ કરવામાં આવશે, પરંતુ તેમના મતે એવુ કાંઈ થયું નથી.

લદાખમાં સાલતોરા કાંગડી વિસ્તાર 25 હજાર ફૂટની ઉંચાઈએ આવેલું છે. તે મોટે ભાગે 9 હજાર ફૂટની ઉંચાએ આવેલું ભારતનું અભિન્ન અંગ છે. લદાખ પ્રદેશ ચીનની નજીક આવેલું છે અને ચીન તેને હડપવા માંગે છે. આ વાંગચૂંકે હાલમાં જ એવો ધડાકો કર્યે કે ચીને ભારતમાં ઘૂસીને ભારતની હજારો કિ.મી. જમીન પચાવી પાડી છે..

માઈનસ 12 ડિગ્રી સેલ્સિયસ તાપમાનમાં ખુલ્લા આકાશ નીચે ઉપવાસ કરીને અને સૂઈને, અન્ય 300 સત્યાગ્રહીઓ સાથે, વાંગચુકે પોતાના પર ખૂબ જ પીડા ઉપાડી છે, જેથી બાકીની દુનિયા જોઈ શકે કે લદ્દાખમાં સરકાર દ્વારા લેવામાં આવેલા વિકાસના માર્ગમાં સ્થાનિક લોકોની સાથે સરકારની સહભાગીતા ખૂટે છે.

આ સ્થળ વૈશ્વિક ચર્ચાનો મુદ્દો પણ છે. આજે પરમાણુ હથિયારોથી સજ્જ વિશ્વની બે સૌથી મોટી સેનાના સૈનિકો એટલે કે ભારત અને ચીન સામ સામે આ સરહદ પર ઉભા છે. તેમાં વળી નાજુક વાતાવરણ અને હિમનદીઓની સ્થિતિને કારણે આ અત્યંત ઠંડુ સ્થળ મોસમી ઈકોલોજીકલ પોઈન્ટ પર છે, જેને ભવિષ્યમાં દરેક કિંમતે સુરક્ષિત કરવું પડશે.

લદ્દાખમાં રાજકીય પ્રતિનિધિત્વ માટેની લડાઈ સત્તામાં ભાગીદારીના લોભ પર આધારિત નથી, પરંતુ આ ઠંડા રણને બચાવવા અને લદ્દાખવાસીઓના મનમાં રહેલા ડરને દૂર કરવા માટે છે, જેઓ ચીનના કાવતરાં સામે સંરક્ષણની પ્રથમ લાઈન છે. તેથી વાંગચુકનો સત્યાગ્રહ રાષ્ટ્રીય મુદ્દો છે. તેમની માંગણીઓમાં લદાખને સંપૂર્ણ રાજ્યનો દરજ્જો આપવો અને બંધારણની છઠ્ઠી અનુસૂચિ હેઠળ કેન્દ્રશાસિત પ્રદેશની સુરક્ષાનો સમાવેશ થાય છે.

એવું કહેવાય છે કે પ્રદેશના ઔદ્યોગિક વિકાસ માટે જિલ્લા, વિભાગ અને રાજ્ય સ્તરે ત્રણ સિંગલ વિન્ડો પરવાનગી સમિતિઓની રચના કરવામાં આવી છે, પરંતુ આ સિસ્ટમ ન તો સ્થાનિક લોકોના મનમાં વિશ્વાસ જગાડે છે કે ન તો તેમની ચિંતાઓનું નિરાકરણ કરે છે. દેખીતી રીતે જ મુંબઈ અને દિલ્હીના લોકોને સાદું જીવન જીવવાની અને પ્રકૃતિનું વધુ પડતું શોષણ ન કરવાની વાંગ ચૂંકની અપીલ રોમાંચકારી અને રોમેન્ટિક લાગશે...

હોલીવુડની ફિલ્મ 'વોલ સ્ટ્રીટ'માં અભિનેતા માઈકલ ડગ્લાસ દ્વારા ભજવવામાં આવેલ ગોર્ડન ગેકોનું પાત્ર કહે છે કે 'લોભ સારો છે', આજે આપણે જેને વિકાસ માનીએ છીએ તેનો આ મૂળ મંત્ર છે. પરંતુ વાંગચુક ઈચ્છે છે કે આપણે ગ્લેશિયર્સ, ખીણો, પર્વતો, ગોચરો અને રોકાણ, ઈમિગ્રન્ટ કામદારો અને નવા માલિકોના પ્રવાહ દ્વારા પોષાયેલી જીવનશૈલીને જોતા આ મંત્ર પર પુનર્વિચાર કરીએ. શું ભારત સરહદ પર નવા ગામડાઓ સ્થાપીને ચીનના ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ મોડલને અનુસરવા માંગે છે?

ત્યાંના સ્થાનિક લોકો બહારના લોકો પ્રત્યે અતિસંવેદનશીલ છે, બેલગામ પ્રવાસન પણ. હકીકત એ છે કે આ સંદર્ભમાં તેમની વાર્તા અને દેશના દક્ષિણના બિંદુનો સંદર્ભ સમાન છે.

કન્યાકુમારીના વતની, એક તમિલ-મલયાલમ લેખક જયમોહને તાજેતરના એક બ્લોગમાં કેરળવાસીઓને ખરાબ પ્રવાસીઓ ગણાવ્યા હતા આપણે ભારતીયોને પ્રવાસીઓ તરીકેની ખરાબ ટેવો છે.દેશમાં એક પણ જગ્યા એવી નથી કે જ્યાંથી એક અથવા બીજા સમુદાય વિરુદ્ધ આવી ફરિયાદો સાંભળવામાં ન આવતી હોય. કાન ફાડી નાખતા અવાજો પર વાગાત ગીતો, ચીસો, ઘોંઘાટીયા સંગીત રોહતાંગ પાસ

(અનુસંધાન પેજ-6 ઉપર)

## ધર્મ

# નવરાત્રિ દરમિયાન માતાની પૂજા કરવાની પરંપરા સદીઓથી ચાલતી આવી છે...



વર્ષમાં ચાર વખત નવરાત્રિનો તહેવાર ઉજવવામાં આવે છે.બે ગુપ્ત નવરાત્રિ અને બે પ્રગટ નવરાત્રિ હોય છે. આમાંથી પ્રકટ નવરાત્રી એટલે કે ચૈત્ર અને અશ્વિન માસની નવરાત્રીનું વિશેષ મહત્વ છે.નવરાત્રી દરમિયાન દેવી દુર્ગાના નવ સ્વરૂપોની પૂજા કરવામાં આવે છે. શક્તિ સ્વરૂપા દેવી દુર્ગાને પ્રસન્ન કરવા માટે, નવરાત્રિ વર્ષમાં ચાર વખત ઉજવવામાં આવે છે, એક વખત શારદીયમાં અને એક વખત ચૈત્ર નવરાત્રિમાં, આ સિવાય ભક્તો ગુપ્ત નવરાત્રિ દરમિયાન બે વાર દેવી દુર્ગાની પૂજા કરે છે. નવરાત્રિ દરમિયાન માતાની પૂજા કરવાની પરંપરા સદીઓથી ચાલી આવે છે.

મા દુર્ગા પોતે શક્તિનું મૂર્ત સ્વરૂપ છે અને નવરાત્રિ દરમિયાન તમામ ભક્તો તેમની પૂજા કરે છે અને આધ્યાત્મિક શક્તિ, સુખ અને સમૃદ્ધિ મેળવવા માટે ઉપવાસ કરે છે. નવરાત્રિ શરૂ કરનાર રાજાએ પણ આધ્યાત્મિક શક્તિ અને દેવી દુર્ગા પાસેથી વિજયની પ્રાર્થના કરી હતી. વાલ્મીકિ રામાયણમાં ઉલ્લેખ છે કે, લંકા ચડાઈ કરતા પહેલા ભગવાન રામે કિષ્કિંધા પાસે ઋષ્યમુક પર્વત પર દુર્ગાની પૂજા કરી હતી. ભગવાન બ્રહ્માએ ભગવાન રામને દેવી દુર્ગાના સ્વરૂપ ચંડી દેવીની પૂજા કરવાની સલાહ આપી અને બ્રહ્માજીની સલાહ પ્રાપ્ત કર્યા પછી, ભગવાન રામે પ્રતિપદા તિથિથી નવમી તિથિ સુધી ચંડી દેવીની પૂજા અને પાઠ કર્યા.

ચંડી પૂજાની સાથે જ ભગવાન બ્રહ્માએ રામજીને કહ્યું કે ચંડી પૂજા અને હવન પછી તમે 108 નીલ કમળ ચડાવશો તો જ તમારી પૂજા સફળ થશે. આ નીલ કમળ દુર્લભ માનવામાં આવે છે. રામજીને તેમની સેનાની મદદથી આ 108 વાદળી કમળ મળ્યા, પરંતુ જ્યારે રાવણને ખબર પડી કે રામ ચંડી પૂજા કરી રહ્યા છે અને વાદળી કમળની શોધ કરી રહ્યા છે, ત્યારે તેણે પોતાની જાદુઈ શક્તિથી એક વાદળી કમળને ગાયબ કરી દીધા. ચંડી પૂજાના અંતે, જ્યારે ભગવાન રામ માતાજીને નીલ કમળ અર્પણ કરી રહ્યા હતા ત્યારે એક કમળ ઓછું પડ્યું. આ જોઈને તેઓ ચિંતિત થઈ ગયા અને અંતે તેણે કમળને બદલે દેવી ચંડીને પોતાની એક આંખ અર્પણ કરવાનું નક્કી કર્યું. જેમ જ તેમણે આંખ અર્પણ કરવા માટે તીર ઊંચક્યું, માતા ચંડી પ્રગટ થયા અને તેમની ભક્તિથી પ્રસન્ન થયા અને તેમને વિજયના આશીર્વાદ આપ્યા.

ભગવાન રામે પ્રતિપદાથી નવમી સુધી માતા ચંડીને પ્રસન્ન કરવા અન્ન જળનો ત્યાંગ કર્યો હતો. ભગવાન રામે નવ દિવસ સુધી દેવી દુર્ગાના સ્વરૂપ પૂજા કર્યા બાદ રાવણ પર વિજય મેળવ્યો હતો. એવું માનવામાં આવે છે કે ત્યારથી નવરાત્રિની ઉજવણી અને 9 દિવસના ઉપવાસ શરૂ થયા. આવી સ્થિતિમાં ભગવાન રામ પ્રથમ રાજા અને પ્રથમ મનુષ્ય હતા જેમણે નવરાત્રિના 9 દિવસનો ઉપવાસ કર્યો હતો.

ચૈત્ર નવરાત્રીની શરૂઆત 09 એપ્રિલ 2024 - ઘટસ્થાપન, માતા શૈલપુત્રીની પૂજા 10 એપ્રિલ 2024 - માતા બ્રહ્મચારિણીની પૂજા 11 એપ્રિલ 2024 - માતા ચંદ્રઘંટાનું પૂજન 12 એપ્રિલ 2024 - માતા કુષ્માંડાની પૂજા 13 એપ્રિલ 2024 - માતા સ્કંદમાતાની પૂજા 14 એપ્રિલ 2024 - માતા કાત્યાયનીની પૂજા 15 એપ્રિલ 2024 - મા કાલરાત્રીની પૂજા 16 એપ્રિલ 2024 - માતા મહાગૌરીની પૂજા 17 એપ્રિલ 2024 - માતા સિદ્ધિદાત્રીની પૂજા, રામ નવમી મા દુર્ગા આ વાહન પર સવારી કરશે. આ વખતે ચૈત્રી નવરાત્રિ મંગળવાર 09 એપ્રિલથી શરૂ થઈ રહી છે. આવી સ્થિતિમાં મા દુર્ગાનું વાહન અશ્વ એટલે કે ઘોડો હશે. માન્યતાઓ અનુસાર જ્યારે માતા દુર્ગા ઘોડા પર સવાર થઈને આવે છે ત્યારે તેને કોઈ શુભ સંકેત માનવામાં આવતા નથી. માનવામાં આવે છે કે જ્યારે પણ માતા રાણી ઘોડા પર સવાર થઈને આવે છે ત્યારે યુદ્ધની સ્થિતિ સર્જાય છે.

નવરાત્રીનું મહત્વ ચૈત્ર નવરાત્રિના નવ દિવસો દરમિયાન મા જગદંબેના નવ સ્વરૂપોની પૂજા કરવામાં આવે છે. આ તહેવાર દેશભરમાં ખૂબ જ ધામધૂમથી અને ઉત્સાહ સાથે ઉજવવામાં આવે છે. નવરાત્રિના પ્રથમ દિવસે દેવી શૈલપુત્રીની પૂજા કરવામાં આવે છે અને તેની સાથે ઘટસ્થાપન પણ કરવામાં આવે છે. આ સમયગાળા દરમિયાન અખંડ જ્યોતિ પ્રગટાવવાનું પણ વિશેષ મહત્વ છે. માનવામાં આવે છે કે જે ભક્ત નવ દિવસ સુધી પૂજા અને ઉપવાસ કરે છે તેના જીવનમાંથી દેવી માતા રાણી તમામ મુશ્કેલીઓ દૂર કરે છે. ચૈત્ર નવરાત્રિ એટલા માટે પણ ખાસ છે કારણ કે હિંદુ કેલેન્ડર મુજબ હિંદુ નવું વર્ષ ચૈત્ર શુક્લ પ્રતિપદાથી શરૂ થાય છે.

# ઋણ : 'સાગર, તું ખોટો વહેમમાં ન રહેતો. તું તો સાવ ખોટો રૂપિયો છે

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

લેઈક પેલેસ હોટેલ પાસેથી અમારી ગાડી જેવી પસાર થઈ, ત્યાં સ્વાતિની નજર એક રેંકડી પર વેચાતાં ચાંદીનાં ઘરેણાંઓ પર પડી. સ્વાતિએ કારને રેંકડી પાસે થોભાવી મને કહ્યું, 'કે અહીં એવી ઘણી વસ્તુઓ દેખાય છે કે જે આપણા અમેરિકન મિત્રોને આપવા લાયક છે. મુંબઈમાં પણ આ બધી વસ્તુઓ મળશે, પરંતુ તેના ભાવ આસમાને હશે. અમે સહકુટુંબ કારમાંથી બહાર આવી એક રેંકડીને ઘેરીને વસ્તુઓ ખરીદવા ઊભા રહી ગયાં. મોતીની માળાઓ, કાનનાં લટકણિયાં વગેરે પસંદ કરી સ્વાતિએ રેંકડી પાસે ઊભેલી એક છોકરીને આ બધાની કિંમત પૂછી.

છોકરીએ સ્વાતિને જણાવ્યું કે મારી મા મારા નાના ભાઈને જમાડવા ઘરે ગઈ છે. તમે બે પાંચ મિનિટ થોભો તો આ મારો ભાઈ હડી કાઢતો ઘરે જઈને મારી માને બોલાવી લાવશે. બાળકીને ધીરજ આપતાં મેં કહ્યું, 'બેટા, અમને જરા ય ઉતાવળ નથી. તું તારે તારા ભાઈને ઘરે તારી માને બોલાવા મોકલ. અમે ત્યાં સુધી રેંકડીની બીજી થોડીક વસ્તુઓ પણ જોઈ લઈએ'. છોકરો ખુશ થતો બેપાંચ મિનિટમાં તો એ પોતાની માને બોલાવી લાવ્યો.

તેમની માતા સુંદર અને દેખાવડી હતી. તેની હરણી શી ચંચળ આંખો તેના નેહ નીતરતા ચહેરા પર મલકી રહી હતી. આભમાં છવાયેલા કાળાડિબાંગ વાદળ સમા તેના કાળા ભમ્મર ઘટાદાર વાળ તેની પાતળી ડોક પર શોભી રહ્યા હતા. અમારી સામે ધીમું હસી હળવેકથી સ્વાતિએ પસંદ કરેલી વસ્તુઓનો ભાવતાલ નક્કી કરવા તેણે સ્વાતિ સાથે વાતો શરૂ કરી. તેણે ભાવતાલમાં સામાન્ય રકઝક કરી. સ્વાતિએ જેમ કહ્યું તે પ્રમાણે તેણે રકમ કબૂલ કરી લીધી. સ્વાતિ પૈસા આપવા પર્સ ખોલી રહી હતી ત્યાં પેલી સ્ત્રીની નજર મારા પર પડી. તેની ચંચળ આંખોને મારા પર સ્થિર થતી જોઈ. મારી આંખ તેની નજર સાથે મળતાં હું શરમાઈ ગયો. મેં તરત જ સ્વાતિ તરફ ફરીને કહ્યું કે જો તારું કામ પતી ગયું હોય તો આપણે હવે ઉદયપુર જોવા જઈએ.

સ્વાતિ મારી વાત પર હસી. પેલી સ્ત્રીની તેમ જ મારી આંખો જે રીતે અથડાણી તેનાથી સ્વાતિ અજાણ ન હતી, 'સાગર, તું ખોટો વહેમમાં ન રહેતો. તું તો સાવ ખોટો રૂપિયો છે. જ્યાં પણ જઈશ ત્યાંથી પાછો જ આવવાનો છે!' સ્વાતિની વાતનો મર્મ સમજતાં હું હસ્યો, હજી પણ પેલી સ્ત્રીની નજર વારંવાર મારા તરફ જતી હતી. હું કશું પણ બીજું વિચારું ત્યાં જ પેલી સ્ત્રી મને સંબોધીને બોલી, 'બાબુજી, તમે મુંબઈમાં ઘાટકોપરમાં આવેલ શ્રેયસ સિનેમાની હરોળના બીજા મકાનમાં રહો છો ને?' તેની વાત તદ્દન સાચી હતી.

અમેરિકા જતા પહેલાં હું ત્યાં રહેતો હતો, એટલે મેં તેને હા ભણી



બાળકની જેમ આનંદમાં આવી જઈ તે ફરીથી બોલી, 'બાબુજી, મારું નામ રેશ્મા છે. હું જ્યારે સાતઆઠ વર્ષની હતી ત્યારે અમે મુંબઈમાં શ્રેયસ સિનેમાની થોડેક છેટે આવેલ પંખા બાબાની દરગા પાસે રહેતાં હતાં. હું રોજ સવારે મારા અબ્બા અને અમ્મી સાથે તમારી શેરીમાં શ્રૃંગારનાં સાધનો વેચવાં માટે આવતી. મારાં મા-બાપ શેરીમાં ધંધો કરવા ચાદર પાથરીને બેસતાં ત્યારે હું તમારા મકાનના ચોકમાં આવીને ગીતો ગાતી, અને ગાતાં ગાતાં નાચ ગાન પણ કરતી. તમારી બા મને વહાલથી ઘરે બોલાવીને હેતથી જમાડતાં હોય, ત્યારે બાબુજી, તમે વરંડામાં ખુરશી પર બેઠા બેઠા કંઈક વાંચવામાં મશગૂલ રહેતા.

આટલું કહ્યાં પછી તેણે મને વધારે થોડુંક યાદ કરાવતાં કહ્યું, કે તે દિવસોમાં ફિલ્મ પાકીઝાનાં ગીતો રેડિયો પર બહુ જ ગુંજતા હતાં. તેમાંનું એક ગીત, 'ઈન્હી લોગોંને, ઈન્હી લોગોંને લે લિયા દુ પટ્ટા મેરા' હું પણ ગાતી ગાતી મીનાકુમારીની નક્કલ કરતી, તેની જેમ નાચતી'. આ પ્રમાણે કહીને તેણે એ ગીતની પંક્તિને એ જ હલક સાથે હળવેકથી ગાયને સંભળાવી પણ દીધી. ગીતના શબ્દો અને તેની હલકે મારી આંખમાં એક આઠ-નવ વરસની પતંગિયા સમી ભોળી ભટાક બાળકી ઊછળતી-કૂદતી, હસતી ગાતી ભમવા માંડી. વીસ વરસ પહેલાં વિતેલ રેશ્માનું બાળપણ અને મારો અતીત મારા સમગ્ર અસ્તિત્વની આસપાસ મને ઘેરી વળ્યાં.

દૂધની બાટલીઓના રણકારે જાગતો સૂર્ય બગાસાં ખાતો બરાબર કામે ચઢે તે પહેલાં મારી શેરી એક

(અનુસંધાન પેજ-6 ઉપર)

## ઇલેક્શોનોમિક્સ

## મહાભારત યુધ્ધના મૂળમાં પણ દ્રૌપદીએ દુર્યોધનને કહેલા વેણ જ હતા ને...?!

# રૂપાલા વિવાદ: વેણ કરાવે વેર તે આનું નામ.., બોલ્યા અને ફસાયા.....

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

## અભી તો પાર્ટી શુરૂ હુઇ હૈ... આગે આગે ક્યા હોગા...? રામ જાણે...!?


આપણાં સંતો-મહંતો અને વેદપુરાણોમાં કાઁઈ એમ જ નથી કહ્યું કે વેણ કરાવે વેર. વેણ એટલે બોલુ, કહેવુ, શબ્દો ઉચ્ચારવા, કંઈક સંભોધન કરવુ અને તેમાં જો સંયમ ન રખાય અને ઉત્સાહમાં આવીને કે અજાણતામાં કંઈક એવુ બોલી દેવાય કે તેનાથી ધમાસાણ ફાટી નિકળે. મહાભારત થવાનું એક કારણ દ્રૌપદીના વેણ જ હતા જે તેમણે દુર્યોધન માટે ઉચ્ચાર્યા હતા.

ગુજરાતની તમામ 26 લોકસભા બેઠકો પર પાર્ટી ઉમેદવારોનાં નામની જાહેરાત થઈ ચૂકી છે અને ઉમેદવારો પોતપોતાની બેઠકો પર ચૂંટણીપ્રચારની પણ શરૂઆત કરી દીધી છે. પરંતુ તેમાં એક ઉમેદવાર પરશોતમ રૂપાલાને પોતકાના ઉચ્ચારાએલા વેણને કારણે હાલમાં તો સમસ્ત ક્ષત્રિય સમાજ સામે વેર બંધાઈ ગયું છે. અને તેમને રાજકોટ બેઠક પરથી દૂર કરવા ક્ષત્રિય સમાજની મહિલાઓ પણ રણચંડી બનીને મેદાનમાં ઉતરતા મામલો ઓર ગંભીર બન્યો છે. મોદી સે બૈર નહીં, રૂપાલા તેરી ખૈર નહીં... એવો ભાવ જોવામાં આવી રહ્યો છે.

ગુજરાતની રાજકોટ બેઠકના ભાજપના ઉમેદવાર પરશોત્તમ રૂપાલાએ પોતાના ચૂંટણીપ્રચાર દરમિયાન રાજકોટ ખાતે વાલ્મીકિ સમાજના એક સ્નેહમિલન સમારોહમાં સભા સંબોધતી વખતે આપેલા નિવેદન અંગે તાજેતરમાં વીડિયો જાહેર કરીને માફી માગવી પડી છે. કેન્દ્રીય મત્સ્યોદ્યોગ, પશુ સંવર્ધન અને ડેરી મંત્રાલયના મંત્રી પરશોત્તમ રૂપાલાના આ નિવેદનના વાઈરલ વીડિયોમાં તેઓ 'જૂના જમાનાના રાજવીઓ' અંગે ટિપ્પણી કરતા દેખાઈ રહ્યા હતા.

આ વીડિયો વાઈરલ થતાં રાજપૂત સમાજના અગ્રણીઓ અને વિપક્ષ દ્વારા તેની ટીકા કરાઈ હતી. ક્ષત્રિય ગીરાસદાર સેના દ્વારા આ વીડિયોમાં રૂપાલાના નિવેદનથી 'કોમી ધાર્મિક લાગણી દુભાઈ' હોવાની ફરિયાદ કરાઈ હતી, જે સંદર્ભે રાજકોટ પોલીસ કમિશનરને એફઆઈઆર નોંધવા માગ કરી હતી.

કેન્દ્ર સરકારમાં પાંચ વર્ષ મંત્રીપદે રહેનાર રૂપાલા આજદિન સુધી કેઇ વાદ કે વિવાદમાં આવ્આં નથી. તેઓ મંત્રીપદે છે એવુ પણ લાગતુ નહોતુ કેમ કે તેઓ મિડિયાથી દૂર પોતાના ખાતાનું કામ કરી રહ્યાં હતા. પરંતુ ચૂંટણીઓ જાહેર થઈ અને મેદાનમાં ઉતરતા જ વેણ-વાણીના વમળમાં ફસાઈ



ગયા. તેઓ એવુ તે શું બોલ્યા કે ક્ષત્રિય સમાજને હાડોહાડ લાગી આવ્યું...?! લગભગ એક મિનિટના આ વાઈરલ વીડિયોમાં રૂપાલા એવુકહેતા સંભળાય છે કે, "ભારતમાં અંગ્રેજો સહિત ઘણી પ્રજા રહી. તેમણે દમન કરવામાં કાંઈ બાકી નહોતું રાખ્યું."

તેમના આ નિવેદનમાં તેઓ આગળ કહે છે કે, "એ સમયે મહારાજા ય નમ્યા. એમણે રોટી-બેટીના વ્યવહાર કર્યા, પણ મારા રુખી સમાજે (દલિત સમાજ) ના તો ધર્મ બદલ્યો ના તો વ્યવહાર કર્યો. એનું સૌથી વધુ દમન કરવામાં આવ્યું હતું. હજાર વર્ષે રામ આના ભરોસે આવ્યો છે. ના તો એ ભયથી તૂટ્યા, ના ભૂખથી તૂટ્યા. તેઓ અડીખમ રહીને ટક્યા, એ જ સનાતન ધર્મ છે. એના તમે વારસદારો છો, અમને તમારા પર ગર્વ છે."

આ વીડિયો વાઈરલ થતાં રાજપૂત સમાજ અને વિપક્ષે પ્રતિક્રિયા આપીને રૂપાલા પર 'ક્ષત્રિય સમાજનું અપમાન' કર્યાનો આરોપ મૂક્યો છે.રાજકોટ કારડીયા રાજપૂત પ્રમુખ મહેશ રાજપૂતે પોતાની પ્રતિક્રિયામાં રૂપાલાનો વિરોધ કર્યો હતો. તેમણે કહેલું કે, "જે રીતે રૂપાલાએ રાજપૂત સમાજનું અપમાન કર્યું એ અતિ નિંદનીય છે." રૂપાલાએ પોતાના નિવેદન અંગે વિવાદ થયા બાદ ભાજપના પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાને વચ્ચે ઉતારીને માફી પણ માગી હતી, જેનો વીડિયો ક્ષત્રિય સમાજ ગુજરાતની યૂટ્યૂબ ચેનલ પર મુકાયો હતો.

જેમાં તેમણે પોતાના વેણને પાછા વાળતા એમ કહ્યું કે, "વાઈરલ વીડિયો અંગે ક્ષત્રિય સમાજના ઘણા આગેવાનોએ મને પ્રતિક્રિયા આપી છે, ઘણાએ રોષ વ્યક્ત કરીને સલાહ આપી છે. જેમાં ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, રાજ્યસભાના સાંસદ કેસરીસિંહ અને રાજકોટના માંધાતાસિંહ સહિત ક્ષત્રિય સમાજના આગેવાનો સાથે આ અંગે મારી

(અનુસંધાન પેજ-6 ઉપર)

Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111. Co-Editor PRAVIN GHAMANDE Responsible for Selection of news under PRB Act'.

# ઊલટી ગંગા: ખાનગીને બદલે સરકારી શાળાઓમાં એડમિશન માટે ધસારો

ગુજરાત | વંદન

શહેરમાં કોર્પોરેટ લૂક ધરાવતી ખાનગી શાળાઓની સામે હવે છેલ્લાં કેટલાંક વર્ષથી મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત શાળાઓએ કાઠું કાઢ્યું છે. મોંઘવારીના હાલના જમાનામાં ખાનગી શાળાઓ ભારે ફીના કારણે સારી આવક ધરાવતા મધ્યમ વર્ગના પરિવારોને પણ પરવડે તેવી રહી નથી.

આ સંજોગોમાં વાલીઓએ મ્યુનિસિપલ શાળાઓ તરફ નજર દોડાવી છે. મ્યુનિ.શાળાઓ ભલે સરકારી શાળાઓમાં ગણાતી હોય, પરંતુ આ શાળાઓ તેનાં કૌશલ્યવર્ધન સાથેનાં શિક્ષણ અને વિવિધ પ્રકારની સુવિધાઓના કારણે વાલીઓમાં લોકપ્રિય બની છે. આગામી જૂન-૨૦૨૪થી મ્યુનિ.શાળાના બાલવાટિકા અને ધોરણ-૧માં પોતાનાં બાળકોને પ્રવેશ અપાવવા માટે વાલીઓ ભારે આતુર બન્યા હોવાનું સામે આવ્યું છે.

હાલમાં મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડ દ્વારા શહેરમાં ૪૩૯ શાળા ગુજરાતી, હિન્દી, મરાઠી અને અંગ્રેજી જેવા માધ્યમમાં ચાલી રહી છે. સ્કૂલ બોર્ડની માલિકીની ૩૧૨ બિલ્ડિંગમાં અત્યારે ૧.૬૬ લાખથી વધુ વિદ્યાર્થીઓ શિક્ષણ લઈ રહ્યા છે. આ બાળકોને ઉચ્ચ લાયકાત ધરાવતા ૪,૬૦૦ જેટલા શિક્ષકો વિદ્યાભ્યાસ કરાવે છે.

મ્યુનિ.સ્કૂલ બોર્ડના સત્તાવાળાઓના અથાગ પ્રયાસોના કારણે શાળાઓના શિક્ષણનું સ્તર દિવસે દિવસે સુધરતું જાય છે. અત્યારે અમદાવાદમાં ૮૧ સ્માર્ટ શાળા ધમધમે છે. આ સ્માર્ટ શાળાઓ ખાનગી શાળાઓને પણ અમુક બાબતમાં ટક્કર મારે તેવી છે. આ ઉપરાંત સ્કૂલ ઓફ એક્સલન્સ અંતર્ગત ૨૧૭ શાળા ચાલી રહી છે. આ તમામ શાળાઓમાં માળખાકીય સુવિધાઓની ભરમાર છે, જેના કારણે વાલીઓ દિન-પ્રતિદિન મ્યુનિ.શાળા પ્રત્યે આકર્ષિત થઈ રહ્યાં છે.

તંત્ર દ્વારા ડિસેમ્બરના અંતમાં જૂન-૨૦૨૪માં બાલવાટિકા તેમજ ધોરણ-૧માં પ્રવેશ મેળવવા પાત્ર બાળકોને લગતો સર્વે હાથ ધરાયો હતો. આ સર્વે ગત ૩૧ માર્ચે પૂર્ણ કરાયો છે, જે હેઠળ જે તે શાળાના મુખ્ય શિક્ષક, વર્ગ શિક્ષક, વિષય શિક્ષક વગેરેએ સ્લમ વિસ્તાર, શેરી-મહોલ્લા વિસ્તાર, ફ્લેટ વિસ્તારમાં ફરીને બાલવાટિકા અને ધોરણ-૧માં પ્રવેશ મેળવવા પાત્ર બાળકોનાં વાલીઓનો સંપર્ક કર્યો હતો.આ વાલીઓ પાસે પ્રવેશ મેળવવા માટેનાં ફોર્મ ભરાવવામાં આવ્યાં હતાં. સત્તાવાળાઓનાં સર્વે મુજબ બાલવાટિકામાં પ્રવેશપાત્ર બાળકોની કુલ સંખ્યા ૯,૨૩૧ છે, જે પૈકી ૪,૬૮૩ બાળકો કુમાર છે અને ૪,૫૮૪ કન્યા છે. અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવવા માટે ૭૫૦ બાળકો નોંધાયા છે. જ્યારે હિન્દી માટે ૧,૦૪૦ બાળક અને ઉર્દૂ માટે ૯૨૬ બાળકની નોંધણી થઈ છે. આમ, મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડના સર્વે અનુસાર બાલવાટિકા અને ધોરણ-૧માં પ્રવેશપાત્ર બાળકોની કુલ સંખ્યા ૨૯ હજારથી વધુ થાય છે, જે એક નવો રેકોર્ડ છે.

હવે ધોરણ-૧માં પ્રવેશપાત્ર બાળકની કુલ સંખ્યા સર્વે મુજબ ૨૦,૧૩૦ની થઈ છે, જે પૈકી ૯,૯૨૯ કુમાર અને ૧૦,૨૦૧ કન્યાઓ નોંધાઈ છે આમાં અંગ્રેજી માધ્યમમાં ૧,૭૭૪ બાળકો, હિન્દી માધ્યમમાં ૨,૯૩૫ બાળકો અને ઉર્દૂ માધ્યમમાં ૧,૫૮૬ બાળકો નોંધાઈ ચૂક્યાં છે. અત્યાર સુધીનાં વર્ષોમાં આ વર્ષે મ્યુનિસિપલ શાળામાં પ્રવેશ મેળવવા માટે વાલીઓમાં અભૂતપૂર્વ ધસારો જોવા મળી રહ્યો છે. માહિતગાર સૂત્રો જણાવે છે કે ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે ૫,૫૦૦થી વધુ બાળકો પ્રવેશ મેળવવાનાં છે, જે ખરેખર પ્રોત્સાહનજનક બાબત છે.

# શહેરમાં આરટીઈ હેઠળ 170 વિદ્યાર્થીઓના એડમિશન રદ કરાયા

ગુજરાત | વંદન

શહેરમાં આવકનું ખોટુ પ્રમાણપત્ર બનાવી આપનારાઓનો વેપલો પુષ્કળ પ્રમાણમાં વધ્યો છે, તેની સામે વાલીઓ પણ પોતાના બાળકોને નામાંકિત શાળામાં એડમિશન મેળવવા માટે ગમે તે કરી છૂટવા માટે તૈયાર હોય છે તેને કારણે જ ખોટી આવકના પ્રમાણપત્ર બનાવી આપનારા લોકો પણ શહેરમાં વધ્યા છે, આ મામલે અમદાવાદના શિક્ષણ વિભાગ દ્વારા કાર્યવાહી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, તે મુજબ ખોટી આવકનું પ્રમાણપ્રત્ર મેળવીને શાળાઓમાં એડમિશન મેળવનાર વાલીઓ સામે પગલાં લેવાનું તંત્ર દ્વારા નક્કી કરવામાં આવ્યું છે, અને RTE હેઠળ એડમિશન માટે ખોટી આવક દર્શાવનાર વિવિધ શાળાના કુલ 170 વિદ્યાર્થીઓના એડમિશન રદ કરવામાં આવ્યા છે. શાળાએ જિલ્લા શિક્ષણાધિકારીનું ધ્યાન દોરતા આ કાર્યવાહી કરવામાં આવી છે.

અમદાવાદમાં શાળામાં RTEમાં ભણતા બાળકોના વાલીની આવક વધુ મળી આવી હતી. જેને પગલે આવા બાળકોના રેગ્યુલર એડમિશન કરવા વાલીઓને સૂચના અપાઈ હતી. RTE હેઠળ દર્શાવાતી આવક કરતા વધુ આવક મળી આવતા શાળાએ જિલ્લા શિક્ષણાધિકારીને જાણ કરી હતી ત્યાર બાદ ખોટી આવકનો ખુલાસો થતા 170 વિદ્યાર્થીના એડમિશન રદ કરવામાં આવ્યા છે. રદ કરાયેલા એડમિશનમાં ઉદગમ સ્કૂલના 106 અને ગ્લોબલ સ્કૂલના 46 એડમિશન જ્યારે ઝેબર સ્કૂલના 10, આનંદ નિકેતન સ્કૂલના 6 એડમિશન રદ કરાયા છે. તેમજ એચ-3 વર્લ્ડ સ્કૂલમાં 1 એડમિશન રદ કરવામાં આવ્યા છે. ખોટી આવક દર્શાવનાર વાલીઓ સામે કાર્યવાહી કરવામાં આવી છે.

RTE એક એવો કાયદો છે કે જેનાથી હોશિયાર છતા આવકની દ્રષ્ટિએ નબળા વિદ્યાર્થીને સારામાં સારી સ્કૂલમાં સારામાં સારુ શિક્ષણ મળે. RTEનો કાયદો 2009માં બન્યો જે બાદ ગુજરાતમાં 2012થી અમલી બન્યો હતો. RTE હેઠળ ધોરણ 1માં પ્રવેશ આપવામાં આવે છે, જેમાં ઓછી આવક ધરાવતા વાલીઓના બાળકોને એડમિશન આપવામાં આવે છે. RTE હેઠળ એડમિશન માટે સંપત્તિ નહીં પરંતુ આવક જ ધ્યાનમાં લેવામાં આવે છે. એટલે કે અમદાવાદ સહિત રાજ્યમાં ક્યાંય પણ બંગલા કે હવેલીમાં રહેતી વ્યક્તિના બાળકને RTEમાં એડમિશન મળી શકે છે.

## સાપ્તાહિક રાશિફળ



પંડિત અજય શર્મા

**મેષ** (અ.લ.ઈ)
તમારા લક્ષ્યને પ્રાપ્ત કરવામાં તમને નજીકના સંબંધીનો સહયોગ મળશે. પૈસા કરતાં તમારા સન્માન અને આદર્શોમાં વિશ્વાસ રાખવાથી તમે સફળ થશો. તમને આધ્યાત્મિકતા સાથે જોડાયેલા કેટલાક ખાસ તથ્યો વિશે પણ માહિતી મળશે. આ સમયે બેદરકારીને કારણે પૈસાનો વ્યય પણ થઈ શકે.

**વૃષભ** (બ.વ.ઉ)
ખાસ કરીને મહિલાઓ માટે આ સપ્તાહે ઉત્તમ પરિણામ આપનાર છે. કુટુંબ સંબંધિત કોઈપણ ગંભીર મુદ્દા પર ચર્ચા કરવામાં આવશે. જેનું પરિણામ પણ હકારાત્મક આવશે. વિદ્યાર્થીઓ અને યુવાનો તેમની મહેનત અને પ્રયત્નોના સાનુકૂળ પરિણામો પ્રાપ્ત કરશે.

**મિથુન** (ક.છ.ઘ)
ગ્રહોની સ્થિતિ અનુકૂળ રહેશે. તમારા સંપર્ક સ્ત્રોતોને વધુ મજબૂત બનાવો, કારણ કે આ તમને ઈચ્છિત પરિણામો આપશે. તમે ઉર્જાથી ભરપૂર અનુભવ કરશો. ઘરની સુખ-સુવિધાઓ સાથે સંબંધિત કાર્યોમાં પણ તમારું મહત્વપૂર્ણ યોગદાન રહેશે. તમારી પાસે ઘણી યોજનાઓ પૂર્ણ થશે.

**કર્ક** (ડ.હ)
પરિવારના કોઈ સભ્યની સિદ્ધિને લઈને ઘરમાં ઉત્સવનું વાતાવરણ રહેશે. તમારી પસંદગી મુજબ તમારા શોખ અથવા પ્રવૃત્તિઓમાં થોડો સમય વિતાવવાની ખાતરી કરો. શાંતિપૂર્ણ વાતાવરણમાં રહેવાથી તમે નવી ઉર્જા અને ઉત્સાહનો અનુભવ કરશો.

**સિંહ** (મ.ટ)
ગ્રહોની સ્થિતિ અને ભાગ્ય તમારા પક્ષમાં છે. રાજકીય સિદ્ધિઓ પ્રાપ્ત થઈ શકે છે. જેના કારણે સમાજમાં તમારો દરજ્જો વધશે. આવકમાં પણ વધારો થશે. તમારા સ્વજનોનો સહયોગ અને સ્નેહ તમારી સાથે રહેશે.કોઈ પણ સમસ્યાનો શાંતિથી ઉકેલ લાવવાનો પ્રયાસ કરો.

**કન્યા** (પ.ઠ.ણ)
આર્થિક યોજનાઓ પણ સફળ થશે. તમારા મનમાં નવી યોજનાઓ આવશે. જે ઘર અને બિઝનેસ બંને માટે યોગ્ય સાબિત થશે. શોપિંગ વગેરેમાં પણ આનંદદાયક સમય પસાર થશે. કોઈ પણ પ્રકારની યાત્રા ન કરવી, કારણ કે સમય અને પૈસાની બરબાદી સિવાય કંઈપણ પ્રાપ્ત થશે નહીં.

**તુલા** (ર.ત)
પારિવારિક સમસ્યાઓના કારણે પરસ્પર સંબંધોમાં જે મતભેદો સર્જાયા હતા તે અનુભવી સભ્યની મદદથી દૂર થશે. અને સંબંધોમાં ફરી મધુરતા આવશે. પ્રતિષ્ઠિત લોકો સાથે સંપર્ક વધશે, જે તમારા માટે ફાયદાકારક સાબિત થશે. તમારી ફાઈલો, દસ્તાવેજો વગેરેને ખૂબ જ ધ્યાનથી રાખો.

**વૃશ્ચિક** (ન.ય)
છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલી કેટલીક દુવિધાઓનો ઉકેલ મળવાથી રાહત મળશે. ધાર્મિક અથવા આધ્યાત્મિક પ્રવૃત્તિઓ તરફ તમારી શ્રદ્ધા અને ઝોક રાખવાથી તમારા વ્યક્તિત્વમાં વધુ નિખાર આવશે.યુવાનોએ બિનજરૂરી મોજ-મસ્તીમાં સમય ન બગાડવો.

**ધન** (ભ.ધ.ફ)
અનેક પ્રકારની પ્રવૃત્તિઓને કારણે કામનો ભાર વધશે. પરંતુ તમને તમારી વ્યસ્તતાનું યોગ્ય પરિણામ પણ મળશે. વિદ્યાર્થીઓને તેમની મહેનતનું સાનુકૂળ પરિણામ મળવાનું છે. નકામી વાદવિવાદથી દૂર રહો. કોઈ કામ બગડશે તો તમારું મન ઉદાસ રહેશે.

**મકર** (ખ.જ)
નજીકના સંબંધીના અચાનક આગમનથી ઘરમાં આનંદનું વાતાવરણ રહેશે. વિદ્યાર્થીઓને તેમના શિક્ષણ સંબંધિત કોઈ અવરોધ દૂર થશે તો રાહત અનુભવશે. તમારી સમજદારી અને ચતુરાઈનો ઉપયોગ તમારી પ્રગતિમાં મદદરૂપ થશે. વ્યવસાયિક પ્રવૃત્તિઓ પર તમારું સંપૂર્ણ નિયંત્રણ રહેશે.

**કુંભ** (ગ.સ.શ.ષ)
અન્યોની મદદ અને સમર્થનમાં તમારું યોગદાન ચાલુ રહેશે. સામાજિક સન્માન અને પ્રતિષ્ઠામાં પણ વધારો થશે. કોઈપણ ધાર્મિક કાર્યક્રમમાં જવાથી તમે લોકોને મળશો અને તમારું મન પ્રસન્ન રહેશે. વિદ્યાર્થીઓને તેમની કારકિર્દી સંબંધિત કેટલાક સારા સમાચાર મળવાની અપેક્ષા છે.

**મીન** (દ.ચ.ઝ)
અન્યોની મદદ અને સમર્થનમાં તમારું યોગદાન ચાલુ રહેશે. સામાજિક સન્માન અને પ્રતિષ્ઠામાં પણ વધારો થશે. કોઈપણ ધાર્મિક કાર્યક્રમમાં જવાથી તમે લોકોને મળશો અને તમારું મન પ્રસન્ન રહેશે. વિદ્યાર્થીઓને તેમની કારકિર્દી સંબંધિત કેટલાક સારા સમાચાર મળવાની અપેક્ષા છે. કોઈપણ પ્રકારની મૂંઝવણના કિસ્સામાં ટેન્શન લેવાને બદલે વરિષ્ઠ સભ્યોએ તેની ચર્ચા કરવી જોઈએ.

## ગરમીમાં સિગ્નલ પર વધારે ઊભું નહીં રહેવું પડે, બ્લિકર મુકાશે..

# શહેરમાં આશરે 100 ટ્રાફિક સિગ્નલો બપોરે બંધ રહેશે

ગુજરાત | વંદન

હોળી બાદ દેશમાં ગરમીની શરૂઆત થઈ જતી હોય છે, પરંતુ હવે તો જળવાયુ પરિવર્તન ને કારણે તો ગમે ત્યારે ગરમી, ઠંડી અને વરસાદનો અનુભવ થઈ રહ્યો છે, એવામાં રાજ્યમાં માર્ચ મહિનાની શરૂઆત થતા જ રાજ્યમાં ગરમીનો પ્રકોપ શરૂ થઈ ગયો છે. અને હવામાન વિભાગ દ્વારા પણ વિવિધ સ્થળોએ હીટવેવની આગાહી કરવામાં આવી છે. સામાન્ય લોકો ગરમીમાં શેકાઈ રહ્યાં છે ત્યારે ગરમી વધતા ટ્રાફિક વિભાગ દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

જેમાં શહેરના 100 ટ્રાફિક સિગ્નલ બપોરે બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. બપોરે 12 વાગ્યાથી 4 વાગ્યા સુધી આ 100 ટ્રાફિક સિગ્નલ બંધ રહેશે. તેમજ હેવી ટ્રાફિક સિગ્નલનો સમય પણ ઘટાડવામાં આવશે. જેથી ગરમીમાં વાહનચાલકોને ઉભું ન રહેવું નહીં પડે. ગરમીમાં ટ્રાફિક સિગ્નલ પર ઉભા રહેતાંની સાથે જ વાહનોની ગરમી અને આકરા તડકાથી ચામડી તતડવા લાગે છે. જેના કારમે છેલ્લા કેટલાય વર્ષોથી ટ્રાફિક વિભાગ દ્વારા આ મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. અમદાવાદીઓને બપોરના સમયે ટ્રાફિક સિગ્નલ પર ઉભુ રહેવુ પડશે નહી.

ટ્રાફિક વિભાગ દ્વારા અમદાવાદ શહેરમાં 100 જેટલા ટ્રાફિક સિગ્નલ બપોરે 12 વાગ્યાથી લઈને 4 વાગ્યા સુધી બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. અમદાવાદ શહેરમાં કુલ 305 સિગ્નલ છે. જેમાંથી 20 સિગ્નલ બંધ હાલતમાં છે. તે સિવાય 100 જેટલા સિગ્નલ પર બપોરે 12-4 વાગ્યા સુધી બ્લિકર મુકવામાં આવશે.

આ તમામ પોઈન્ટ પર પોલીસની હાજરી હશે જેથી ટ્રાફિકનું નિયમન પણ થઈ શકે.

આ સિવાય કોર્પોરેશન સાથે મળી મોટા ચાર રસ્તા પર ટ્રાફિકને અડચણ ન થાય તે રીતે મંડપ પણ બંધાશે તેથી સિગ્નલ પર ઉભેલા વાહન ચાલકોને આકરો તાપ સહન ન કરવો પડે.અમદાવાદ શહેરમાં અંદાજે 6 કરોડના ખર્ચે 100 સિગ્નલ પર આ સિસ્ટમ લગાવાશે. જેની મદદથી લોકોને ટ્રાફિકની સમસ્યાથી રાહત મળશે. આ સિસ્ટમ કોર્પોરેશન આગામી સમયમાં લાવવા જઈ રહ્યું છે.



જેના કારણે લોકોને ટ્રાફિક સિગ્નલ પર વધુ સમય ઉભા રહેવુ નહી પડે. એટલે કે જો ચાર રસ્તા પર એક સિગ્નલ ખુલે જેનો દોઢ મિનિટ સમય હોય અને ત્યાથી 60 સેકન્ડમાં ટ્રાફિક હળવો થઈ જાય, તો તરત ઓટોમેટિક સિગ્નલ બંધ થઈ જશે અને અન્ય સિગ્નલ ખુલી જશે. જેથી સામેના સિગ્નલના ચાલકોને જલ્દી નીકળવા મળશે. એટલે કે વાહન ચાલકોનો સમય બચશે.

# સિરામિક કંપનીના કન્સલ્ટન્ટે 7.62 લાખની ઉચાપત કરી

ગુજરાત | વંદન

મહેસાણાના શોભાસણ રોડ પર આવેલી રોનક સિરામિક કંપનીના એકાઉન્ટન્ટ તેમજ મેનેજમેન્ટનું કામ કરતા કન્સલ્ટન્ટે રૂ.૭.૬૨ લાખની ઉચાપત કરવા ઉપરાંત કંપનીને નુકશાન પહોચાડવા લેટરપેડ, લોગીન પાસવર્ડ વગેરેનો દુરૂપયોગ કર્યો હોવાનો ગુનો મહેસાણા તાલુકા પોલીસ મથકે કોર્ટના આદેશથી નોંધાયો છે.

રોનક સિરામિક કંપનીના ડિરેકટર ખાતીબઅલી લિયાકતઅલી કલાનિયાએ નોંધાવેલી ફરિયાદ મુબજ મહેસાણાના નાગલપુર હાઈવે પર વાઈડ એન્ગલ પાછળ બાલાજી સ્ટેટસમાં રહેતા સુનિલ આરેન્દ્રભાઈ મોદી તેમની રોનક સિરામિકના કન્સલ્ટન્ટ તરીકે કામ કરતા હતા, તેઓ સંસ્થાનું એકાઉન્ટ તેમજ મેનેજમેન્ટનું કામ સંભાળતા હતાતેઓએ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા મહેસાણાના બે ડીમાન્ડ ડ્રાફ્ટ કોઈપણ ડીરેકટરની સંમતિ વગર તેમની જાણ બહાર વટાવી લઈ કુલ રૂ.૭,૬૨,૩૦૦ની ઉચાપત કરી હતી. તે અંગેની કબુલાત કરી તેમણે આ રકમ વહેલામાં વહેલી તકે ચુકવી દેવાની બાંહેધરી સંસ્થાના ડીરેકટરોને આપી હતી. વારંવાર સૂચના આપવા છતાં સંસ્થાની રકમ પરત કરી નથી.



સુનિલ મોદીએ સંસ્થાના કામદારોના પીએફની રકમ પણ જમા કરાવી નથી અને સંસ્થાને આર્થિક નુકશાન પહોંચાડયું છે. સંસ્થાની એકાઉન્ટ બુકમાં ખોટી એન્ટ્રીઓ કરી નાણાંકીય ઉચાપત કરી છે. સંસ્થાના અકાઉન્ટના તમામ દસ્તાવેજી પુરાવા તેમના કબજામાં રાખી દીધા છે, કંપનીના ઈન્કમટેકસ, જીએસટી તેમજ અન્ય સરકારી કામકાજ માટેના જરૂરી કંપનીના લોગીન આઈડી તેમજ પાસવર્ડ પણ તેની પાસે રાખ્યા છે અને કંપનીને પરત કર્યા નથી અને દુરૂપયોગ કર્યો છે.

સંસ્થાને બદનામ કરવાની કોશિષ કરી છે અને સંસ્થા બંધ કરાવી દેવાની ધમકી આપી છે. કંપનીના ડિરેકટરના સિક્કાનો દુરૂપયોગ કરી ઘણી જગ્યાએ સંસ્થાના નામે ખોટા વ્યવહારો કર્યા છે. સુનિલ મોદીએ સંસ્થા સાથે નાણાંકિય ઉચાપત, વિશ્વાસઘાત તથા છેતરપિંડી કરી મોટુ આર્થિક નુકશાન કર્યા ઉપરાંત ડિરેકટરોને જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાના આક્ષેપ પણ ફરિયાદમાં કરાયા છે.

# પાલજમાં નિયમિત હાજરી માટે શાળા દ્વારા ઈનામની જાહેરાત

ગુજરાત | વંદન

શાળામાં વિદ્યાર્થીઓની હાજરીની સાથે સાથે નામાંકનમાં વધારો થાય તે માટે પાલજની સરકારી પ્રાથમિક શાળાના આચાર્ય દ્વારા ઈનામ આપવાની શરૂઆત કરી છે. તેમાં નિયમિત હાજરી, ગૃહકાર્ય, શૈક્ષણિક કાર્યમાં સારો દેખાવ સહિતના મુદ્દે વિદ્યાર્થીઓને પેન સેટથી વોટરજગ સુધીના ઈનામો આપવામાં આવી રહ્યા છે. ઈનામને પગલે ચાલુ શૈક્ષણિક વર્ષમાં વિદ્યાર્થીઓની હાજરીની સાથે સાથે શૈક્ષણિક કાર્યમાં ફરક જોવા મળ્યો છે.શાળાઓમાં ડ્રોપ આઉટ રેસિયો ઘટાડવા માટે રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા અનેક યોજના ચલાવવામાં આવી રહી છે. ઉપરાંત શિક્ષકોને તાલીમ આપવા સહિતની કામગીરી કરવામાં આવી છે. જોકે



દેશના વડાપ્રધાન અને તત્કાલિક મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ એકપણ બાળક શિક્ષણથી વંચિત રહે નહી. ઉપરાંત પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કરે તે માટે શાળા પ્રવેશોત્સવ તેમજ કન્યા કેળવણી સહિતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

ત્યારે ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારમાં આવેલા પાલજ ગામની સરકારી પ્રાથમિક શાળાના આચાર્ય હિતેશ પટેલે શાળામાં વિદ્યાર્થીઓની નિયમિત હાજરીની સાથે સાથે શિક્ષણ લે તેમજ નામાંકન થાય તે માટે ઈનામ આપવાનું શરૂ કર્યું છે. ચાલુ શૈક્ષણિક વર્ષથી અમલ કરેલા ઈનામ આપવાની યોજનાને ચાલુ શૈક્ષણિક વર્ષમાં સારો પ્રતિસાદ મળતા વિદ્યાર્થીઓની હાજરીમાં વધારાની સાથે સાથે ગેરહાજરીમાં ઘટાડો નોંધાયો છે. જ્યારે શૈક્ષણિક કાર્યમાં વધારો થવાથી તેની સીધી અસર વિદ્યાર્થીઓના પરિણામ ઉપર પડી છે.શાળામાં વર્ષ દરમિયાન એકપણ રજા નહી પાડનાર 100 ટકા હાજરીવાળા વિદ્યાર્થીને બોલપેનનો સેટ આપવામાં આવે છે. 100 ટકા હાજર રહેનાર વિદ્યાર્થીનીઓને જ્યુસર, નિયમિત ગૃહકાર્ય લાવનારને પર્સ તેમજ તમામ નિયમિત વિદ્યાર્થીઓને પેન્સિલ રબર સેટ આપવામાં આવે છે. પ્રથમ શૈક્ષણિક સત્રમાં શૈક્ષણિક સિદ્ધીમાં સારો દેખાવવાળા વિદ્યાર્થીઓને ઈનામ આપ્યા હોવાનું શાળાના આચાર્યએ જણાવ્યું છે.

# કુલીઓને બાયોડિગ્રેડેબલ પાઉચ અપાયા

ગુજરાત | વંદન

પશ્ચિમ રેલ્વેના અમદાવાદ સ્ટેશન પર ડિવિઝનલ રેલ્વે મેનેજર સુધીર કુમાર શર્માના માર્ગદર્શન હેઠળ અમદાવાદ સ્ટેશન પર મુસાફરો, કુલીઓ, ઓટો-રિક્ષા ચાલકો, લોડરો અને અન્ય કર્મચારીઓ માટે અમદાવાદ સ્ટેશન પર એક વિશેષ જાગરૂકતા અભિયાન "થૂંકવા પર મનાઈ છે"નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઝુંબેશ હેઠળ કુલીઓને થૂંકવા માટે બાયોડિગ્રેડેબલ થૂંક પાઉચ મફત આપવામાં આવ્યા હતા.

તેમને જૂના પાઉચના આધારે રિપ્લેસમેન્ટ આપવામાં આવશે. અમદાવાદ સ્ટેશન પર નુક્કડ નાટક દ્વારા થૂંકવાની હાનિકારક અસરો, સ્વચ્છતા પર તેની અસર અને જાહેર સ્થળોની સ્વચ્છતાના કારણે રેલવેને થતું આર્થિક નુકસાન સમજાવવામાં આવ્યું હતું. આ સિવાય તેમને થૂંકવા સંબંધિત સજા વિશે પણ જણાવવામાં આવ્યું હતું.

વરિષ્ઠ મંડળ પર્યાવરણ અને ગૃહ વ્યવસ્થા પ્રબંધક સુનિલ પાટીદારે માહિતી આપતાં જણાવ્યું હતું કે દર વર્ષે ભારતીય રેલ્વે થૂંકવાના નિશાન સાફ કરવા માટે રૂ. 1200 કરોડનો ખર્ચ કરે છે.

## શબ્દોની સંતાકૂકડી 107

ગુજરાત વંદન
gujaratvandan.com

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 | 2 | | 3 | ■ | 4 | |
| 5 | | ■ | 6 | 7 | | ■ |
| | ■ | 8 | ■ | | ■ | 9 |
| ■ | 10 | | | ■ | 11 | |
| 12 | ■ | | ■ | 13 | | |
| 14 | | ■ | 15 | ■ | | ■ |
| | ■ | 16 | | | ■ | 17 |


**ઊભી ચાવી**

(1) જહાજ, દરિયામાં મુસાફરી કરવાનું સાધન [3]
(2) છેનું વિરોધી [2]
(3) ચેતન તત્ત્વ, આત્મા [2]
(4) સાંભળવાની ઈન્દ્રિય [2]
(7) ઘઉં જેવું એક ધાન્ય [2]
(8) તુચ્છ, હલકા સ્વભાવનું [3]
(9) મોરને માથે હોય [3]
(11) વેતન લીધા વગર કામ કરનારું, ઓનરરી [3]
(12) વિષ્ણુના દસ અવતારોમાંનો એક અવતાર [3]
(15) સોનું, કાંચન [2]

**આડી ચાવી**

(1) વૃક્ષોની લાંબી હાર [4]
(4) મરણ પાછળની રોકકળ [2]
(5) ગજ, મેગળ, કુંજળ, એક પ્રાણી [2]
(6) ભાર [3]
(10) ચણાના લોટની એક વાનગી [3]
(11) વેપારની ચીજ વસ્તુ, વેપારી સામાન [2]
(13) જાહેર નહિ તેવું [3]
(14) વજનનું એક માપ [2]
(16) આપણું રાષ્ટ્રીય ફૂલ [3]
(17) ક પછી આવે [1]

શબ્દોની સંતાકૂકડી-107નો ઉકેલ



## સુડોકુ કોયડો નં. 108

ગુજરાત વંદન
gujaratvandan.com

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | | | 4 | 1 | | 7 | | |
| | 2 | | | | | | 1 | |
| | 7 | | 5 | | 8 | | 9 | |
| 8 | | 1 | | 9 | | 2 | 5 | 4 |
| 4 | | | | 8 | | | | |
| | 5 | | 3 | | 2 | | 6 | |
| | 4 | | | | | 5 | | |
| 9 | | | 2 | 6 | | | | 1 |
| | | 7 | | | 3 | 8 | 4 | |

ખાનાઓમાં એકથી નવના આંક એ રીતે ગોઠવાયેલા છે કે ઊભી, આડી રોમાં એક આંક એક જ વાર આવે. તે જ રીતે દરેક કોર્નરમાં નવના ચોકઠામાં પણ એકથી નવના આંક એક એકવાર જ આવવા જોઈએ. નમૂના માટે કેટલાક આંક મૂકાયા છે. ખાલી ખાનાં હવે તમે તર્ક લગાડીને ભરી કાઢો.

સુડોકુ-108નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 9 | 3 | 4 | 1 | 6 | 7 | 8 | 2 |
| 6 | 2 | 8 | 7 | 3 | 9 | 4 | 1 | 5 |
| 1 | 7 | 4 | 5 | 2 | 8 | 6 | 9 | 3 |
| 8 | 3 | 1 | 6 | 9 | 7 | 2 | 5 | 4 |
| 4 | 6 | 2 | 1 | 8 | 5 | 9 | 3 | 7 |
| 7 | 5 | 9 | 3 | 4 | 2 | 1 | 6 | 8 |
| 3 | 4 | 6 | 8 | 7 | 1 | 5 | 2 | 9 |
| 9 | 8 | 5 | 2 | 6 | 4 | 3 | 7 | 1 |
| 2 | 1 | 7 | 9 | 5 | 3 | 8 | 4 | 6 |

### ગરમીથી રક્ષણ મળી રહે તે માટે ખાસ મડ પોન્ડ બનાવવામાં આવ્યા

# રાજકોટના ઝૂમાં પ્રાણીઓ માટે વિશેષ વ્યવસ્થા

ગુજરાત | વંદન

ગરમી વધતાં માણસો તો પશુ-પંખી-પ્રાણીઓની હાલત પણ કફોડી થઈ જાય છે. હાલ હીટવેટ શરૂ થઈ ગયા છે, ત્યારે રાજકોટના ઝૂમાં પ્રાણીઓ માટે ઠંડક માટે વિશેષ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. હાલ રાજકોટ પ્રાણીઉદ્યાન ખાતે જુદી જુદી ૬૭ પ્રજાતિઓનાં કુલ ૫૬૪ વન્યપ્રાણી-પક્ષીઓ છે. ઉનાળો શરૂ થયો છે ત્યારે તાપ અને ગરમીના કારણે વન્યપ્રાણી-પક્ષીઓને તકલીફ ના પડે તે માટે અને ગરમીથી રક્ષણ મળી રહે તે માટે ઝૂ ખાતે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં સિંહ, વાઘ, દિપડા, રીંછ વગેરે માટે તેમના પાંજરામાં વિશાળ પાણીના પોન્ડ બનાવવામાં આવ્યા છે. આકરો તાપ તથા ગરમીના સમયે પ્રાણીઓ પોન્ડના પાણીમાં બેસી રહે છે અને ગરમીથી રાહત મેળવે છે.

જ્યારે પાંજરાની અંદર ઝાડની ડાળીઓ વચ્ચે ફોગર (ફુવારા) ગોઠવવામાં આવ્યા છે. જેથી સમગ્ર પાંજરાનું વાતાવરણ ઠંડુ રહી શકે. તમામ પાંજરાની અંદર પ્રાણીઓને બેસવા માટે ખાસ પ્રકારના આર્ટીસ્ટીક વુડન શેલ્ટર બનાવવામાં આવ્યા છે. જેના ઉપર પ્રાણીઓ બેસી તડકાથી રાહત મેળવે છે અને મુલાકાતીઓ પણ પ્રાણીઓને સારી રીતે નિહાળી શકે છે.

બપોર પછીના સમયે તાપમાનનો પારો ખૂબ ઊંચો હોય ત્યારે રીંછને ખાસ પ્રકારની ફ્રુટ કેન્ડી આપવામાં આવે છે. રાત્રીના સમયે તમામ પ્રાણીઓના નાઈટ શેલ્ટરમાં પંખા તથા જરૂરીયાત મુજબ કુલરની વ્યવસ્થા કરવામાં



આવી છે. તમામ પાંજરાઓની અંદર પૂરતી માત્રામાં ઝાડ હોવાથી પ્રાણીઓ તડકાથી રાહત મેળવે છે. નાના કદના પ્રાણીઓ વરૂ, શીયાળ, ઝરખ, લોમડી, શાહૂડી વિગેરે પ્રાણીઓનાં પાંજરાઓમાં ખાસ પ્રકારની ગુફાઓ બનાવવામાં આવી છે. જેમાં પ્રાણીઓ ગરમીના સમયે આરામ કરી શકે છે. પાંજરાની અંદર વળક્ષોની ડાળીઓ વચ્ચે ફોગર (ફુવારા) ગોઠવાયા છે. જેથી સમગ્ર પાંજરાનું વાતાવરણ ઠંડુ રહી શકે. રાત્રીના સમયે તમામ પ્રાણીઓના નાઈટ શેલ્ટરમાં પંખાની વ્યવસ્થા કરવામાં આવી છે.

વાંદરાના પાંજરાની અંદર પ્રાણીઓને બેસવા માટે ખાસ પ્રકારના આર્ટીસ્ટીક વુડન શેલ્ટર બનાવવામાં આવ્યા છે. બપોર પછીના સમયે વાંદરાઓને ખાસ પ્રકારની ફ્રુટ કેન્ડી આપવામાં આવે છે. તમામ હરણના પાંજરાઓમાં ઝાડવા દ્વારા પૂરતા પ્રમાણમાં છાયડાની વ્યવસ્થા કરવામાં આવી છે. સાબર હરણ માટે તેઓની પ્રકળતી અનુસાર ખાસ પ્રકારનો મડ પોન્ડની વ્યવસ્થા કરવામાં આવી છે.

તમામ પ્રાણી-પક્ષીઓમાં ગરમીના કારણે લૂઝ મોશન ના થાય તે માટે તે માટે પીવાના પાણીમાં ઓ.આર.એસ. પણ ઉમેરવામાં આવે છે. સામાન્ય રીતે ઉનાળાની સીઝનમાં માંસાહારી પ્રાણીઓમાં અંદાજે ૧૦ ટકા જેટલો ખોરાકમાં ઘટાડો નોંધાય છે. જ્યારે સરીસૃપ પ્રજાતિના પ્રાણીઓ જેવા કે મગર, સાપ, કાચબા વિગેરેમાં દૈનીક ખોરાકમાં વધારો નોંધાયો છે.

### કાપોદ્રા પોલીસે સુસાઇડ નોટના આધારે તપાસ હાથ ધરી

# બેંકના મેનેજરે આત્મહત્યા પહેલા લખ્યું -: ' મારી એક ભૂલ બધાને નડી...'

ગુજરાત | વંદન

સુરત શહેરના કાપોદ્રા વિસ્તારમાં સુખસાગર એપાર્ટમેન્ટમાં રહેતા બંધન બેંકના મેનેજર રાકેશ નવાપરિયાએ ગળેફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી છે. આપઘાત પહેલા તેમણે એક સુસાઇડ નોટ પણ લખી છે. જેમાં તમામ ઇન્સ્યોરન્સ કવર અંગે પોતાના ભાઈને જાણ કરી છે. કાપોદ્રા પોલીસે સુસાઇડ નોટના આધારે રાકેશે કયા કારણોસર આપઘાત કર્યો છે તે અંગેની તપાસ હાથ ધરી છે.

મીડિયા રિપોર્ટ મુજબ 32 વર્ષીય રાકેશભાઈ મૂળ અમરેલી જિલ્લાના વતની હતા. તેઓ અપરણિત હતા અને બંધન બેંકમાં મેનેજર તરીકે નોકરી કરતા હતા. પરિવારને આર્થિક રૂપથી મદદ કરતા હતા. પરંતુ મંગળવારે રાકેશે 'મારી એક ભૂલ બધાને નડી જેના કારણે હું આ પગલું ભરું છું' સુસાઇડ નોટમાં આ લખી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

રાકેશભાઈના માતા-પિતાનું અગાઉ અવસાન થઈ ચૂક્યું છે. રાકેશભાઈ ભાભી અને બા સાથે રહેતા હતા. પોતાના ભાઈને સુસાઇડ નોટ લખી તેણે જણાવ્યું છે કે કેટલા ઇન્સ્યોરન્સ અંગેની તમામ માહિતી પણ તેણે આપી હતી. રાકેશે સુસાઇડ નોટમાં લખ્યું હતું કે 'સોરી ભાઈ હું માનસિક રીતે કંટાળી ગયો છું જેના કારણે હું આ પગલું ભરી રહ્યો છું. વંશીને હું બહુ



મિસ કરીશ. તેને રોજ રમાડવાની મને બહુ મજા આવતી હતી. બા અને ભાભીનું ધ્યાન રાખજો. મને મારી એક ભૂલ જ નડી ગઈ છે જેના કારણે આ પગલું ભરું છું. તમામ લોકોને જય શ્રી કૃષ્ણ. બંધન બેંકમાં 20 લાખનું ઇન્સ્યોરન્સ કવર છે આ સાથે એચડીએફસી બેન્કમાં હોમ લોનનું પણ કવર અંગે તેમણે લખ્યું છે. તેણે જણાવ્યું હતું કે, એસબીઆઈમાં પણ 20 લાખનું એક્સિડન્ટ કવર તેનું છે.

અનુસંધાન પેજ 01 પરથી...

## હવે ઈઝરાયેલ

તેણે કહ્યું કે 'હિઝબુલ્લાહ આમાં દખલ નહીં કરે.' ઈઝરાયલ-હમાસ યુદ્ધ વચ્ચે ઈરાન દ્વારા ઈઝરાયેલ પર હુમલો કરવાની તૈયારીઓએ પણ સંઘર્ષ પશ્ચિમ એશિયાના મોટા વિસ્તારોમાં ફેલાઈ જવાની આશંકા વ્યક્ત કરી છે.

મીડિયા રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે ઈરાન દ્વારા સંભવિત હુમલાને ધ્યાનમાં રાખીને ઈઝરાયેલ પણ હાઈ એલર્ટ પર છે અને ઈઝરાયેલમાં ઘણી જગ્યાએ નેવિગેશન સિસ્ટમ બંધ કરી દેવામાં આવી છે. ઈઝરાયેલને ડર છે કે ઈરાન ઈઝરાયેલ પર હુમલો કરવા ગાઈડેડ મિસાઈલ અને ડ્રોનનો ઉપયોગ કરી શકે છે.

આવી સ્થિતિમાં નેવિગેશન બંધ થવાને કારણે ઈરાનને મુશ્કેલીનો સામનો કરવો પડશે. ઈઝરાયેલમાં લોકેશન આધારિત એપ સેવા પણ બંધ કરી દેવામાં આવી છે. ઈઝરાયેલી સેનાએ તેના સૈનિકોના પત્તા રદ કરી દીધા છે અને તેમની તૈનાતીનો આદેશ આપ્યો છે. ઘણા શહેરોમાં બોમ્બ વિરોધી આશ્રયસ્થાનો શરૂ કરવામાં આવ્યા છે.

# ગરમી વધતાં કચ્છમાં કૂંડાં અને ચકલીઘરની માંગમાં વધારો

ગુજરાત | વંદન

ઉનાળાની કાળઝરતી ગરમીમાં અબોલા જીવોને તેમજ તરસ્યા પશુ-પક્ષીઓને પીવાનું પાણી મળી રહે એવા ઉદ્દેશે સાથે માનવજ્યોત સંસ્થા ભુજ દ્વારા છેલ્લાં 20 વર્ષથી જીવદયા ક્ષેત્રે અનોખું કાર્ય દાતાઓ અને જીવદયાપ્રેમીઓના સહકાર અને સહયોગથી કરવામાં આવી રહ્યું છે. જલારામ ચેરિટેબલ ટ્રસ્ટ-દાદર તથા કોટિ વૃક્ષ અભિયાન-બિદડા જીવદયાના આ કાર્યમાં સહકાર આપી રહ્યા છે. માનવજ્યોતના કૂંડાં અને ચકલીઘર કચ્છનાં દરેક શહેરો અને ગામડાંઓ સુધી પહોંચ્યાં છે.જીવદયાપ્રેમીઓ કૂંડાં-ચકલીઘર ઘરોઘર વસાવી રહ્યાં છે અને કૂંડાંમાં પાણી ભરી રાખી પોતાના હાથે જીવદયાનું ઉત્તમ કાર્ય કરે છે. દરેક શહેરો-ગામોમાં કૂંડાં-ચકલીઘરો ઠેર-ઠેર લટકતાં જોવા મળે છે. યુવક મંડળો, મહિલા મંડળો, ટ્રસ્ટો, સંસ્થાઓ જીવદયાની આ પ્રવૃત્તિમાં જોડાયા છે. માનવજ્યોતના પ્રબોધ મુનવર તથા સુરેશભાઇ માહેશ્વરી



તથા પૃથ્વીરાજાસિંહ જાડેજાના જણાવ્યા મુજબ ગરમી વધતાં જ કૂંડાં-ચકલીઘરની જીવદયાની પ્રવૃત્તિમાં વેગ આવ્યો છે.

અનેક સંસ્થાઓ-મંડળો-મંચો કૂંડાં-ચકલીઘર પોતાના ગામ-શહેરોમાં વિતરણ કરી જીવદયાનું કાર્ય કરી રહ્યા છે. 20 વર્ષ પહેલાં માનવજ્યોત સંસ્થા ભુજ દ્વારા શરૂ કરવામાં આવેલી પ્રવૃત્તિએ કચ્છના સીમાડા ઓળંગ્યા છે. ગુજરાતનાં અનેક શહેરોમાં આ પ્રવૃત્તિ પહોંચી છે. અમદાવાદ, મુંબઇ, કલકત્તા તથા અન્ય શહેરો સુધી આ કૂંડાં-ચકલીઘર પહોંચ્યા છે, તો વિદેશથી આવેલા એન.આર.આઇ. આ કૂંડાં-ચકલીઘર વિદેશની ધરતી સુધી પહોંચાડયા છે. હાલે ઉનાળાની કાળઝરતી ગરમીમાં કૂંડાં-ચકલીઘરની માંગ વધી ગઇ છે. તરસ્યા પક્ષીઓને પાણી મળે તેવી ગોઠવણ જીવદયાપ્રેમીઓ કરી રહ્યા છે.માનવજ્યોતના કૂંડાં અને ચકલીઘર તથા કાપડની થેલીઓ કચ્છનાં ગામડાંઓ અને શહેરોમાં પહોંચી ચૂકયાં છે. આ કાર્યમાં રમેશભાઇ માહેશ્વરી, સહદેવસિંહ જાડેજા, આનંદ રાયસોની, દીપેશ શાહ, શંભુભાઇ જોષી, કનૈયાલાલ અબોટી, કરસનભાઇ ભાનુશાલી, મૂળજીભાઇ ઠક્કર, નીતિનભાઇ ઠક્કર, રફીક બાવા, પ્રવીણ ભદ્રા, નરશીંભાઇ પટેલ, ગાવિંદભાઇ પાટીદાર, મનસુખભાઇ નાગડા સહકાર આપી રહ્યા છે.

અનુસંધાન પેજ 04 પરથી...

## સત્યાગ્રહનો માર્ગ..

સુધી પહોંચી ગયા છે.

જો લદ્દાખીઓ બહારના લોકોની ગતિવિધિઓથી ઘેરાયેલા અનુભવવા લાગ્યા છે, તો તેનું કારણ એ છે કે સ્થાનિક પ્રવાસીઓ નમ્રતાથી ફરતા નથી. પશ્મિના બકરીઓના ગોચરના રક્ષણ માટે ચાંગથાંગના ઘાસના મેદાનો તરફ વાંગચુકની પ્રસ્તાવિત કૂચને સ્થાનિક લોકોના ભયના સંદર્ભમાં સમજવાની જરૂર છે. કેમ કે તેઓ માને છે કે, ભારે બાહ્ય મૂડીરોકાણ તેમની પરંપરાગત આજીવિકાનો નાશ કરશે અને તેમને બિલકુલ સમૃદ્ધ નહીં બનાવી શકે. વાંગચુકે હિન્દી ફિલ્મ 3-ઈડિયટ્સમાં જ નહીં પરંતુ તેણે હંમેશા સમજદાર વાતો કહી છે - જેમ કે તે આજે પણ કરે છે.લદાખીઓની લાગણી છે કે કેન્દ્ર સરકારે તેમની વાત સાંભળવી જોઈએ. તેમના ડરનું મહત્વ છે કારણ કે ઉત્તરાખંડમાં કહેવાતા મેગા ડેવલપમેન્ટ પ્રોજેક્ટ પર્યાવરણીય આપત્તિ સાબિત થયા છે.

આમિર ખાનને ફિલ્મમાં તેનું પાત્ર ભજવવાથી જેટલી પ્રસિદ્ધિ મળી છે, દેશમાં તેના વાસ્તવિક ઉપવાસને તેટલો પ્રતિસાદ મળ્યો નથી. જો કે, પર્યાવરણ અને લદ્દાખની ઓળખ બચાવવા માટે સંઘર્ષ કરી રહેલા વાંગચુકને સ્થાનિક લોકોનો સંપૂર્ણ સહયોગ મળ્યો.તેમણે 21 દિવસ પછી ઉપવાસ સમાપ્ત કર્યા, પરંતુ તેમણે કહ્યું કે આંદોલન હજી સમાપ્ત થયું નથી.

વાસ્તવમાં, કાશ્મીરમાં કલમ 370 નાબૂદ થવાને કારણે, લદ્દાખીઓ આદિવાસી વિસ્તાર તરીકે તેમને આપવામાં આવેલા રક્ષણ ગુમાવવાના કારણે ઘણા ભયથી ઘેરાયેલા છે. લદ્દાખના લોકો કેન્દ્રશાસિત પ્રદેશનો દરજ્જો મળવાથી ખુશ નથી. તેઓ લદ્દાખને સંપૂર્ણ રાજ્યનો દરજ્જો આપવા અને બંધારણની છઠ્ઠી સૂચિને લાગુ કરવાની માંગ કરી રહ્યા છે જેથી લદ્દાખની ઓળખ જળવાઈ રહે.

હકીકતમાં સોનમ વાંગચુકે કેન્દ્ર સરકાર સાથેની વાતચીત નિષ્ફળ જતાં 6 માર્ચે ઉપવાસ શરૂ કર્યા હતા. સંગઠનોની ચાર મુખ્ય માંગણીઓમાં બંધારણની છઠ્ઠી અનુસૂચિનો અમલ, કેન્દ્રશાસિત પ્રદેશને સંપૂર્ણ રાજ્યનો દરજ્જો આપવો, એક સંસદીય બેઠક વધારવી અને પ્રદેશના લોકોને વધુ સરકારી નોકરીઓ આપવા માટે લદ્દાખના પબ્લિક સર્વિસ કમિશનની સ્થાપનાનો સમાવેશ થાય છે.

લદ્દાખીઓને ચિંતા છે કે પર્યટનમાં વધારો થવાથી સદીઓથી સચવાયેલી તેમની સંસ્કૃતિને જોખમ થશે. ઉત્તરાખંડ અને અન્ય પર્વતીય રાજ્યોમાં માફિયાઓએ ખાણકામ અને વન સંસાધનોનું અંધાધૂંધ શોષણ કર્યું છે તે પરિસ્થિતિથી લદ્દાખના લોકો આશંકિત છે.અન્ય દેશોના અન્ય રાજ્યોની જેમ આ કેન્દ્રશાસિત પ્રદેશમાં પણ બેરોજગારી એક મોટી સમસ્યા છે. કેન્દ્રશાસિત પ્રદેશ બનતા પહેલા લદ્દાખના લોકો જમ્મુ અને કાશ્મીર સેવા આયોગ દ્વારા ગેઝેટેડ પોસ્ટ માટે અરજી કરતા હતા. પરંતુ અલગ કેન્દ્રશાસિત પ્રદેશ બન્યા બાદ આ સુવિધા ખતમ થઈ ગઈ.સોનમ વાંગચુકે પોતાના ઉપવાસ દ્વારા લદ્દાખના લોકોને અવાજ આપ્યો છે.

## ઋણ : ...

નાનકડા બજારમાં ફેરવાઈ જતી. શેરીની બન્ને ધારે પાંચ-દસ શાકભાજીની રેંકડીઓની આસપાસની જગ્યામાં નાના-મોટા ફેરિયાઓ પોતાના વેપાર જેટલી ચાદર પાથરી પોતાનો અડ્ડો જમાવીને બેસી જતા, કલાક-દોઢ કલાક પહેલાં સૂનકાર ભાસતી શેરી શોરબકોથીર ગાજી ઊઠતી.

રસ્તા પર મેલું-ઘેલું પાથરણું પાથરી જાત જાતની રંગ-બે રંગી બંગડીઓ, મોતીની માળાઓ, કંકુ અને નખ રંગવાની શીશીઓ લઈને વેચવાં બેસતું એક મુસ્લિમ કટુંબ પોતાના નાનકડા વેપાર દ્વારા બે પૈસા રળવાની વેતરણમાં હો,ય ત્યારે એમની સાતેક વર્ષની દીકરી આસપાસનાં મકાનોમાં જઈ પોતાની ઢબે હિંદી ફિલ્મોનાં ગીતો ગાઈને થોડું ઘણું પરચૂરણ ભેગું કરી લેતી.

કુદરતે આ બાળકીને મબલખ રૂપ બક્ષ્યું હતું. મુસ્લિમ માત-પિતાનું સંતાન હોવાથી તેનો પહેર -વેશ પણ મુસ્લિમ રીત રિવાજ મુજબનો રહેતો. વળી અધૂરામાં પૂરું મા-બાપનો રૂપ શ્રૃંગારનો ધંધો એટલે આપણે તેના શ્રૃંગાર વિશે તો વાત જ શી કરવી?આ દિવસો દરમિયાન હું બી.એ.ના છેલ્લા વર્ષમાં હતો. કયારેક હું મારા વરંડામાં બેસીને વાંચતો હોઉં ત્યારે આ બાળકી અમારા મકાનના ચોકમાં આવીને ગીતો ગાતી. ખાસ કરીને એ વખતે મીનાકુમારીની ભૂમિકાવાળું 'પાકીઝા' ચલચિત્ર મુંબઈ તેમ જ ભારતનાં અનેક સિનેમા ઘરોમાં ઘૂમ મચાવી રહ્યું હતું. આ બાળકી જ્યારે 'ઈન્હી લોંગોને, ઈન્હી લોંગોને લે લિયા દુપટ્ટા મેરા' ગીત ગાવા સાથે પોતાની આગવી કળાથી નૃત્ય કરવાનું શરૂ કરતી, ત્યારે એને જોવા-સાંભળવા આજુ બાજુનાં મકાનોની ગૅલેરી તેમ જ બારીઓ લોકોથી છલકાઈ જતી. આ નાનકડી મીનાકુમારી ગીતના શબ્દોનો અર્થ સમજ્યા વિના અત્યંત નિખાલસ મને મકાનની ગૅલેરી તેમ જ બારીમાં ઊભેલા લોક સમુદાય સમક્ષ પોતાના ભોળા ચહેરે જે હાવભાવ સાથે ગાતી ત્યારે પ્રેક્ષકોની આંખો અને ચહેરા પર અનેરી ખુશી વ્યાપી જતી.

બેચાર ગીતો બાદ તે ચોક વચ્ચે ઘડી બે ઘડીનો વિશ્રામ લેવા બેસતી, ત્યારે તેના નૃત્યને નિહાળી આનંદ વિભોર બની રહેલો માનવ સમુદાય પૈસાનો વરસાદ વરસાવી મૂકતો. પોતાના નાજુક હાથો વડે ચોકમાંથી પૈસા વીણતી લોકોનો આભાર વ્યક્ત કરતી મીનાકુમારીની આ નાનકડી પ્રતિકૃતિ મારા વરંડા સામે ઊભી રહેતી. હું વરંડામાંથી રસોડામાં કામ કરતી મારી બાને અવાજ દેતો, 'બા, તમારી થાળી તૈયાર છે? પેલી નાનકડી મીનાકુમારી તમારા બોલાવવાની રાહ જોઈ રહી છે'. મારો સાદ સાંભળી બા રસોડામાંથી વરંડા તરફ ડોકાતાં. જો રસોઈ તૈયાર હોય તો પેલી બાળકીને સાદ પાડી જમવા માટે ઉપર બોલાવતાં. કોઈ કારણસર બાને રસોઈ બનાવતાં મોડું થયું હોય તો તેઓ કહેતાં, 'જા દીકરી, બે ચાર મકાનમાં તું આંટો મારીને આવીશ ત્યાં સુધીમાં મારી રસોઈ અને તારી થાળી તૈયાર થઈ ગઈ હશે.'

બાનો આ નિત્યક્રમ મેં લગભગ બે-ચાર વરસ તો જોયો હશે. પેલી બાળકી બાના બોલાવતાંની સાથે જ હસતી કૂદતી અમારા ઘરે દોડી આવતી. બા તેને ઓરડા બહાર એક ચટાઈ પર બેસાડી તેની થાળીમાં રસોડામાં જે કંઈ ખાવાનું બન્યું હોય તેમાંથી તેની થાળીમાં પીરસે. છોકરી ધરાઈને જમી લે એટલે બાને પૂછે,'બા, તમારે કંઈ કામ કાજ છે?' બા હસતાં હસતાં કહે, 'દીકરા, આજે મારે કંઈ કામ કાજ નથી પણ ક્યારેક હશે તો તને જરૂર કહીશ'.રેશ્માએ અંદાજે વીસ બાવીસ વર્ષ પહેલાંનાં સસ્મરણોના ઢગલામાંથી જે રીતે મને ઓળખી લીધો તેથી મને અત્યંત આશ્ચર્ય થાય છે. 'બાબુજી, હું તમને ઓળખી ગઈ તે પણ ખુદાનો ચમત્કાર છે!' આટલું કહેતાં તેની હરણી શી આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં. રોજ તેને હાક મારીને ઘરે ભોજન કરવા બોલાવતાં મારી બાના સમાચાર તેણે મને પૂછ્યા. લગભગ ત્રણેક વર્ષ પહેલાં બાના દેવલોક થયાના સમાચાર મારા મુખે સાંભળતાં જ તેનું હૃદય ભરાઈ આવ્યું. રેશ્મા અને મારી વાત દરમિયાન સ્વાતિએ પોતાનું પર્સ ખોલી તેમાંથી સો સો રૂપિયાની ત્રણ ચાર નોટ કાઢી પોતે ખરીદેલ વસ્તુઓના દામ ચૂકવવા રેશ્મા સામે ધર્યા.

રેશ્માએ તરત જ રૂપિયા સ્વાતિના હાથમાં પરત કરી દેતાં, પોતાના બે હાથ આકાશ તરફ ઊંચા કરતા કહ્યું, 'મારે કયામતના દિને અલ્લાહ સામે ઊભા રહેવાનું છે, એ જ્યારે મને આ બાબત પૂછશે ત્યારે હું શો જવાબ દઈશ!'

-સૌજન્યથી

-પ્રીતમ લખલાણી -ઓપિનિયન

## ઇલેક્શોનોમિક્સ : ...

વાતચીત થઈ.ક્ષત્રિય સમાજ અને રાજવી પરિવાર અંગેના મારા ઉલ્લેખને કારણે આ લોકોએ પોતાની નારાજગી અને રોષ વ્યક્ત કર્યો છે.પોતાના નિવેદનના બચાવમાં વાત કરતા આગળ કહે છે કે, "એ દરમિયાન હું જે વાત કરી રહ્યો હતો, તેમાં મારો આશય વિધર્મીઓ દ્વારા આપણા દેશ પર કરાયેલા જુલમોનું નિરૂપણ કરવાનો હતો. રાજવી પરિવાર કે ક્ષત્રિયોને નીચા દેખાડવાનો મારો કોઈ આશય નહોતો. આવું મારા મનમાં ક્યારેય ન હોઈ શકે."રૂપાલાએ બે હાથ જોડીને માફી માગતા કહ્યું કે, "છતાં જો મારા આ ઉલ્લેખને કારણે કોઈ પણ વ્યક્તિની લાગણી જો દુભાઈ હોય તો હું દિલગીરી વ્યક્ત કરું છું. દિલથી માફી માગું છું. મારો ઈરાદો કોઈની લાગણીઓને ઠેસ પહોંચાડવાનો નહોતો એ અંગે હું સ્પષ્ટતા કરું છું અને સૌને આ વિષય અહીં જ પૂરો કરવાની વિનંતી કરું છું....જો કે જે રીતે મિડિયા અહેવાલો આપી રહ્યાં છે તે જોતા વિવાદ હજુ શમ્યો નથી. અને માત્ર રાજકોટ બેઠક પર જ નહીં પરંતુ સાબરકાંઠાની બેઠક માટે પણ ભાજપમાં આંતરિક અસંતોષ બહાર આવ્યો છે. પહેલા જેમને ટિકિટ માટે પસંદ કર્યા તે ભીખાજી ઠાકોર ઠાકોર સમાજના ઓબીસી જ્ઞાતિના નથી પણ આદિવાસી સમાજના ડામોર જ્ઞાતિના છે એવુ બહાર આવ્યું અને તેમના સ્થાને મહિલા ઉમેદવાર શોભનાબેન બારૈયાના નામની જાહેરાત કરી. તેની સામે ભાજપના કાર્યકરોએ એવી રજૂઆત કરી કે શોભનાબેન કોંગ્રેસમાંથ આવેલા મહેન્દ્રસિંહ બારૈયાના પત્ની છે અને આયાતીને લેકસભાની ટિકિટ આપવાની..?વેણ કરાવે વેરનો વધુ એક દાખલો સાબરકાંઠામાં જ જોવા મળ્યો જેમાં આ ટિકિટની માથાકૂટમાં ભાજપની એક મિટીંગમાં ભાજપના સિનિયરમોસ્ટ ધારાસભ્ય અને વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ રમણલાલ વોરાની સામે ભજપના જિલ્લા પંચાયતના એક આદિવાસી મહિલા સદસ્યે એવો આરોપ મૂક્યો કે વોરાએ મિટીંગમાં તેમને ગાળો આપી અને ખરાબ વ્યવહાર કર્યો, મામલો એટલો વધ્યો કે ઇડરમાં વોરાના નિવાસસ્થાને પોલીસ બંદોબસ્ત ગોઠવવાની ફરજ પડી છે. હજુ તો ચૂંટણીની શરૂઆત થઇ છે અને આવા દ્રશ્યો પ્રજાને-મતદારોને જોવા મળી રહ્યાં છે. 543 મતવિસ્તારોમાં 1 જૂન સુધી કેવા કેવા દ્રશ્યો જોવા મળશે અને કેવા કેવા શબ્દો સાંભળવા મળશે...રામ જાણે...!

# રૂપાલાના વિરોધનો પડઘો હવે સી આર પાટીલના કાર્યક્રમ સુધી પહોંચ્યો

ગુજરાત | વંદન

ભાજપના રાજકોટના ઉમેદવાર પરશોત્તમ રુપાલાના વિરોધનો પડઘો હવે સી આર પાટીલના કાર્યક્રમ સુધી પહોંચ્યો છે. ખંભાળિયામાં ક્ષત્રિય સમાજના લોકોએ કાળા વાવટા ફરકાવી પરશોત્તમ રૂપાલા સામે વિરોધ નોંધાવ્યો છે. વિરોધ કરનારાઓએ સભા મંડપમાં ખુરશીઓ પણ તોડી હોવાનું સામે આવ્યુ છે.

આજે દેવભૂમિ દ્વારકામાં ભાજપના કમલમ કાર્યાલયના ઉદ્ઘાટનનો કાર્યક્રમ હતો. આ કાર્યક્રમનું ઉદ્ઘાટન ભાજપના પ્રદેશ પ્રમુખ સી આર પાટીલના હસ્તે થવાનું હતુ. જો કે આ કાર્યક્રમમાં પરશોત્તમ રુપાલાના વિરોધના પડઘા જોવા મળ્યા. સી આર પાટીલ એક તરફ ઉદ્ઘાટન માટે રિબિન કટ કરી રહ્યા હતા, ત્યાં બીજી તરફ વિરોધ કરનારાઓએ કાર્યક્રમમાં ખુરશીઓ તોડી રહ્યા હતા.

સી આર પાટીલના કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ક્ષત્રિય સમાજના લોકો પહોંચી ગયા હતા. પરશોત્તમ રુપાલા સામેનો વિરોધ લોકો અહીં ઠાલવતા જોવા મળ્યા હતા. મોટી સંખ્યામાં લોકો આ કાર્યક્રમમાં ધસી આવતા તેમને રોકવામાં આવ્યા હતા. જો કે ખંભાળિયા દ્વારકેશ કમલમના ઉદઘાટન સમયે લોકો રેલિંગ તોડી સભામાં ઘૂસ્યા હતા અને



વિરોધ દર્શાવવા લાગ્યા હતા. સી આર પાટીલનું આ કાર્યક્રમમાં ભાજપ કાર્યકર્તાઓએ ઢોલ-નગારા સાથે સ્વાગત કરવામાં આવ્યુ હતુ, જો કે બીજી જ તરફ થોડી જ વારમાં લોકોએ સભામાં આવીને સૂત્રોચ્ચાર સાથે વિરોધ દર્શાવ્યો હતો. લોકોનું સંખ્યાબળ એટલુ હતુ કે SPએ ઘટના સ્થળે પહોંચીને સભા મંડપમાંથી ક્ષત્રિય સમાજના લોકોને બહાર કાઢ્યા હતા.ક્ષત્રિય સમાજના લોકો દ્વારા પરશોત્તમ રુપાલાની ટિકિટ રદ કરવામાં આવે તેવી માગ ગામે ગામ ઉઠી રહી છે. આ માગ સાથે જ ક્ષત્રિય સમાજના લોકો ખંભાળિયા દ્વારકેશ કમલમના ઉદઘાટન સમયે પણ પહોંચી ગયા હતા. ક્ષત્રિય સમાજના લોકોએ મોટી સંખ્યામાં એકત્ર થઈને આ કાર્યક્રમમાં કાળા વાવટા ફરકાવ્યા હતા.આ સાથે જ લોકોએ પોતાનો રોષ ખુરશીઓ તોડીને વ્યક્ત કર્યો હતો.પોલીસે થોડી જ વારમાં વિરોધ કરનારાઓને હટાવી તો લીધા હતા. હાલ સ્થિતિ તો થાળે પડી ગઇ છે. જો કે ક્ષત્રિય સમાજમાં રોષ યથાવત જોવા મળી રહ્યો છે.તેઓ કોઇપણ ભોગે પરશોત્તમ રુપાલાની ટિકિટ રદ કરવામાં આવે તેવી માગ પર અડગ જોવા મળી રહ્યા છે.દ્વારક જિલ્લાના ખંભાળિયામાં રૂપાલાના નિવેદન મુદ્દે રાજપૂત સમાજે વિરોધ પ્રદર્શન કર્યુ છે. રાજપૂત સમાજના 300થી વધુ લોકોએ એકત્ર થઈને વિરોધ દર્શાવ્યો છે. ખંભાળિયામાં દ્વારકેશ કમલમના ઉદ્ઘાટન સમયે જ તેમણે વિરોધ પ્રદર્શન કર્યુ છે. પરશોત્તમ રૂપાલાની લોકસભા ટિકિટ રદ કરવા માગ કરવામાં આવી છે.પરશોત્તમ રૂપાલાનાં નિવેદનને લઈને ક્ષત્રિય સમાજમાં વિરોધ યથાવત્ છે. રાષ્ટ્રીય કરણી સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ ગુજરાત આવશે. મહિપાલસિંહ મકરાણા અમદાવાદમાં બેઠક કરશે. ગોતા રાજપુત ભવન ખાતે આગેવાનો સાથે બેઠક કરશે. 22 રાજ્યોમાં આંદોલનની રૂપરેખા તૈયાર કરાશે.

અનુસંધાન પેજ 10 પરથી...

## "અમારે ત્યાં આવો...

ઘરે લઈ જાય છે. એવો દાવો કરવામાં આવે છે કે આ નાણા સંરક્ષણ પ્રયાસો અને સ્થાનિક લોકોને મદદ કરવા માટે વપરાય છે. બીજી તરફ પ્રાણી અધિકાર જૂથો દલીલ કરે છે કે આ પ્રથા ક્રૂર છે અને તેના પર પ્રતિબંધ મૂકવો જોઈએ.બોત્સ્વાનાએ 2014માં ટ્રોફી શિકાર પર પ્રતિબંધ મૂક્યો હતો, પરંતુ સ્થાનિક સમુદાયોના દબાણનો સામનો કર્યા પછી 2019માં પ્રતિબંધ ઉઠાવી લીધો હતો. હ્યુમન સોસાયટી ઈન્ટરનેશનલના 2021ના અહેવાલ મુજબ, જર્મની યુરોપ સંઘમાં આફ્રિકન હાથી ટ્રોફી અને અન્ય શિકાર ટ્રોફીનો સૌથી મોટો આયાતકાર છે. બોત્સ્વાના પ્રમુખ માસીસીએ જર્મન અખબાર બિલ્ડને કહ્યું: 'જર્મનીના લોકોએ પ્રાણીઓ સાથે સાથે રહેવું જોઈએ, જે તમે અમને કહેવાનો પ્રયાસ કરી રહ્યાં છો. અને આ કોઈ મજાક નથી કેમ કે અમે 20 હજાર હાથીઓ જર્મનીને આપવા તૈયાર છીએ... નોંધનીય છે કે આ પહેલા પણ બોત્સ્વાના અન્ય દેશોમાં હાથીઓ મોકલી ચૂક્યું છે. બોત્સ્વાનાએ તેના પાડોશી અંગોલાને 8,000 હાથી આપ્યા છે. જો કે, તે પગલું હાથીઓની વસ્તી ઘટાડવાના હેતુથી લેવામાં આવ્યું હતું. પ્રમુખ મોકગ્વેત્સી માસી કહે છે કે અમે જર્મનીને પણ આવી જ ભેટ આપવા માંગીએ છીએ. તેમણે આગ્રહ કર્યો કે જર્મની જવાબમાં 'ના' નહીં કહે...! કેવુ અદભૂત છે કે એક દેશ શિકારીઓને પોતાના દેશમાં આવવાનું આમંત્રણ આપી રહ્યું છે જેથી હાથીઓની સંખ્યા નિયંત્રિત રહે અને સરકારને આવક મળે....! વનતારાએ બોત્સવાના પાસેથી હાથીઓના ઝુંડને ઝુંડ ખરીદી લેવા જોઇએ....આકાશ અંબાણી શું કહે છે..?.

અનુસંધાન પેજ 12 પરથી...

## વિધાનસભા...

હીરા જોટવા ગીરસોમનાથ જિલ્લાના આહીર સમાજના આગેવાન છે. 2022માં કેશોદ બેઠક પરથી ચૂંટણી લડયા હતા. જોકે, હારનો સામનો કરવો પડ્યો હતો. આહીર સમાજ પર પણ સારી પકડ ધરાવે છે.કોંગ્રેસે આજે સુરેન્દ્રનગર, વડોદરા અને જૂનાગઢ બેઠક પર ઉમેદવારના નામ જાહેર કરી દીધા છે. જોકે, બાકીને અન્ય ચાર બેઠકો પર ઉમેદવારના નામ જાહેર કર્યા નથી. જેમાં રાજકોટ, નવસારી, અમદાવાદ પૂર્વ અને મહેસાણા બેઠકનો સમાવેશ થાય છે.

## કચ્છના એક...

એડવોકેટ દાફડાએ કહ્યું કે, વરસામેડી ગામના સવાભાઈ કારાભાઈ મણવર તેમજ ખમું કારાના પરિવારને તેમની જમીન સંપાદન કરીને વેલસ્પન SEZ લિમિટેડ કંપની દ્વારા જમીન સંપાદન અધિકારીના માધ્યમથી 16 કરોડ 61 લાખ આપવાનો એવોર્ડ મળ્યો હતો. વેલસ્પન SEZ દ્વારા અગાઉ 2.80 કરોડનું વળતર અગાઉથી ચૂકવી દેવામાં આવ્યું હોવાથી એવોર્ડ મળ્યા બાદ તેમને આશરે 13.81 કરોડ ચૂકવવાના થતા હતા.

ધારાશાસ્ત્રી દાફડાએ ઉમેર્યું કે, વળતર મળવાનું હતું તેના એક સપ્તાહ પહેલાથી વેલસ્પન SEZ લિમિટેડ કંપનીના ઓફિસર મહેન્દ્રસિંહ ફતેહસિંહ સોઢાએ કંપનીના વરસામેડી ખાતે આવેલા વેલહોમ નામના ગેસ્ટહાઉસમાં મિટિંગો રાખીને ખેડૂત પરિવારને સમજાવી રહ્યા હતા કે, આટલી મોટી રકમ જો તમારા બેન્ક એકાઉન્ટમાં રાખશો તો ઈન્કમટેક્સ સહિતના સરકારી ડિપાર્ટમેન્ટ તમને હેરાન કરી શકે છે. માટે વળતરની કરોડો રૂપિયાની રકમથી જો ઈલેક્ટોરલ બોન્ડ ખરીદશો તો કાયદાકીય માથાકૂટમાંથી બચી જશો અને રકમ પણ દોઢી થઈને તમને મળશે.

વેલસ્પન કંપનીના ગેસ્ટહાઉસમાં મળતી આ મિટિંગ દરમિયાન અંજાર ભાજપ શહેરના પ્રમુખ હેમંત ઉર્ફે ડેની રજનીકાંત શાહ પણ હાજર રહેતા હતા અને ગાંધીનગર સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયામાંથી ઈલેક્ટોરલ બોન્ડ લેવામાં આવ્યા ત્યાં સુધી સતત તેઓ માર્ગદર્શન કરી રહ્યા હતા. પરંતુ ત્રણેક મહિનાનો સમય પસાર થતા ખેડૂતના પરિવારજનોને શંકા ગઈ એટલે તેમણે બોન્ડની રકમ કયારે મળશે તે અંગે પૂછવાનું શરુ કરી દીધું હતું. ત્યારે વેલસ્પન SEZ લિમિટેડ કંપની અધિકૃત ઓફિસર મહેન્દ્રસિંહ ફતેહસિંહ સોઢાએ એમ કહી દીધું કે, હવે તમને રૂપિયા મળશે નહીં. એટલે કિસાન પરિવારે સતત માહિતી મેળવવાનો પ્રયાસ કર્યો હતો. દરમિયાન સુપ્રિમ કોર્ટના આદેશને પગલે જ્યારે SBI બોન્ડ ખરીદનારા લોકોનું લિસ્ટ જાહેર કર્યું ત્યારે ખબર પડી કે, તેમની જમીનના વળતરના કરોડો રૂપિયા તો ઈલેક્ટોરલ બોન્ડ સ્વરૂપે સત્તા પક્ષ ભાજપના એકાઉન્ટમાં જમા થઇ ગયા છે.

## હવે નકલી...

ગાંધીનગર ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ અને મહેસાણાની ટીમના અધિકારીઓ માંડી સાંજ સુધી આ કામમાં લાગ્યા હતા. નોંધનીય છે કે, ઊંઝા પંથકમાં છેલ્લાં ઘણા સમયથી નકલી જીરું અને વરીયાળી બનાવવાની પ્રવૃતિએ જોર પકડયું છે. નકલી કારોબાર પકડાય એટલે બધુ થોડા સમય માટે બંધ, ત્યારબાદ આજ પ્રવૃતિ પૂનઃ બેરોકટોક ચાલે છે. તેવું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે. જો કે, બે દિવસ અગાઉ ઊંઝાના દાસજ રોડ પરથી ભેળસેળમાં વપરાતો કલરનો જથ્થો રોડની સાઈડમાં જોવા મળ્યો હતો.

## ભાજપને ડર...

ભાજપના મોટાભાગના કેન્દ્રીય મંત્રીઓની સરખામણીએ પરષોત્તમ રૂપાલા એક સરળતાથી મળે તેવા મૈત્રીપૂર્ણ માણસ છે.

શાળાના આચાર્યમાંથી રાજકારણી બનેલા 70 વર્ષીય રૂપાલા એંસીના દાયકામાં ગુજરાતમાં ભાજપમાં જોડાનારા શરૂઆતના લોકોમાંના એક હતા. મોદી સરકારમાં મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રી એવા રૂપાલા અજાણતાં જ ક્ષત્રિયો અંગે અયોગ્ય ટિપ્પણી કરીને ગુજરાતમાં પરંપરાગત જ્ઞાતિવાદની ફોલ્ટ લાઇનને સપાટી પર લાવ્યા છે. 2 માર્ચના રોજ રૂપાલાએ રાજકોટમાં દલિતોના ભજનના કાર્યક્રમમાં હાજરી આપતા ટિપ્પણી કરી હતી કે, દલિતો ઝુક્યા ન હતા પરંતુ રાજપૂતો-ક્ષત્રિયોએ બ્રિટિશર, વિધર્મીઓ સાથે રોટી-બેટી વ્યવહાર રાખ્યો હતો. તેમણે એમ પણ કહ્યું કે ક્ષત્રિયોએ તેમના ફાયદા માટે બ્રિટિશર સાથે રોટલી તોડી અને તેમની દીકરીઓના લગ્ન પણ વિધર્મીઓ સાથે કરાવ્યા હતા.

લોકસભાની ચૂંટણીના ગરમાવામાં રૂપાલાના નિવેદનથી વિવાદનો નવો પટારો ખૂલી ગયો છે. તેમ છતાં આગ ઠારવાની ભાજપની કુશળતાને નકારી કાઢવી તે મૂર્ખામીભર્યું હશે.

પીએમ મોદી પોતાના ગૃહ રાજ્ય ગુજરાતને લઈને અત્યંત સંવેદનશીલ છે અને ગૃહમંત્રી અમિત શાહે આ મામલો પહેલેથી જ હાથમાં લઈ લીધો છે. હા, ક્ષત્રિય વિરોધી ભાવનાને શાંત પાડવી એ હવે ગુજરાત પ્રદેશ ભાજપના હાથમાં નથી.

તેમ છતાં એ વાત પર ભાર મૂકવો જોઈએ કે ગુજરાતના ક્ષત્રિયો બિલકુલ મોદી કે શાહના વિરોધી નથી અને તેમની દરમિયાનગીરીથી ભાજપ માટે ચોક્કસપણે સકારાત્મક પરિણામો મળશે.રૂપાલાની આ ટિપ્પણી ગુજરાતની તમામ લોકસભા બેઠકો પર પાંચ લાખથી વધુની સરસાઈથી વિજય મેળવવાની ભાજપની મહત્વકાંક્ષાનું ગણિત નિર્વિવાદપણે બગાડશે. પરંતુ તે ચૂંટણીના પરિણામો પર કોઈ મોટી અસર કરશે તેમ માનવું અતિશયોક્તિ ગણાશે અથવા તો આકરી ભાષામાં કહીએ તો તે કેવળ કોંગ્રેસની કલ્પના જ હશે.




# માર્ચમાં ઉત્પાદન ક્ષેત્રની પ્રવૃતિઓ 16 વર્ષની ટોચે



## ■ નવા ઓર્ડરમાં વધારો થતા કર્મચારીઓની સંખ્યા પણ વધી

ગુજરાત | વંદન

સમગ્ર વિશ્વમાં હાલ મંદીનો માહોલ છે,અનેક દેશો નું અર્થતંત્ર પાટા પરથી ઉતરી ગયું છે.ખાસ કરીને મહતમ દેશોને ઉત્પાદન ક્ષેત્રે ભયંકર મંદીનો સામનો કરવો પડી રહ્યો છે,એવામાં ભારતમાં ઉત્પાદન ક્ષેત્રમાં નાણાં વર્ષ ૨૦૨૪ની સમાપ્તિ પ્રોત્સાહક નોંધ સાથે થઈ છે. સમાપ્ત થયેલા માર્ચમાં ઉત્પાદન ક્ષેત્રનો પરચેઝિંગ મેનેજર્સ' ઈન્ડેકસ (પીએમઆઈ) વધીને ૫૯.૧૦ સાથે ૧૬ વર્ષની ઊંચી સપાટીએ રહ્યો છે. નવા ઓર્ડરોમાં વધારાને પરિણામે ઉત્પાદન કામકાજ વધતા કંપનીઓએ કર્મચારીઓની સંખ્યા પણ વધારવી પડી હતી.

એચએસબીસી ઈન્ડિયા મેન્યુફેકચરિંગ પીએમઆઈ જે ફેબ્રુઆરી માં ૫૬.૯૦ હતો તે માર્ચમાં ૫૯.૧૦ સાથે ૧૬ વર્ષની ઊંચી સપાટીએ રહ્યો છે. ૨૦૦૮ બાદ આ સૌથી ઊંચો આંક છે. ૫૦થી ઉપરના ઈન્ડેકસને જે તે ક્ષેત્રનું વિસ્તરણ કહેવામાં આવે છે. માર્ચમાં સતત ૩૩માં મહિને પીએમઆઈ ૫૦થી ઉપર રહેવા પામ્યો છે. ઉપભોગ, ઈન્ટરમીડિયેટ તથા ઈન્વેસ્ટમેન્ટ ગુડસ ક્ષેત્રમાં માગ વધતા ઉત્પાદનમાં વધારો જોવા મળ્યો હોવાનું એચએસબીસી દ્વારા તૈયાર કરાયેલા સર્વે રિપોર્ટમાં જણાવાયું છે.

નવા ઓર્ડરની માત્રા પણ ૨૦૨૦ના ઓકટોબર બાદ સૌથી ઊંચી રહી છે. વેચાણ વધવાની અપેક્ષાએ તથા નાણાં વર્ષ ૨૦૨૩-૨૪નો અંતિમ મહિનો હોવાથી કંપનીઓએ સ્ટોકસ ઊભો કરવાની પણ ગણતરી રાખી હતી. કાચા માલની ખરીદીને જ્યાંસુધી સંબંધ છે ત્યાંસુધી કેપિટલ ગુડસને લગતા માલની ખરીદી ઊંચી રહી હતી. જો કે સર્વેમાં ભાગ લેનારી કંપનીઓમાં ફુગાવાને લગતી ચિંતા ચાલુ રહી હતી.

ખર્ચનું દબાણ પાંચ મહિનાની ઊંચી સપાટીએ રહ્યું હતું. કપાસ, આયર્ન, મસીનરી ટુલ્સ, પ્લાસ્ટિકસ તથા સ્ટીલ માટે કંપનીઓએ વધુ રકમની ચૂકવણી કરી છે. મજબૂત ઓર્ડરને પગલે ઉત્પાદન વધારવાનું રહેતું હોવાથી કંપનીઓએ કર્મચારીઓની ભરતીમાં પણ વધારો કરવાની ફરજ પડી હતી. જોરદાર માગને કારણે કાચા માલના ખર્ચમાં વધારો થયો હતો. કર્મચારીઓની ભરતી સપ્ટેમ્બર, ૨૦૨૩ બાદ સૌથી સારી રહી છે.

# માર્ચમાં 45,000 કરોડથી વધુના મ્યુચ્યુઅલ ફન્ડોનું વેચાણ થયું

## ■ માર્ચ ૨૦૨૦માં ડીઆઈઆઈની રૂપિયા ૫૫૬૦૦ કરોડની ખરીદી જોવા મળી હતી

ગુજરાત | વંદન

સમાપ્ત થયેલા માર્ચમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઈઆઈ)ની સાથોસાથ ઘરેલું મ્યુચ્યુઅલ ફન્ડસની ભારતીય બજારમાં નેટ ખરીદી રહી છે. મ્યુચ્યુઅલ ફન્ડસ દ્વારા ઈક્વિટીઝમાં રૂપિયા ૪૫૦૦૦ કરોડથી વધુ ઠલવાયા છે જે કોઈ એક મહિનામાં અત્યારસુધીની સૌથી વધુ ખરીદી હોવાનું એક રિપોર્ટમાં જણાવાયું છે. ફન્ડ હાઉસોની આગેવાની સાથે ગયા મહિને ઘરેલું સંસ્થાકીય રોકાણકારોની એકંદરે વિક્રમી ખરીદી રહી છે.


ગયા મહિને સ્મોલ કેપ તથા મિડકેપ સ્ટોકસમાં જંગી વેચવાલી વચ્ચે ફન્ડોની આ ખરીદી જોવા મળી છે. બ્લ્યુચીપ કંપનીઓમાં મોટા બ્લોક ડીલ પણ જોવા મળ્યા હતા. ફેબ્રુઆરીની સરખામણીએ માર્ચની ખરીદી બમણાથી વધુ રહી હતી. આ અગાઉ ૨૦૨૦ના માર્ચમાં ફન્ડ હાઉસોએ રૂપિયા ૩૦,૩૦૦ કરોડની નેટ ખરીદી કરી હતી જે સૌથી વધુ હતી. ૨૦૨૦માં કોરોનાને કારણે લાગુ થયેલા લોકડાઉનને પરિણામે શેરબજારમાં ભારે વેચવાલી આવી હતી તે સમયે ફન્ડોએ પસંદગીના શેરોમાં નાણાં ઠાલવ્યા હતા. મ્યુચ્યુઅલ ફન્ડોની જંગી ખરીદીને પરિણામે ઘરેલું સંસ્થાકીય રોકાણકારો (ડીઆઈઆઈ)ની એકંદર ખરીદીનો આંક ઊંચો રહેવા પામ્યો છે. ડીઆઈઆઈમાં મ્યુચ્યુઅલ ફન્ડસ ઉપરાંત વીમા કંપનીઓ તથા પેન્શન ફર્મ્સનો પણ સમાવેશ થાય છે. ગયા મહિને ડીઆઈઆઈની એકંદર ખરીદી રૂપિયા ૫૬૩૦૦ કરોડ સાથે નવી ઊંચી સપાટીએ રહી છે. આ અગાઉ માર્ચ ૨૦૨૦માં ડીઆઈઆઈની રૂપિયા ૫૫૬૦૦ કરોડની ખરીદી જોવા મળી હોવાનું રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે.

વર્તમાન કેલેન્ડર વર્ષની વાત કરીએ તો પ્રથમ ત્રણ મહિનામાં ફન્ડ હાઉસોએ ઈક્વિટીઝમાં રૂપિયા ૮૯૦૦૦કરોડથી વધુની નેટ ખરીદી કરી છે. ૨૦૨૩ના સંપૂર્ણ વર્ષમાં આ આંક રૂપિયા ૧.૭૦ ટ્રિલિયન રહ્યો હતો. રિટેલ રોકાણકારો દ્વારા ફન્ડ હાઉસોની ઈક્વિટી સ્કીમ્સમાં જંગી ઈન્ફલોસના ટેકા સાથે ફન્ડ હાઉસો ઈક્વિટીસમાં નાણાં ઠાલવી રહ્યા છે.

# ટેક્સ બાબતે અફવાઓથી દૂર રહેવા નાણાં મંત્રીની ચેતવણી

## ■ 1 એપ્રિલ, 2024થી ટેક્સ સ્લેબમાં કોઈ નવો ફેરફાર થયો નથી:નિર્મલા

ગુજરાત | વંદન



દેશના નાણાંમંત્રી નિર્મલા સિતરામન દ્વારા જાહેરહિતમાં એવો ખૂલસો કરવામાં આવ્યો છે કે આવક વેરા નિયમોમાં ફેરફારો થયા હોવાની અફવાઓ થી સાવધ રહેજો કેમકે સરકારે

કોઈ નવા ટેક્સ સ્લેબ બનાવ્યો નથી. ખરેખર સોશલ મીડિયા પર અમુક આંકડાની તરફથી આવા પોસ્ટ કરવામાં આવી રહ્યા હતા કે 1 એપ્રિલતી ઈનકમ ટેક્સ સ્લેબમાં અનુક ફેરફાર લાગૂ થઈ રહ્યા છે. હવે નાણા મંત્રાલયએ વિસ્તારથી એક નિવેદનમાં રજૂ કરી ટેક્સ સ્લેબમાં ફારફારના દાવાને ખારિઝ કર્યો છે. મંત્રાલયે સોશિયલ મીડિયા પ્લેટફૉર્મ "X" પર પોસ્ટ કરેલા નિવેદનમાં કહ્યું, "એવું જોવામાં આવ્યું છે કે કેટલાક સોશિયલ મીડિયા પ્લેટફૉર્મ પર નવા ટેક્સ સ્લેબ ને લગતી ભ્રામક જાણકારી ફેલાવવામાં આવી રહી છે. અમે એ સ્પષ્ટ કરવા માંગીએ છીએ કે 1 એપ્રિલ, 2024થી ટેક્સ સ્લેબમાં કોઈ નવો ફેરફાર થયો નથી.

મંત્રાલયે આગળ કહ્યું છે કે, "ઈનકમ ટેક્સ એકટની ધારા 115BAC(1A)ના હેઠળ નવા ટેક્સ વ્યવસ્થાને હાજર જુની વ્યવસ્થા કરતા ફાઈનાન્સ એક્ટ 2023માં રજૂ કર્યો હતો. નવી ટેક્સ વ્યવસ્થા કંપનીઓ અને ફર્મોના સિવાય બાકી વ્યક્તિયો પર લાગૂ છે અને નાણાકીય વર્ષ 2023-24 થી તે તેના ડિફૉલ્ટ ટેક્સ સ્લોબના રૂપમાં લાગૂ છે. તેના અનુરૂપ અસેસમન્ટ વર્ષ 2024-25 છે."

પોસ્ટમાં કહ્યું છે કે, "નવા ટેક્સ રિજીમના હેઠળ, ટેકસના દર ઘણા ઓછા છે. જો કે આ રિજીમમાં જુની ટેક્સ વ્યવસ્થાના હેઠળ મળવા વાળી તમામ છૂટ અને ડિડકશન લાગૂ નથી થઈ. નવી ટેકસ રિજીમમાં માત્ર પગારથી 50,000 રૂપિયા અને પારિવારિક પેન્શનથી 15,000 રૂપિયાની સ્ટેન્ડર્ડ ડિડક્શનનું પ્રાવધાન છે."

મંત્રાલયે આગળ કહ્યું છે કે, "ઈનકમ ટેક્સ એકટની ધારા 115BAC(1A)ના હેઠળ નવા ટેક્સ વ્યવસ્થાને હાજર જુની વ્યવસ્થા કરતા ફાઈનાન્સ એક્ટ 2023માં રજૂ કર્યો હતો. નવી ટેક્સ વ્યવસ્થા કંપનીઓ અને ફર્મોના સિવાય બાકી વ્યક્તિયો પર લાગૂ છે અને નાણાકીય વર્ષ 2023-24 થી તે તેના ડિફૉલ્ટ ટેક્સ સ્લોબના રૂપમાં લાગૂ છે. તેના અનુરૂપ અસેસમન્ટ વર્ષ 2024-25 છે."

મંત્રાલયે કહ્યું છે કે, "નવા ટેક્સ વ્યવસ્થા, ડિફૉલ્ટ ટેક્સ વ્યવસ્થા છે. જો કે, ટેક્સપેયર્સને નવી અને જુની બન્ને માંથી જે પણ ફાયદાકારક ટેક્સ વ્યવસ્થા લાગે છે, તે તેના પસંદ માટે સ્વતંત્ર છે.

નિવેદનમાં કહ્યું છે કે, "નવા ટેક્સ રિજીમથી બહાર નિકળવાનું વિકલ્પ અસેસમેન્ટ વર્ષ 2024-25ના માટે રિજર્ન દાખિલ કરવા સુધ ઉપલબ્ધ છે. વગર કોઈ કમર્શિયલ ઈનકમ વાળા યોગ્ય વ્યક્તિયોને પ્રત્યેક નાણાકીય વર્ષના માટે ટેક્સ વ્યવસ્થા પસંદ કરવાનો વિકલ્પ રહેશે.

# માર્ચમાં 1.78 લાખ કરોડ જીએસટી કલેક્શન થયું




## ■ 2023-24નું બીજું સૌથી મોટું કલેક્શન, 20 લાખ કરોડની કમાણી કરી

ગુજરાત | વંદન


સરકારે માર્ચમાં ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી)માંથી રૂ. 1.78 લાખ કરોડનું કલેક્શન કર્યું છે. નાણાકીય વર્ષ 2023-2024નું આ બીજું સૌથી મોટું કલેક્શન છે. એપ્રિલ 2023માં 1.87 લાખ કરોડ રૂપિયાનું કલેક્શન થયું હતું. નાણાકીય વર્ષ (2022-23) માટે માર્ચ મહિનાના કલેક્શન કરતાં 11.5% વધુ છે. ત્યારે જીએસટીમાંથી 1.60 લાખ કરોડ રૂપિયા એકત્ર થયા હતા.

નાણાકીય વર્ષ 2024માં GST કલેક્શન 11.7% વધીને રૂ. 20.14 લાખ કરોડ થયુ. દર મહિને કલેક્શન વધીને સરેરાશ રૂ. 1.68 લાખ કરોડ રહ્યું. ગયા નાણાકીય વર્ષ (2022-23)માં કલેક્શન રૂ. 1.5 લાખ કરોડ હતું. નાણા મંત્રાલયના જણાવ્યા અનુસાર, માર્ચ મહિનામાં 1,78,484 કરોડના GST કલેક્શનમાંથી CGST રૂ. 34,532 કરોડ અને SGST રૂ. 43,746 કરોડ હતું. ઈન્ટિગ્રેટેડ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (IGST): 87,947 કરોડ, જેમાં આયાતી માલ પર એકત્રિત 40,322 કરોડનો સમાવેશ થાય છે. સેસ 12,259 કરોડ છે, જેમાં આયાતી માલ પર એકત્રિત 996 કરોડનો સમાવેશ થાય છે.

# વિદેશમાં રહેતા ભારતીયોએ 29 અબજ ડોલર ઘરે મોકલીને નવો રેકોર્ડ બનાવ્યો

## ■ આરબીઆઈએ આ સંદર્ભમાં આંકડા રજૂ કર્યા

ગુજરાત | વંદન



વિદેશી ભારતીયોએ વિદેશથી ઘરે પૈસા મોકલવાનો નવો રેકોર્ડ બનાવ્યો છે. તાજેતરમાં જ આ સંબંધિત ડેટા સામે આવ્યો છે. જે મુજબ, ગયા નાણાકીય વર્ષના ડિસેમ્બરમાં પૂરા થયેલા ત્રિમાસિક ગાળામાં વિદેશી ભારતીયોએ રેમિટન્સ દ્વારા 29 અબજ ડોલર ઘરે ટ્રાન્સફર કર્યા હતા. આરબીઆઈએ આ સંદર્ભમાં આંકડા રજૂ કર્યા છે.

વિશ્વ બેંકના ડેટા અનુસાર, ગયા નાણાકીય વર્ષના ત્રીજા ક્વાર્ટરમાં નેટ ઈનવર્ડ રેમિટન્સ $29 બિલિયન નોંધાયું હતું. જે સ્થાનિક અર્થતંત્ર માટે ફાયદાકારક માનવામાં આવે છે.આવા ભંડોળ વિદેશી રેમિટન્સમાં રાખવામાં આવે છે. વિદેશમાં રહેતા બિન-નિવાસી ભારતીયો ભારતમાં તેમના ઘરે પૈસા મોકલે છે. આના દ્વારા દેશની ચાલુ ખાતાની ખાધ ઘટાડવામાં સફળતા મળે છે. વિદેશમાં રેમિટન્સમાં વધારો થવા પાછળનું કારણ વિદેશી ચલણ-અનિવાસી વધારો છે. જેમ જેમ FCNR નું વળતર વધે છે. તેવી જ રીતે, બચત એટલે કે થાપણો વિદેશમાં રહેતા ભારતીયો માટે આકર્ષક બની જાય છે.

ગયા નાણાકીય વર્ષના ત્રીજા ડિસેમ્બર ક્વાર્ટરમાં વિદેશથી આવેલા 29 અબજ ડૉલરનો આંકડો અત્યાર સુધીનો સૌથી મોટો ત્રિમાસિક વિદેશી રેમિટન્સનો આંકડો માનવામાં આવે છે.

# મેટા ભારતમાં પોતાનું ડેટા સેન્ટર ખોલવાની તૈયારીમાં

## ■ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના કેમ્પસમાં શરૂ ,ઝુકરબર્ગ-અંબાણી વચ્ચે ડીલ

ગુજરાત | વંદન

ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને વ્હોટ્સએપની પેરેન્ટ કંપની મેટા ચેન્નાઈમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ કેમ્પસમાં ભારતમાં તેનું પ્રથમ ડેટા સેન્ટર શરુ કરી શકે છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, મેટાના કો-ફાઉન્ડર માર્ક ઝુકરબર્ગે માર્ચમાં જામનગરમાં આયોજિત અનંત અંબાણીના પ્રી-વેડિંગ ફંક્શનમાં હાજરી આપી હતી. ત્યારે જ તેમણે આ અંગે રિલાયન્સ સાથે કરાર કર્યો હતો.ડેટા સેન્ટરમાં મેટાને ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને વોટ્સએપ જેવી તેની એપ્સ પર સ્થાનિક સ્તરે જનરેટ કરવામાં આવતી સામગ્રીને પ્રોસેસ કરવામાં મદદ કરશે. જો કે આ ડીલ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન સામે આવ્યું નથી.

આ કેમ્પસ દ્વારા, મેટા હવે દેશભરમાં ઝડપી ડેટા પ્રોસેસિંગને મંજૂરી આપશે. હાલમાં ભારતીય યુઝર્સનો ડેટા સિંગાપોરમાં મેટાના ડેટા સેન્ટરમાં આવે છે. આ બાબતે નિષ્ણાતોના મતે, મેટા લોકલ ડેટા સેન્ટર સાથે, કન્ટેન્ટ સિવાય લોકલ એડ પણ યુઝર્સના એક્સપીરિયંસને બેસ્ટ બનાવશે. આ સિવાય આનાથી ગ્લોબલ ડેટા સેન્ટરનો ખર્ચ ઘટશે.



ચેન્નાઈના અંબત્તુર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં 10 એકરનું કેમ્પસ બ્રુકફીલ્ડ એસેટ મેનેજમેન્ટ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને ડિજિટલ રિયલ્ટી વચ્ચેનું એક થ્રી-માર્ગી જોઈન્ટ વેન્ચર છે. તે 100-મેગાવોટ (MW) IT લોડ કેપિસિટી સુધી પહોંચી શકે છે.

મેટાના સીઈઓ માર્ક ઝુકરબર્ગે બિઝનેસમેન મુકેશ અંબાણીના નાના પુત્ર અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના પ્રી-વેડિંગમાં હાજરી આપી હતી. આ ફંકશન 1લી થી 3જી માર્ચ દરમિયાન જામનગરમાં યોજાયું હતું. માઈક્રોસોફ્ટના કો-ફાઉન્ડર બિલ ગેટ્સ અને અદાણી ગ્રુપના માલિક ગૌતમ અદાણી સહિત અન્ય ઘણા બિઝનેસે પણ આ ફંકશનમાં હાજરી આપી હતી.

ડેટા સેન્ટર એ નેટવર્ક દ્વારા જોડાયેલા કમ્પ્યુટર સર્વર્સનું એક મોટું ગ્રુપ છે. તેનો ઉપયોગ મોટી માત્રામાં ડેટા સ્ટોર કરવા અને પ્રોસેસ કરવા માટે કંપનીઓ દ્વારા કરવામાં આવે છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ફેસબુક, ટ્વિટર, વોટ્સએપ, ઈન્સ્ટાગ્રામ, યુટ્યુબ, બેંકિંગ, રિટેલ, હેલ્થકેર, પર્યટન અને અન્ય વ્યવહારો ઘણો ડેટા જનરેટ કરે છે, જેના સ્ટોરેજ માટે ડેટા સેન્ટરની જરૂર પડે છે.

આ સુવિધાઓમાં ડેટા સ્ટોરેજ, સૂચનાઓનું પ્રોસેસિંગ અને બીજી જગ્યાએ તેને પહોંચાડવા અને કંપનીની એપ્લિકેશન્સ સંબંધિત કાર્યોનો સમાવેશ થાય છે. તેને સર્વર તરીકે ગણી શકાય કે જ્યાંથી કંપનીનું સમગ્ર IT ઓપરેટ થાય છે. ડિજિટલ યુગમાં, સોશિયલ નેટવર્કિંગ કંપનીઓ તેમના યુઝર્સનો તમામ ડેટા અને માહિતી તેમના પોતાના ડેટા સેન્ટરમાં રાખે છે. આ ડેટા સેન્ટર્સમાં હજારોની સંખ્યામાં સર્વર હોય છે.

# રિઝર્વ બેન્ક દ્વારા સતત સાતમી વખતે રેપો રેટ યથાવત્ રખાયો

## ■ ફુગાવો 4 ટકાની આસપાસ નહીં આવે ત્યાં સુધી રેપો રેટ નહીં ઘટે

ગુજરાત | વંદન



મજબૂત આર્થિક વિકાસ દર તથા ઊંચા ફુગાવાને ધ્યાનમાં રાખી રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (RBI)ની મોનિટરી પોલિસી કમિટિ (MPC)ત્રણ દિવસની બેઠકના અંતે આજે રેપો રેટની જાહેરાત કરી દીધી છે. RBI સતત સાતમી વખત રેપો રેટ યથાવત રાખ્યા છે. ઉલ્લેખનીય છે કે ફેબ્રુઆરી 2023માં રેપો રેટમાં વધારો કરી 6.50 ટકાના સ્તરે લઈ જવાયા બાદ રિઝર્વ બેન્કે ત્યારપછીની દરેક બેઠકમાં વ્યાજ દર જાળવી રાખ્યો છે.

ભારતનો આર્થિક વિકાસ ૨૦૨૩ના ડિસેમ્બર ત્રિમાસિકમાં દર 8.40 ટકા રહ્યો હતો જે મોટા અર્થતંત્રમાં સૌથી વધુ હતો. આ ઉપરાંત ફેબ્રુઆરીનો ફુગાવો પણ અપેક્ષા કરતા વધુ રહી 5.09 ટકા આવ્યો હતો. જે રિઝર્વ બેન્કના 4 ટકાના ટાર્ગેટ કરતા ઘણો ઊંચો છે. જ્યાંસુધી ફુગાવો 4 ટકાની આસપાસ નહીં આવે ત્યાંસુધી રેપો રેટમાં ઘટાડો વહેલો ગણાશે એમ રિઝર્વ બેન્કના ગવર્નર શક્તિકાંત દાસે અગાઉ નિરીક્ષણ કર્યું હતું.

# હવે spotify પર ગીત સાંભળવાનું મોંઘું થશે

## ■ નવી કિંમતો હેઠળ વ્યક્તિગત પ્લાન દર મહિને લગભગ 1 ડોલર વધશે

ગુજરાત | વંદન

સ્પોટિફાય પર ગીતો સાંભળનારા લોકોની સંખ્યા સતત વધી રહી છે. હવે કંપની પોતાનો નફો વધારવા માટે ભાવવધારા પર વિચાર કરી રહી છે. નવી કિંમતો હેઠળ, વ્યક્તિગત પ્લાન દર મહિને લગભગ $1 વધશે, જ્યારે કૌટુંબિક પ્લાનમાં $2નો વધારો થશે.

હવે Spotify પર ગીતો સાંભળવા મોંઘા પડી શકે છે. બ્લૂમબર્ગના જણાવ્યા મુજબ, Spotify Technology SA આ મહિનાના અંત સુધીમાં પાંચ બજારોમાં દર મહિને લગભગ $1 થી $2 સુધી ભાવ વધારવાની યોજના ધરાવે છે. જેમાં યુકે, ઓસ્ટ્રેલિયા અને પાકિસ્તાનનો સમાવેશ થાય છે. જો કે, એવું માનવામાં આવે છે કે આ પછી ટૂંક સમયમાં ભારતમાં ભાવ વધારાની જાહેરાત થઈ શકે છે.

સ્વીડિશ મ્યુઝિક સ્ટ્રીમિંગ સેવાના શેરમાં 5% થી વધુનો વધારો થયો છે. રિપોર્ટ કહે છે કે Spotify આ વર્ષના અંતમાં યુનાઈટેડ સ્ટેટ્સમાં કિંમતો વધારી શકે છે, કારણ કે કંપની એક નવું બેઝિક ટાયર રજૂ કરશે જે સંગીત અને પોડકાસ્ટ ઓફર કરશે પરંતુ ઑડિયોબુક્સ નહીં. રિપોર્ટ કહે છે કે આ હાલના વ્યક્તિગત પ્રીમિયમ પ્લાનનો એક ભાગ હશે અને Spotify ના ઘણા નવા ભાવ વિકલ્પોમાંથી પ્રથમ હશે.

નવી કિંમતો હેઠળ, વ્યક્તિગત પ્લાન દર મહિને લગભગ $1 વધશે, જ્યારે કૌટુંબિક પ્લાનમાં $2નો વધારો થશે. હાલમાં, Spotify માસિક ધોરણે પ્રીમિયમ પ્લાન ઓફર કરે છે, જેની કિંમત US$100 છે. તે એક વ્યક્તિ માટે $10.99, દંપતી માટે $14.99 અને કુટુંબ માટે $16.99 છે. કિંમતમાં વધારો Spotifyની નફાકારકતા વધારવામાં મદદ કરી શકે છે.કંપનીએ અગાઉ કહ્યું હતું કે વર્તમાન ક્વાર્ટરમાં પ્રીમિયમ ગ્રાહકોની સંખ્યા લગભગ 14% વધીને 239 મિલિયન થઈ શકે છે. ગ્રાહકોની સંખ્યા વધારવાના ઉદ્દેશ્ય સાથે, કંપનીએ પહેલાથી જ પોડકાસ્ટ અને ઓડિયોબુક્સ રજૂ કર્યા છે. Spotify એ યુનિવર્સલ મ્યુઝિક ગ્રુપ, સોની મ્યુઝિક એન્ટરટેઈનમેન્ટ અને વોર્નર મ્યુઝિક ગ્રુપ સાથે કન્ટેન્ટ લાઈસન્સિંગ ડીલ્સ પર પણ હસ્તાક્ષર કર્યા છે.

# ચૂંટણીઓના માહોલમાં દવાઓના ભાવમાં થયો વધારો

## ■ ઘણી દવાઓ એવી છે કે જે હવે મોંઘવારીની લિસ્ટમાં પહોંચી ગઈ



ગુજરાત | વંદન

નવા નાણાકીય વર્ષના પ્રથમ દિવસે ૧ લી એપ્રિલથી દવાઓની કિમતમાં વધારો થયો છે. જેના પગલે હલચલ મચી ગઈ છે. ઘણી આવી દવાઓ છે જેમાં હવે મોંઘવારીની લિસ્ટ.માં પહોંચી ગઈ છે. તેમાં લગભગ 800 થી વધું દવાઓ શામેલ છે. આ દવાઓની લિસ્ટમાં પેઈનકિલર્સ, એન્ટિબાયોટિક્સ અને એન્ટિ-ઈન્ફેક્શન દવાઓનો સમાવેશ થાય છે. દવાઓના ભાવમાં લગભગ 12 ટકા સુધીનો વધારો થયો છે. આવામાં અત્યારે શામાન્ય લોકોને દવાઓ ખરીદવા માટે અમુક વધું ખીસા ઢીલા કરવા પડશે. રાષ્ટ્રીય આવશ્યક દવાઓની યાદીમાં સામેલ દવાના ભાવમાં 1 એપ્રિલથી વધારો થયો છે. દવાઓના ભાવમાં વધારા માટે વર્ષમાં એક વાર મંજૂરી મળી છે.

ખરેખર, સરકારે દવા કંપનીઓને વર્ષિક જથ્થાબંધ પ્રાઈસ ઈન્ડેક્સના અનુસાર દવાઓના ભાવ વધારવાની પરમિશન આપીછે. જો કે નિયમ અનુસાર દવા કંપની એકવર્ષમાં 10 ટકાનો વધારો કરી શકે છે. પરંતુઆ વખતે 2 ટકા વધારે એટલે કે 12 ટકા વધુંભાવ વધાર્યા છે. કેન્સર, હૃદય રોગ,એનીમિયા, મેલેરિયા, એન્ટી-સેપ્ટિકને મળીને તમામ દવાઓ હવે નવા રેટ પર મળશે. તેના પહેલા વર્ષ 2022માં દવાઓની કિંમતો12 ટકા અને 10 ટકાનો વધારો થયો હતો.છેલ્લા અમુક વર્ષમાં દવામાં ઉપયોગ કરવાવાળી વસ્તુઓના કિંમત પણ વધી ગઈ છે.

15 થી 130 ટકાનો વધારો થયો છે. પેરાસિટામોલમાં 130 ટકાનો વધારો થયો છે. દવા ઈન્ડસ્ટ્રીના ગ્રુપ વાળાનું કહેવું છે કે દવા બનાવવામાં ખર્ચ ઘણો વધી ગયો છે. જેની કિંમતમાં વધારો કરવું ખૂબ જરૂરી હતું. હવે ભાવ વધારવાથી થોડી રાહત મળી છે. દવાઓ આવી વસ્તુ છે જો મોટાભાગે લોકોના કામ થયા છે. વધેલા દવાઓના લિસ્ટમાં પેરાસિટામોલ, એજિથ્રોમાઈસિન એન્ટીબાયોટિક્સ, એનીમિયાના દવાઓ, વિટામિન અને આયરન શામેલ છે. કોવિડ-19ના રોગમાં ઉપયોગ કરવા વાળા દવાઓ અને સ્ટેરોઈડ પણ લિસ્ટમાં છે.

# પીએમની આર્થિક સલાહકાર પરિષદના સભ્ય વિશ્વ બેંકની સમિતિમાં જોડાશે

## ■ વિશ્વ બેંકના પ્રમુખ અજય બંગા દ્વારા અપાયું આમંત્રણ

ગુજરાત | વંદન

વધુ એક ભારતીય ટૂંક સમયમાં વિદેશમાં દેશનું ગૌરવ વધારશે. વડા પ્રધાનની આર્થિક સલાહકાર પરિષદ સભ્ય રાકેશ મોહનને વિશ્વ બેંકના પ્રમુખ અજય બંગા દ્વારા વિશ્વ બેંક જૂથની આર્થિક સલાહકાર સમિતિમાં જોડાવા આમંત્રણ આપવામાં આવ્યું છે. મોહન સેન્ટર ફોર સોશિયલ એન્ડ ઈકોનોમિક પ્રોગ્રેસના માનદ પ્રમુખ અને પ્રતિષ્ઠિત ફેલો છે.

સીએસઈપી એ એક નિવેદનમાં જણાવ્યું હતું કે પેનલની અધ્યક્ષતા લંડન સ્કૂલ ઑફ ઈકોનોમિક્સમાં અર્થશાસ્ત્રના પ્રોફેસર લોર્ડ નિકોલસ સ્ટર્ન કરશે. ઈન્દરમીત ગિલ, ચીફ ઈકોનોમિસ્ટ અને વર્લ્ડ બેંક ગ્રુપના ડેવલપમેન્ટ ઈકોનોમીના વરિષ્ઠ ઉપાધ્યક્ષ સહ-અધ્યક્ષ હશે. તેમાં કહેવામાં આવ્યું છે કે સમિતિ વિશ્વ બેંક જૂથના ઉદ્દેશ્યો, સંશોધન એજન્ડા અને કાર્યના સંબંધમાં વ્યૂહાત્મક મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે.



નિવેદન અનુસાર, સમિતિ વિશ્વ બેંકના સંશોધન અને નીતિ કાર્યના સંબંધમાં ઉદ્ભવતા મુખ્ય મુદ્દાઓ પર પણ સલાહ આપશે. સમિતિના દરેક સભ્યનો કાર્યકાળ બે વર્ષનો રહેશે. મોહને યેલ યુનિવર્સિટીમાં જેક્સન ઈન્સ્ટિટ્યૂટ ફોર ગ્લોબલ અફેર્સમાં સિનિયર ફેલો તરીકે સેવા આપી હતી અને 2010 થી 2012 સુધી સ્કૂલ ઑફ મેનેજમેન્ટમાં ઈન્ટરનેશનલ ઈકોનોમિક્સ એન્ડ ફાઈનાન્સના 'પ્રેક્ટિસમાં પ્રોફેસર'નું પદ સંભાળ્યું હતું.

અજય બંગા વિશ્વ બેંકના વડા એવા પ્રથમ ભારતીય-અમેરિકન છે. બંગાએ તાજેતરમાં જનરલ એટલાન્ટિકમાં ઉપપ્રમુખ તરીકે પણ સેવા આપી હતી. આ પહેલા, તેઓ લગભગ 24,000 કર્મચારીઓ સાથેની વૈશ્વિક સંસ્થા, માસ્ટરકાર્ડના પ્રમુખ અને સીઈઓ હતા. બંગા સાયબર રેડીનેસ ઈન્સ્ટિટ્યૂટના સહ-સ્થાપક છે અને ઈકોનોમિક ક્લબ ઓફ ન્યૂયોર્કના વાઈસ પ્રેસિડેન્ટ હતા. તેમને 2012 માં ફોરેન પોલિસી એસોસિએશન મેડલ, 2016 માં ભારતના રાષ્ટ્રપતિ દ્વારા પદ્મ શ્રી એવોર્ડ અને 2019 માં એલિસ આઈલેન્ડ મેડલ ઓફ ઓનરથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

લાઈફસ્ટાઈલ
સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# પરફેક્ટ ફિગર મેળવવું અને તેને મેઈન્ટેઈન રાખવું એક ચેલેન્જ



સ્લિમ-ટ્રીમ ફિગરને સારા સ્વાસ્થ્યનો સંકેત માનવામાં આવે છે અને એવું ફિગર લોકોને અટ્રેક્ટ પણ કરે છે. જોકે પરફેક્ટ ફિગર મેળવવું અને તેને મેઈન્ટેઈન રાખવું એક ચેલેન્જ ટાસ્ક હોય છે. તેના માટે રોજ વર્કઆઉટની સાથે ડાયેટ પર પણ કંટ્રોલ કરી શકાય છે. જે ઘણા લોકો માટે પોસિબલ નથી હોતું ખાસ કરીને એક્સરસાઈઝ કરવું. એવામાં ડાયટિંગનું ઓપ્શન બેસ્ટ છે. જો તમે એક્સરસાઈઝને સ્કિપ કરી ફક્ત ડાયટિંગની આદત પાડી રહ્યા છો તો તેનાથી વજન તો ઓછુ થઈ જશે પરંતુ સાથે જ ઘણી સમસ્યાઓનો પણ શિકાર થઈ શકો છો. સ્ટારવેશન ડાયેટમાં કલાકો સુધી ભુખ્યા રહેવાનું હોય છે જે આજકાલ વજન ઓછુ કરતા લોકો ઝડપથી અપનાવી રહ્યા છે.

સ્ટારવેશન ડાયેટના સાઈડ ઈફેક્ટથી મેટાબોલિઝમ થઈ જાય છે સ્લો તેની સાથે સ્ટારવેશન ડાયટથી શરીરમાં કેલેરીનું પ્રમાણ ઘટવા લાગે છે. જેના કારણે બોડી, ફેટ્સને પ્રાઈમરી એનર્જીની જેમ યુઝ કરવા લાગે છે. જેનાથી મેટાબોલિઝમ સ્લો થઈ જાય છે. મેટાબોલિક રેટ ઓછુ હોવા પર તમે જેટલો પ્રયત્ન કરી લો વજન ઓછુ નહીં થાય. બીજુ તેના કારણે દરેક સમયે થાક અને કમજોરીનો અનુભવ થતો રહે છે.

એક્સપટ્ર્સ અનુસાર સ્ટારવેશન ડાયેટથી ઈટિંગ ડિસઓર્ડરનો ખતરો વધી શકે છે. એટલે કે તેનાથી અમુક લોકોને વધારે ભૂખ લાગે છે તો ત્યાં જ અમુક લોકોની ભૂખ એકદમ મરી જાય છે. લાંબા સમય સુધી ડાયટિંગ કરવાથી એનોરેક્સિયા નર્વોસા, બુલિમિયા નર્વોસા કે બિંજ ઈટિંગ ડિસઓર્ડરની સમસ્યા થઈ શકે છે. જેના કારણે મૂડ ચિડચિડો રહે છે ગુસ્સો આવતો રહે છે અને સ્ટ્રેસ લેવલ પણ વધતો રહે છે.

### સ્ટારવેશન ડાયેટથી ઈટિંગ ડિસઓર્ડરનો ખતરો વધુ : એક્સપટ્ર્સ

ભોજન કરવાથી શરીરમાં વિટામિન્સ, મિનરલ, કેલ્શિયમ અને પ્રોટીનની કમી થવા લાગે છે. જે શરીરના ઘણા ફંક્શન્સને ચલાવવા માટે જરૂરી છે. સ્વાસ્થ્યની સાથે આ ન્યૂટ્રિશનની કમીની અસર સ્કિન અને વાળ પર પણ જોવા મળી શકે છે.

# લસણના ઝાડની વેલો ઘરમાં વાવો, મચ્છર નહીં આવે..


ઘણીવાર એવું જોવા મળે છે કે આપણી આસપાસ ઘણા વૃક્ષો અને છોડ છે. પરંતુ, અમારી પાસે તે વૃક્ષો અને છોડ વિશે માહિતી નથી. ઘણા એવા વૃક્ષો અને છોડ છે જે દવા તરીકે પણ ખૂબ જ અસરકારક માનવામાં આવે છે. આના સેવનથી આપણા શરીરની અનેક પ્રકારની બીમારીઓ દૂર થઈ શકે છે. આમાંની એક લસણની વેલો છે, જેના પાંદડાઓમાં દવાઓનો ભંડાર હોય છે. શરદી તાવ સહિત વિવિધ રોગોમાં તે ફાયદાકારક છે.આ સાથે આ વેલની ખાસિયત એ છે કે જો તમે તેને તમારા ઘરમાં લગાવો છો. જેથી આસપાસના વિસ્તારમાં મચ્છરો આવશે નહીં. કારણ કે, આ વેલાના પાન તોડવાથી લસણની વાસ આવે છે. ખરેખર, આ વેલામાંથી લસણ ઉત્પન્ન થતું નથી. પરંતુ આ વેલાનું નામ લસણ છે. તેથી ડેન્ગ્યુના મચ્છર આ વેલાથી દૂર રહે છે.



ડિગ્રી કોલેજના બોટનીના આસિસ્ટન્ટ પ્રોફેસર સીમાએ જણાવ્યું હતું કે તેમને વનસ્પતિશાસ્ત્રના ક્ષેત્રમાં લગભગ 33 વર્ષનો અનુભવ છે. ત્યારથી હું આ વિભાગમાં વર્ગો લઈ રહ્યો છું. તેમણે કહ્યું કે લસણના ઝાડની વેલો ગુજરાતમાં કલ્પતરુ તરીકે ઓળખાય છે. તેણે કહ્યું કે, તેનું નામ લસણ પણ છે. પરંતુ, આમાંથી લસણ મેળવી શકાતું નથી. જ્યારે તેને સૂંઘવામાં આવે છે, ત્યારે તેના પાનમાંથી લસણ જેવી ગંધ આવે છે, જે ખૂબ જ સુંદર લાગે છે.

### ઘર સુગંધથી મહેંકશે, શરદી તાવ સહિત વિવિધ રોગોમાં ફાયદાકારક....

તેનું વનસ્પતિક નામ મનસોઆ એલિયાસીઆ છે. તે મોટા નોન યેશી કુળના સભ્ય છે.વધુમાં તેમણે જણાવ્યું કે તેની સૌથી મોટી ખાસિયત એ છે કે તેની નજીક મચ્છર આવતા નથી. કારણ કે, તેની સુગંધ એવી હોય છે કે મચ્છરો ભાગી જાય છે. તેમજ તેના પાનનો રસ પીવાથી શરદી તાવ, ફ્લૂ કે ડેન્ગ્યુ જેવા રોગોમાં ફાયદો થાય છે જે મચ્છર કરડવાથી થાય છે.





# ઉનાળામાં સક્કરટેટી બચાવશે ડીહાઈડ્રેશનથી

ઉનાળાની ઋતુમાં તમે તરબૂચનું ખૂબ જ સેવન કરતા હશો, પરંતુ તેના જેવું જ દેખાતું બીજું ફળ છે સકરટેટી. આ પણ અનેક ફાયદાઓથી ભરપૂર હોય છે. તેમાં પણ ઘણું પાણી છે. જો કે, તેનો સ્વાદ અને સુગંધ તરબૂચથી તદ્દન અલગ છે, જેના કારણે ઘણા લોકો તેને ઓછું ખાવાનું પસંદ કરે છે. પરંતુ ઉનાળાના રોગોથી બચવા માટે સકરટેટી શ્રેષ્ઠ અને સસ્તો ઉપાય છે. તે પાચન માટે પણ સ્વસ્થ છે.

સકરટેટીમાં રહેલા પોષક તત્વો- તરબૂચની જેમ સકરટેટીમાં પણ પુષ્કળ પ્રમાણમાં પાણી હોય છે. આ સિવાય તેમાં ફાઈબર, બીટા કેરોટીન, કાર્બોહાઈડ્રેટ્સ, પ્રોટીન, વિટામીન એ, સી, પોટેશિયમ, ફોલેટ વગેરે જેવા એન્ટીઓક્સીડેન્ટ હોય છે, જે સ્વાસ્થ્યને ઘણા ફાયદા આપે છે.

એક સમાચાર અનુસાર, સકરટેટીમાં સૌથી વધુ પાણી હોય છે, જે ઉનાળાની ઋતુમાં ડિહાઈડ્રેશનથી બચવા માટે શ્રેષ્ઠ ફળ સાબિત થઈ શકે છે.

સકરટેટીમાં બીટી-કેરોટીન, વિટામિન સી જેવા ઘણા પ્રકારના એન્ટીઓક્સીડેન્ટ હોય છે, જે શરીરને ઓક્સિડેટીવ તણાવથી બચાવવાનું કામ કરે છે. તે ક્રોનિક રોગોના જોખમને પણ ઘણી હદ સુધી ઘટાડે છે.

આંખોને સ્વસ્થ રાખવા માટે તમે સકરટેટીનું સેવન પણ કરી શકો છો. તેમાં વિટામિન A હોય છે, જે આંખોની રોશની સુધારવા માટે જરૂરી છે. જો તમે સકરટેટીનું સેવન કરશો તો તમને ઉંમર સંબંધિત મેક્યુલર ડીજનરેશન અને મોતિયાની સમસ્યા પણ નહીં થાય.ઘણા ફળોમાં કેટલાક એવા તત્વો હોય છે, જે લાંબા આયુષ્ય માટે હૃદયને સ્વસ્થ રાખે છે. આવું જ એક ઉનાળાનું ફળ છે સકરટેટી. કારણ કે તેમાં પોટેશિયમ હોય છે, જે સામાન્ય બ્લડ પ્રેશરને જાળવવામાં મદદ કરે છે. તેનું સેવન કરવાથી કાર્ડિયોવેસ્ક્યુલર સ્વાસ્થ્ય પણ સારું રહે છે અને તમે હૃદય રોગથી પણ સુરક્ષિત રહે છે.

### આંખોની રોશની સુધારવા, મોતિયાની સમસ્યામાં પણ ઉપકારક

પાચન તંત્રને સ્વસ્થ રાખવા માટે તમે ઉનાળામાં સકરટેટીનું સેવન પણ કરી શકો છો. ઉનાળામાં ઉલટા ખોરાક ખાવાથી ઘણીવાર પેટ ખરાબ થાય છે. તેમાં ભરપૂર માત્રામાં ફાઈબર હોવાથી પાચન યોગ્ય રીતે થાય છે. કબજિયાત થતી નથી કારણ કે તે નિયમિત આંતરડાની ગતિને પ્રોત્સાહન આપે છે. જો કે, સકરટેટીનું સેવન મર્યાદિત માત્રામાં જ કરો અન્યથા તમને ઝાડા, પેટનું ફૂલવું અને ઉબકા જેવી સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે.

ઉનાળાની ઋતુમાં તમે તેનું સેવન કરી શકો છો. આ વજન ઘટાડવામાં ખૂબ અસરકારક સાબિત થઈ શકે છે. તેમાં ઓછી કેલરી, પાણી અને ફાઈબરનું પ્રમાણ વધુ હોવાથી તે લાંબા સમય સુધી પેટ ભરેલું લાગે છે. આ રીતે તમે અતિશય આહાર ટાળી શકો છો. ડાયેટરી ફાઈબર પાચનમાં મદદ કરે છે, જે વજન ઘટાડવામાં ઘણી મદદ કરે છે.

# ડુંગળી ખાવાથી સ્વાદની સાથે રંગ પણ સુધરે છે

### ડુંગળીના રસમાં એન્ટી-ઓક્સીડેન્ટ,એન્ટી-પિગમેન્ટેશન ગુણો જોવા મળે છે



પિગમેન્ટેશનની સમસ્યાઃ ચહેરા પરના ફ્રીકલ્સની સમસ્યાથી છુટકારો મેળવવા માટે તમે આ સરળ ઉપાયોની મદદ લઈ શકો છો. જો કે, જો તમારી ત્વચા ખૂબ જ ખરાબ થઈ રહી છે, તો એકવાર નિષ્ણાતની મદદ લો. આ ઉપરાંત જો તમે સંવેદનશીલ હોવ તો ડોક્ટરની સલાહ વગર કંઈપણ ન લગાવો.


આજકાલ મોટા ભાગના લોકો ચહેરા પરના તાણથી પરેશાન છે, જેનાથી ચહેરાની સુંદરતા ઘટી જાય છે. સમસ્યા વધુ ન વધે તે માટે સમયસર તેની સારવાર કરવી જરૂરી છે. ત્વચા પરથી તેના નિશાન દૂર કરવા એટલા સરળ નથી. બજારમાં ઘણા પ્રકારના ઉત્પાદનો ઉપલબ્ધ છે જે ફ્રીકલ્સને સાફ કરવાનો દાવો કરે છે પરંતુ તેઓ સમસ્યાને સંપૂર્ણપણે હલ કરવામાં સક્ષમ નથી. થોડા સમય પછી, ચહેરા પર ફરીથી ફ્રીકલ્સના નિશાન દેખાવા લાગે છે. આ સમસ્યાથી છુટકારો મેળવવા માટે તમે રસોડામાં રાખવામાં આવેલી આ એક વસ્તુથી પ્રાકૃતિક ચમકદાર ત્વચા મેળવી શકો છો.

ચહેરા પર ફ્રીકલ થવાનું સાચું કારણ ત્વચામાં મેલાનિનનું વધેલું સ્તર છે. જો તમારા શરીરમાં મેલાનિનનું સ્તર વધે છે, તો આ સ્થિતિમાં તમારા આહારમાં સુધારો કરવાની સખત જરૂર છે. આ સિવાય તમે કેટલીક પ્રાકૃતિક વસ્તુઓનો ઉપયોગ કરીને તમારા ચહેરા પરના દાણા ઘટાડી શકો છો. આ કુદરતી પદ્ધતિનો મુખ્ય ઘટક ડુંગળી છે. ડુંગળીનો ઉપયોગ કરીને તમે ફ્રીકલ્સને ઘટાડી શકો છો અને કુદરતી ચમકતી ત્વચા મેળવી શકો છો .

ફ્રીકલ્સને દૂર કરવા માટે તમે ડુંગળીના રસનો નિયમિત ઉપયોગ કરી શકો છો. ડુંગળીના રસમાં એન્ટી-ઓક્સીડેન્ટ અને એન્ટી-પિગમેન્ટેશન ગુણો જોવા મળે છે જે ત્વચાના ફ્રીકલ્સને ઘટાડવામાં મદદ કરે છે. આ માટે દરરોજ 1 થી 2 ચમચી ડુંગળીનો રસ રૂની મદદથી અસરગ્રસ્ત જગ્યા પર લગાવો અને હળવા હાથે માલિશ કરો. લગભગ 10 મિનિટ સુધી મસાજ કર્યા પછી ચહેરો ધોઈ લો. દરરોજ આમ કરવાથી તમે જલ્દી જ ફ્રીકલ્સની સમસ્યાથી છુટકારો મેળવી શકો છો.

ચહેરા પરના તાણના નિશાન દૂર કરવા માટે તમે ડુંગળીના રસ સાથે મધનો ઉપયોગ કરી શકો છો. તેમાં એન્ટી-ઓક્સીડેન્ટ તેમજ એન્ટી-ઈન્ફ્લેમેટરી ગુણ હોય છે, જે ચહેરા પરના તાણને ઘટાડી શકે છે. ચહેરા પર તેનો ઉપયોગ કરવા માટે, 1 ચમચી ડુંગળીના રસમાં થોડું મધ મિક્સ કરો. આ પછી ચહેરા પર લગાવો અને 10 મિનિટ માટે રહેવા દો. પછી સામાન્ય પાણીથી ચહેરો સાફ કરો, આનાથી ફ્રીકલ ઓછા થઈ શકે છે.

# પોષક તત્વોનું પાવરહાઉસ તરબૂચના બીજ, સ્વાસ્થ્ય માટે લાભ દાયક



ઉનાળાની ઋતુમાં તરબૂચ ખાવાનો ક્રેઝ હોય છે. સામાન્ય રીતે આપણે તરબૂચના ફળ ખાઈએ છીએ પણ તેના બીજ ડસ્ટબીનમાં ફેંકી દઈએ છીએ. એટલું જ નહીં, ભૂલથી પણ જો આ બીજ દાંતની નીચે આવી જાય તો તેને કોઈ નુકસાન થાય તેવા ડરથી આપણે તેને બહાર ફેંકી દઈએ છીએ. તરબૂચના બીજ એવા ઘણા પોષણનો પાવર પેક છે જે સ્વાસ્થ્યને ઘણી રીતે ફાયદો પહોંચાડી શકે છે.

ઉનાળામાં તરબૂચ ખાવાના ઘણા ફાયદા છે. તે શરીરને ઠંડુ રાખે છે, શરીરમાં પાણીની ઉણપને દૂર કરે છે અને શરીરમાં અનેક પોષક તત્વોની ઉણપને દૂર કરવામાં મદદ કરે છે. પરંતુ શું તમે જાણો છો કે તેની અંદર રહેલા કાળા બીજ પોષક તત્વોથી પણ ભરપૂર હોય છે. સામાન્ય રીતે આપણે તરબૂચના દાણા મોઢામાંથી કાઢીને ફેંકી દઈએ છીએ, ઘણી વખત જો તે ભૂલથી પેટમાં પ્રવેશી જાય તો આપણે કેટલાય દિવસો સુધી ચિંતિત રહીએ છીએ કે કોઈ સમસ્યા આવી શકે છે, તેનાથી સમસ્યા વધી શકે છે. તેના બદલે, તે સમસ્યાઓ દૂર કરવા માટે કામ કરે છે.

તરબૂચના બીજમાં ભરપૂર માત્રામાં મેગ્નેશિયમ હોય છે. જો તમે દરરોજ 4 ગ્રામ તરબૂચના બીજ ખાઓ છો, તો તે 21 ગ્રામ મેગ્નેશિયમની ઉણપને દૂર કરવામાં મદદ કરે છે. આપણને દરરોજ 420 ગ્રામ મેગ્નેશિયમની જરૂર પડે છે. શરીરના મેટાબોલિક કાર્યને જાળવવા માટે આ જરૂરી છે. એટલું જ નહીં, મેગ્નેશિયમ આપણા હૃદય, હાડકાં અને રોગપ્રતિકારક શક્તિને સ્વસ્થ રાખવા માટે પણ ખૂબ જ મહત્વપૂર્ણ તત્વ છે. આ ઉપરાંત, તે યોગ્ય સ્નાયુ કાર્ય અને ચેતા કાર્યને જાળવવા માટે પણ એક આવશ્યક તત્વ છે.

### હાર્ટ એટેક - હાર્ટ સ્ટ્રોકથી બચાવવામાં, ખરાબ કોલેસ્ટ્રોલ ઘટાડવાનું પણ કામ કરે છે

તરબૂચના બીજમાં આયર્ન પણ પુષ્કળ પ્રમાણમાં જોવા મળે છે, જે લોહીમાં હિમોગ્લોબિનનું સ્તર જાળવવામાં અને ઓક્સિજનના વધુ સારા પુરવઠામાં મદદ કરે છે. આ રીતે, તે મગજમાં ઓક્સિજનની ઉણપને દૂર કરવામાં પણ મદદ કરી શકે છે, જે ભૂલી જવા અથવા યાદશક્તિ સંબંધિત રોગોને દૂર રાખે છે. તરબૂચ હૃદયની બીમારીઓને દૂર રાખવામાં પણ મદદ કરી શકે છે. અમેરિકન હાર્ટ એસોસિએશન અનુસાર, તેમાં મોનોસેચ્યુરેટેડ ફેટ અને પોલીઅનસેચ્યુરેટેડ ફેટી એસિડ્સ જોવા મળે છે જે આપણને હાર્ટ એટેક અને હાર્ટ સ્ટ્રોકથી બચાવવામાં મદદ કરે છે. તે ખરાબ કોલેસ્ટ્રોલ ઘટાડવાનું પણ કામ કરે છે. તરબૂચના બીજમાં ઝિંક પણ મોટી માત્રામાં જોવા મળે છે, જે રોગપ્રતિકારક શક્તિ વધારવામાં, રોગોને દૂર રાખવામાં, પાચનતંત્ર અને નર્વસ સિસ્ટમને સારી રાખવામાં, કોષોને વધારવામાં અને અમુક પ્રકારના સ્વાદને સમજવામાં મદદ કરે છે. આ રીતે, જો તમે તરબૂચના બીજને શેકીને તેને તમારા આહારમાં સામેલ કરો છો, તો તમે ઘણી રીતે ફાયદા મેળવી શકો છો.

# ઓટીઝમથી સૌથી વધુ અસરગ્રસ્ત છે બાળકો

વિશ્વ ઓટિઝમ જાગૃતિ દિવસ દર વર્ષે 2 એપ્રિલે ઉજવવામાં આવે છે. સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ વર્ષ 2007માં આનો પ્રસ્તાવ મૂક્યો હતો અને તેને 18 ડિસેમ્બર 2007ના રોજ અપનાવવામાં આવ્યો. ઓટિઝમ એક માનસિક રોગ છે, તેનાથી પીડિત લોકોને સૌથી વધુ સપોર્ટ અને કાળજીની જરૂર હોય છે. આ રોગ મોટાભાગે બાળકોમાં જોવા મળે છે. જ્યારે બાળક નાનું હોય છે, ત્યારે તેના લક્ષણોને ઓળખવું સરળ નથી. આવી સ્થિતિમાં, અમે તમને આ દિવસની ઉજવણી પાછળનો હેતુ અને આ રોગ સાથે જોડાયેલી કેટલીક બાબતો જણાવીએ,

1 નવેમ્બર 2007ના રોજ, યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીએ વિશ્વ ઓટિઝમ જાગૃતિ દિવસની ઉજવણી કરવા માટે એક ઠરાવ પસાર કર્યો હતો, જે 18 ડિસેમ્બર 2007ના રોજ એસેમ્બલી દ્વારા અપનાવવામાં આવ્યો હતો. ત્યારથી, વિશ્વ ઓટિઝમ જાગૃતિ દિવસ દર વર્ષે 2 એપ્રિલના રોજ ઉજવવામાં આવે છે. તેનો હેતુ લોકોને આ ડિસઓર્ડર વિશે જાગૃત કરવાનો છે, જેથી તેનાથી પીડિત વ્યક્તિના જીવનને સુધારવામાં મદદ કરી શકે અને તે પણ સમાજમાં સારું જીવન જીવી શકે.



ઓટીઝમ એક ન્યુરોલોજીકલ સ્થિતિ છે જેમાં વ્યક્તિના મૌખિક અથવા બિન-મૌખિક સંચાર, કલ્પના અને સામાજિક ક્રિયાપ્રતિક્રિયા પર પ્રતિકૂળ અસર થાય છે. આવી સ્થિતિમાં, આ દિવસની ઉજવણીનો વાસ્તવિક હેતુ આ રોગ સાથે સંઘર્ષ કરી રહેલા લોકોને ટેકો આપવાનો છે, જે ફક્ત પોતાનામાં જાગૃતિ કેળવવાથી જ શક્ય બની શકે છે.

આજે, લોકોમાં ઓટીઝમ વિશે જાગરૂકતા ચોક્કસપણે વધી છે, પરંતુ ભારતમાં વધતા જતા કેસો પણ ચિંતામાં વધારો કરે છે. વર્ષ 2021માં ઈન્ડિયન જર્નલ ઓફ પેડિયાટ્રિક્સમાં પ્રકાશિત થયેલ એક અભ્યાસ દર્શાવે છે કે દેશમાં દર 68 બાળકોમાંથી એક બાળક ઓટિઝમથી પીડિત છે, જેમાં છોકરાઓની સંખ્યા છોકરીઓ કરતા ત્રણ ગણી વધારે છે. આનાથી પીડિત વ્યક્તિને વસ્તુઓ સમજવામાં તકલીફ થાય છે, તેના મગજમાં ગડબડ થાય છે, શબ્દો સમજવામાં અસમર્થ હોય છે, આંખનો સંપર્ક કરવામાં અને વાત કરવામાં અસમર્થ હોય છે, તેની બેસવાની,ખાવા-પીવાની વર્તણૂક પણ અન્ય કરતા અલગ હોય છે.

### એક માનસિક રોગ, તેનાથી પીડિતને સૌથી વધુ સપોર્ટ-કાળજીની જરૂર

આ વર્ષની વર્લ્ડ ઓટીઝમ અવેરનેસ ડેની થીમ ‘એમ્પાવરિંગ ઓટીસ્ટીક વોઈસીસ’ છે, એટલે કે આ ડિસઓર્ડરથી પીડિત લોકોના અવાજને મજબૂત બનાવવો, જેથી સમાજમાં આવા લોકોની સ્વીકૃતિ વધે અને તેઓ પણ સારુ જીવન જીવી શકે . વાદળી રંગને ઓટીઝમના પ્રતીક તરીકે જોવામાં આવે છે, જેના કારણે દર વર્ષે આ દિવસે મુખ્ય ઐતિહાસિક ઈમારતોને વાદળી લાઈટોથી સજાવવામાં આવે છે.

નોંધઃ આ લેખ માત્ર સામાન્ય જાણકારી માટે છે, તે કોઈ પણ પ્રકારે દવા કે ઈલાજનો વિકલ્પ હોઈ શકે નહીં. વધુ માહિતી માટે તમારાં ડોક્ટરની સંપર્ક કરો.

# યુ-ટ્યૂબર મિસ્ટર બીસ્ટ વિશ્વના સૌપ્રથમ અબજોપતિ

■ 1.87 કરોડની કમાણી, ફોર્બ્સે 2023માં ટૉપ ક્રિએટર્સની યાદીમાં સામેલ

ગુજરાત | વંદન

ફેન્સની વચ્ચે મિસ્ટર બીસ્ટના નામથી વિખ્યાત જેમ્સ સ્ટીફન ઉર્ફે જિમી ડોનાલ્ડસનની વાર્ષિક કમાણી અંદાજે 683 કરોડ રૂપિયા છે. આ તમામ કમાણી તેમને યૂ-ટ્યૂબ અને સોશિયલ મીડિયા મારફતે થાય છે. 25 વર્ષના ડોનાલ્ડસન અમેરિકાના નોર્થ કેરોલિનામાં રહે છે. ખાસ વાત એ છે કે અબજોની કમાણી કરનારા આ વ્યક્તિ એક નાના એવા સ્ટૂડિયો એપાર્ટમેન્ટમાં રહે છે, જ્યાં તેમના કામ કરવાની જગ્યા પણ છે. ભરોસો કરવો મુશ્કેલ છે કે આ તે વ્યક્તિનું ઘર છે, જે લાખો ડૉલરની મેગાયૉટ પર હાઈપ્રોફાઈલ મહેમાનોને આમંત્રિત કરે છે.

એક વાર જિમીએ એક યૂટ્યૂબ વીડિયો માટે ટૉમ બ્રેડીને 30 કરોડ ડૉલર (અંદાજે 2,500 કરોડ રૂપિયા)ના સુપરયાટ પર બેસાડ્યા હતા. ડોનાલ્ડસન અનુસાર તેઓ પોતાના એપાર્ટમેન્ટમાં ટૉમ બ્રેડી, જસ્ટિન ટિમ્બરલેક અને અનેક અન્ય સેલિબ્રિટિઝની યજમાની કરી ચૂક્યા છે. ડોનાલ્ડસને 12 વર્ષની ઉંમરમાં મિસ્ટર બીસ્ટના નામથી યૂ-ટ્યુબ પર વીડિયો પોસ્ટ કરવાનું શરૂ કર્યું હતું. ફોર્બ્સે તેમને 2023માં ટૉપ ક્રિએટર્સની યાદીમાં સામેલ કર્યો હતો. તેઓ તેનાથી અનેક એવોર્ડ જીતી ચૂક્યા છે.




ડોનાલ્ડસન મોટા ભાગે પરોપકાર કરતા હોય તેવા વીડિયો વધુ બનાવે છે. તેઓ દર્શકો માટે પણ પડકારજનક વીડિયો અપલોડ કરતા રહે છે, જેમાં લોકોને અલગ અલગ પ્રકારના કામ સોંપવામાં આવે છે. આ કામ પૂર્ણ કરવા પર તેઓને ભેટ સોગાદો આપવામાં આવે છે. 10 કરોડ સબ્સ્ક્રાઈબર થવા પર મિસ્ટર બીસ્ટે કેટલાક કામ આપ્યા હતા અને જીતનારને એક આઈલેન્ડ ભેટમાં આપ્યું હતું. એકવારે એક વેઈટરને ગિફ્ટમાં કાર આપી હતી. તાજેતરમાં તેમણે એક પૂરા ગ્રોસરી સ્ટોરની ખરીદી કરી છે અને તેમાં બંધ રહીને સમય વિતાવનારા વ્યક્તિને દરરોજ અંદાજે 83 લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી છે. ડોનાલ્ડસન અત્યારે પોતાના સ્ટૂડિયોમાં એક નાનો હિસ્સો વેચવાની તૈયારી કરી રહ્યો છે.

ફોર્બ્સ અનુસાર, તેના માત્ર 10% હિસ્સાથી તેને 15 કરોડ ડૉલર (1,250 કરોડ રૂપિયા) મળી શકે છે. તેનાથી ડોનાલ્ડસન વિશ્વના પહેલા અબજોપતિ (1 અબજ ડૉલરની સંપત્તિ વાળા) યૂ-ટ્યૂબર બની જશે. જિમીની નેટવર્થ અત્યારે અંદાજે 7 હજાર કરોડની આસપાસ છે. તેમાં કોઈ શંકાને સ્થાન નથી કે બીસ્ટ મોટા પાયે કમાણી કરી રહ્યાં છે. તે તેની યૂટ્યૂબ અને ફૂડ બ્રાન્ડમાંથી ડૉલરમાં કમાણી કરે છે. વાર્ષિક 60 થી 70 કરોડની આવક હોવા છતાં ડોનાલ્ડસન કહે છે કે તે ધનિક નથી. તેમના દરેક વીડિયોમાં તેને જાહેરાત મારફતે જ કરોડો રૂપિયાની કમાણી થાય છે.

મિસ્ટર બીસ્ટનું નામ વિશ્વના 100 સૌથી વધુ પ્રભાવશાળી લોકોમાં સામેલ થઈ ચૂક્યું છે. અત્યારે તેને યુ-ટ્યૂબ પર 24.7 કરોડથી વધુ સબ્સ્ક્રાઈબર છે. તેઓ વિશ્વના સૌથી વધુ સબસ્ક્રાઈબર ધરાવતા વ્યક્તિ છે. જો કે કોઈ ચેનલના સૌથી વધુ સબ્સક્રાઈબર હોવાનો રેકોર્ડ ભારતીય કંપની ટી-સિરીઝની પાસે છે. જેના 26.2 કરોડ સબ્સ્ક્રાઈબર છે, જિમી ડોનાલ્ડસને ટી-સીરિઝની તુલનામાં સૌથી વધુ સબ્સ્ક્રાઈબર મેળવવા માટે અનેક બિલબોર્ડ અને રેડિયો પર જાહેરાત આપી છે.

# રાયડુએ દર્શાવ્યું : RCB 16 વર્ષથી ટાઈટલ જીતતી નથી કારણ કે...

■ મોટા નામો દબાણ સમયે યુવાનોને આગળ કરી દે છે

ગુજરાત | વંદન

આઈપીએલ 2024માં રોયલ ચેલેન્જર્સ બેંગલોરની શરૂઆત સારી રહી નથી. ટીમ ચાર મેચ રમી છે, જેમાંથી તે માત્ર એક જ મેચ જીતી શકી છે. આરસીબીને ઘરઆંગણે બે મેચમાં હારનો સામનો કરવો પડ્યો છે. ટીમના પ્રદર્શન બાદ તેના પ્રશંસકોને ડર છે કે આ વખતે પણ આરસીબી ટાઈટલ ચૂકી ન જાય. આરસીબી છેલ્લા 16 વર્ષમાં ક્યારેય આ ટાઈટલ જીતી શકી નથી. દિગ્ગજ ખેલાડી અંબાતી રાયડૂએ જણાવ્યું હતું કે સ્ટાર્સથી સજેલી આરસીબી ટાઈટલ જીતતી નથી તેનું કારણ શું છે.

રાયડુએ કહ્યું કે આરસીબીમાં મોટા નામો દબાણ સમયે યુવાનોને આગળ કરી દે છે. તે પોતે ઉપર બેટિંગ કરે છે અને યુવાનોને મિડલ ઓર્ડરમાં મોકલે છે. ચેન્નઈ સુપર કિંગ્સ તરફથી રમી ચુકેલા આ ખેલાડીએ કહ્યું કે મને લાગે છે કે બોલિંગ હંમેશા સ્કોર કરતા વધુ રન આપે છે અને તેમની બેટિંગ દબાણમાં પ્રદર્શન કરે છે. જ્યારે પણ આરસીબી દબાણમાં હોય છે, ત્યારે કોઈ મોટું નામ રમતું જોવા મળતું નથી. આ પ્રકારની ટીમો ક્યારેય જીતતી નથી. એટલા માટે તે આટલા




વર્ષોથી આ ટાઈટલ જીતી શકી નથી.

રાયડુએ વધુમાં કહ્યું કે બધા યુવા ખેલાડીઓ નીચલા ક્રમમાં બેટિંગ કરે છે અને જે પણ મોટા નામ છે તે ઉપરના ક્રમે રમે છે. અનુભવી ખેલાડીઓ કેકની ક્રીમ ખાઈને નીકળી જાય છે. તમે જુઓ કે દબાણમાં કોણ રમી રહ્યું છે. ભારતના યુવા ખેલાડી અને દિનેશ કાર્તિક. તમારા મોટા આંતરરાષ્ટ્રીય ખેલાડીઓએ દબાણ લેવું જોઈએ પરંતુ તેઓ ક્યાં છે? તે ડ્રેસિંગ રૂમમાં છે. આવું આજે જ થઈ રહ્યું નથી. છેલ્લા 16 વર્ષથી આ જ કહાની છે.

આરસીબીની સિઝનની શરૂઆત હાર સાથે થઈ હતી. પ્રથમ મેચમાં તેમનો સામનો ચેન્નઈ સુપર કિંગ્સ સાથે થયો હતો અને છ વિકેટથી પરાજય થયો હતો. આ પછી પોતાના ઘરે પંજાબ કિંગ્સ સામે પરાજય થયો હતો. આરસીબીએ કેકેઆરને સાત વિકેટથી હરાવી પ્રથમ જીત મેળવી હતી. ત્યારબાદ લખનઉ સુપર જાયન્ટ્સ આરસીબીનો 28 રનથી પરાજય થયો હતો.

# છેલ્લા સાત વર્ષમાં ભારતીય ફૂટબોલ ટીમ ફિફાની રેન્કિંગમાં સૌથી નીચે પહોંચી ...

■ સુનીલ છેત્રી અને સાથી ખેલાડી એક પણ ગોલ ન કરી શક્યા

ગુજરાત | વંદન

ભારતીય ફૂટબોલ ટીમ ગુરુવાર (4 એપ્રિલ, 2024) ના રોજ જાહેર કરવામાં આવેલ નવીનતમ FIFA રેન્કિંગ (પુરુષો) માં 121 પર આવી ગઈ છે , જેણે છેલ્લા સાત વર્ષમાં નીચો રેન્કિંગનો નવો રેકોર્ડ બનાવ્યો છે. ભારતે તાજેતરની રેન્કિંગમાં 19.23 પોઈન્ટ ગુમાવ્યા છે અને તેમના કુલ પોઈન્ટ્સની સંખ્યા હાલમાં 1145.94 છે. જો કે, રેન્કિંગમાં ઘટાડો થયો હોવા છતાં, ભારત હજી પણ એશિયન ફૂટબોલ કોન્ફેડરેશનમાં 22મું સ્થાન ધરાવે છે.2023 AFC એશિયન કપમાં અણધાર્યા પ્રદર્શન પછી, જ્યાં સુનીલ છેત્રી અને સાથી ખેલાડીઓ એક પણ ગોલ કરવામાં નિષ્ફળ રહેતાં, ભારત એકદમ તળિયે ગબડ્યું, અને તેમનું રેન્કિંગ 15 સ્થાન ઘટી ગયુ છે.

ત્યારપછી એવી અપેક્ષા રાખવામાં આવી હતી કે માર્ચમાં ફીફા વર્લ્ડ કપ ક્વોલિફાયર ગેમ્સમાં ભારતના નસીબમાં ફેરફાર જોવા મળશે, કારણ કે તેઓ અફઘાનિસ્તાનના રૂપમાં પ્રમાણમાં નબળી ટીમનો સામનો કરવાના હતા. પરંતુ અપ્રમાણસર અને નબળા પ્રદર્શનને કારણે તેઓને પ્રથમ ટાઈમાં ગોલ રહિત ડ્રો રમ્યો હતો, જે ઘરઆંગણે હારથી ટોચ પર હતી, કારણ કે ભારતે બીજા હાફમાં 1-0ની લીડ પર આત્મસમર્પણ કર્યું હતું.

આગામી વર્ષોમાં ભારતીય ફૂટબોલ ટીમનું ભાવિ હવે ખૂબ જ અસ્પષ્ટ દેખાઈ રહ્યું છે, ત્યાં ભારે ચિંતા છે કે AIFF પ્રદર્શનને લગતી નાજુક પરિસ્થિતિનો કેવી રીતે સામનો કરશે. અફઘાનિસ્તાન સામે ભારતની ઘરઆંગણાની મેચની પૂર્વ સંધ્યાએ કોચ સ્ટીમેકે પણ પત્રકારો સમક્ષ એક બોલ્ડ નિવેદન આપ્યું હતું . તેણે કહ્યું, "જો હું ભારતને ત્રીજા રાઉન્ડમાં નહીં લઈ જઈશ, તો હું મારા ગર્વ સાથે, અહીં પાંચ વર્ષના કામમાં જે કંઈ પણ કર્યું છે તેના પર મારા સન્માન સાથે નીકળી જઈશ. હું મારું પદ બીજા કોઈને છોડી દઈશ."

# IPL 2024 સીઝનના ટૂર્નામેન્ટ વચ્ચે BCCIએ બોલાવી બેઠક

■ ફ્રેન્ચાઈઝી માલિકોની બેઠક 16 એપ્રિલે અમદાવાદમાં યોજાશે..

ગુજરાત | વંદન

IPL 2024 સીઝન શરૂ થઈ ગઈ છે અને ટૂર્નામેન્ટમાં અત્યાર સુધી 13 મેચ રમાઈ છે. દરમિયાન, ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) એ આ ટૂર્નામેન્ટમાં સામેલ તમામ 10 ફ્રેન્ચાઈઝીના માલિકોની બેઠક બોલાવી છે. આ બેઠક 16 એપ્રિલે અમદાવાદમાં યોજાશે. આ દિવસે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં દિલ્હી કેપિટલ્સ અને ગુજરાત ટાઈટન્સ વચ્ચે મેચ રમાવાની છે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર આ મીટિંગ માટે તમામ 10 ટીમોના માલિકોને આમંત્રણ મોકલવામાં આવ્યું છે. જો કે એવું અનુમાન કરવામાં આવી રહ્યું છે કે ટીમના માલિકો સાથે તેમના CEO અને ઓપરેશનલ ટીમો પણ મીટિંગમાં હાજરી આપી શકે છે, આ મીટિંગ ફક્ત માલિકો માટે જ નિયુક્ત કરવામાં આવી છે. બીસીસીઆઈના પ્રમુખ રોજર બિન્ની, સેક્રેટરી જય શાહ અને આઈપીએલના અધ્યક્ષ અરુણ સિંહ ધૂમલ પણ આ મહત્વપૂર્ણ બેઠકમાં હાજરી આપશે. માનવામાં આવે છે કે આ મીટિંગ માટેનું આમંત્રણ IPLના CEO હેમાંગ અમીન દ્વારા મોકલવામાં આવ્યું છે.

હેમાંગે આમંત્રણમાં મીટિંગનો એજન્ડા સ્પષ્ટ કર્યો નથી, પરંતુ અચાનક







બોલાવવામાં આવેલી મીટિંગને જોતા એવું લાગે છે કે, બીસીસીઆઈ આગામી વર્ષે યોજાનારી મેગા હરાજી પહેલા નીતિઓને લગતા મહત્વપૂર્ણ નિર્ણયો લઈ શકે છે અને ઘણી મુખ્ય ચિંતાઓને સુધારી શકે છે. આ મામલાની જાણકારી ધરાવતા એક સૂત્રએ જણાવ્યું કે આ બેઠકમાં તેઓ આઈપીએલને કેવી રીતે આગળ લઈ જવા તે અંગે ચર્ચા કરશે.

એવું માનવામાં આવે છે કે આ બેઠક દરમિયાન હરાજી પહેલા ખેલાડીઓને જાળવી રાખવા અંગે ચર્ચા થઈ શકે છે. આઈપીએલ ટીમો આ બાબતે અલગ-અલગ અભિપ્રાય ધરાવે છે. ખેલાડીઓની સંખ્યા પર કોઈ સર્વસંમતિ નથી અને એવું માનવામાં આવે છે કે બીસીસીઆઈ આ મુદ્દાને ઉકેલવા માટે મધ્યમ માર્ગ શોધી કાઢશે. કેટલાક IPL ફ્રેન્ચાઈઝી માલિકો માને છે કે રિટેન્શન નંબર વધારવો જોઈએ. તે દલીલ કરે છે કે ટીમોએ પોતાને સ્થાપિત કરી લીધા છે અને હવે તેમની બ્રાન્ડ અને ચાહક આધારને મજબૂત કરવા માટે સાતત્યની જરૂર છે. કેટલીક ફ્રેન્ચાઈઝી સૂચવે છે કે રીટેન્શન નંબર આઠ કરવો જોઈએ. જો કે, અન્ય વર્ગો તેનો વિરોધ કરી રહ્યા છે અને કહે છે કે રિટેન્શનની સંખ્યા ઘટાડવી જોઈએ.

બેઠક દરમિયાન પગારની મર્યાદાને લગતા અન્ય મહત્વપૂર્ણ મુદ્દા પર પણ ચર્ચા થઈ શકે છે. આ એક એવો વિષય છે જેના પર હંમેશા વિવાદ થતો રહે છે. બીસીસીઆઈએ પણ આ અંગે કડક વલણ અપનાવ્યું છે. ગયા વર્ષે યોજાયેલી મીની હરાજીમાં પગારની મર્યાદા 100 કરોડ રૂપિયા હતી, પરંતુ માનવામાં આવે છે કે તેમાં વધારો થશે.

# ઓલ ઈન્ડિયા ઈન્ડિયન ફૂટબોલ ફેડરેશન વિવાદોમાં ઘેરાયું ....

■ મહિલા ખેલાડીઓએ AIFFના સભ્ય પર લગાવ્યાં ગંભીર આરોપો..

ગુજરાત | વંદન

ભારતીય રમત-જગતમાં હાલના સમયે બધું બરાબર ચાલી રહ્યું નથી. હજુ ગત વર્ષે જ લગભગ 30 કુશ્તીબાજોએ રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (WFI) ના પૂર્વ અધ્યક્ષ બૃજભૂષણ શરણ સિંહ સામે જાતીય સતામણી સહિત ઘણા ગંભીર આરોપો લગાવ્યા હતા. ત્યારે હવે ઓલ ઈન્ડિયા ઈન્ડિયન ફૂટબોલ ફેડરેશન (AIFF) પણ વિવાદોમાં આવ્યું છે.

હિમાચલ પ્રદેશની બે મહિલા ફૂટબોલરોએ ફૂટબોલ એસોસિએશનના જનરલ સેક્રેટરી પર ગંભીર આરોપ લગાવ્યા છે. બંને ખેલાડીઓનો આરોપ છે કે દીપક શર્માએ રૂમમાં આવીને તેમની સાથે દારૂના નશામાં મારપીટ કરી હતી. બંને ખેલાડીઓએ આ ઘટના અંગે ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશનને ફરિયાદ પણ કરી હતી. ઉલ્લેખનીય છે કે દીપક શર્મા AIFFની કાર્યકારી સમિતિના સભ્ય પણ છે. દીપક શર્મા સામે આરોપ લગાવનાર



બંને ખેલાડીઓ ગોવામાં ચાલી રહેલી ઈન્ડિયન વુમન્સ લીગ-2માં ખાડ એફસી ટીમ તરફથી રમી રહી છે. ખાડ એફસી એ હિમાચલ પ્રદેશની ફૂટબોલની ટીમ છે.

જો કે દીપક શર્માએ આ આરોપોને પાયાવિહોણા ગણાવ્યા છે. તેમણે મીડિયા સાથે વાત કરતા કહ્યું કે, 'આ બધું પાયાવિહોણું છે. કોઈ તેમને ઉશ્કેરવાનો અને તેને બિનજરૂરી મુદ્દો બનાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. તે બંને ખેલાડી રાત્રે 11 વાગ્યાની આસપાસ બહારથી ઈંડા લઈને આવી હતી. મેં ખાલી સમયને લઈને ઠપકો આપ્યો હતો. તે એક નાનો મુદ્દો હતો અને ઘટના સાંજે બની હતી. આ ઉપરાંત તેમણે વધુમાં જણાવ્યું હતું કે જ્યારે આ ઘટના બની ત્યારે મારી પત્ની પણ મારી સાથે હતી. મેં AIFF સાથે પણ વાત કરીને તેમને દરેક બાબતની જાણકારી આપી હતી. આમાં કોઈ ગંભીર વાત નથી.'

# દોડવીર મુરલી કુમાર ગાવિતનો ડોપિંગ ટેસ્ટ પોઝિટિવ આવતા મુશ્કેલીમાં

■ રમત પહેલાં પ્રતિબંધિત દવા લીધી હોવાનું સાબિત થયું

ગુજરાત | વંદન




રમતવીર મુરલી ગાવિત ડોપિંગ ટેસ્ટમાં પોઝિટિવ સાબિત થતા એમની સામે પગલાં લેવાય એમ છે,ડોપિંગ ટેસ્ટમાં પોઝિટિવ તેનો અર્થ એવો થાય કે એમણે સ્પર્ધા વખતે પ્રતિબંધિત દવાનો ઉપયોગ કર્યો હશે. ગયા વર્ષે ઓક્ટોબર-નવેમ્બરમાં ગોવામાં યોજાયેલી નેશનલ ગેમ્સમાં એકત્ર કરાયેલા સેમ્પલ માટે લાંબા અંતરના દોડવીર મુરલી કુમાર ગાવિતનો ડોપિંગ ટેસ્ટ પોઝિટિવ આવ્યો હતો. મુરલીએ ગોવામાં 5,000 મીટરમાં સિલ્વર મેડલ જીત્યો હતો.

અગાઉ, આ ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીતનાર બ્રોન્ઝ મેડલિસ્ટ અજય કુમાર સરોજ પર ગેમ્સમાં ડોપ ટેસ્ટમાં નિષ્ફળ જવા બદલ ત્રણ વર્ષનો પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. એરિથ્રોપોએટિન (ઈપીઓ), એક ગ્લાયકોપ્રોટીન હોર્મોન જે લોહીમાં ઓક્સિજનનું સ્તર વધારે છે, રાષ્ટ્રીય ડોપિંગ વિરોધી એજન્સી (NADA) દ્વારા લેવામાં આવેલા મુરલીના નમૂનામાં જોવા મળ્યું હતું, એમ એક મીડિયાએ અહેવાલ આપ્યો હતો . તે ડોપિંગ ઉલ્લંઘન માટે દોષી સાબિત થયો હોવાથી, મુરલીનો નેશનલ ગેમ્સનો સિલ્વર મેડલ પણ છીનવાઈ ગયો છે.

ગયા વર્ષે ઑક્ટોબરમાં, ભારતીય એથ્લેટિક્સ ટીમના નિયમિત સભ્ય મુરલીએ 14:08.49 સેકન્ડના સમય સાથે 62મી નેશનલ ઓપનમાં પુરુષોની 5,000 મીટર સ્પર્ધા જીતી હતી. દોહામાં 2019 એશિયન એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં, તેણે 10,000 મીટર બ્રોન્ઝ જીત્યો. આ દરમિયાન, 1998 બેંગકોક એશિયન ગેમ્સમાં બ્રોન્ઝ મેડલ વિજેતા અને વર્લ્ડ બિલિયર્ડ્સ ચેમ્પિયનશિપના રનર અપ ભાસ્કર બાલચંદ્ર પણ ડોપિંગ નિયમોના ઉલ્લંઘન માટે દોષિત ઠર્યા છે.

તેના સેમ્પલમાં બ્લડ પ્રેશરને કંટ્રોલમાં રાખતા બીટા બ્લોકર મળી આવ્યા છે. આ પહેલીવાર છે જ્યારે કોઈ રમતવીર ક્યૂ સ્પોર્ટ્સમાં ડોપિંગ કરતા પકડાયો હોય.

# ગુજરાત ટાઈટન્સને મોટો ઝટકો, વિસ્ફોટક બેટ્સમેન થયો ઈજાગ્રસ્ત

ગુજરાત | વંદન

પંજાબ કિંગ્સે ગુજરાત ટાઈન્ટ સામે જીત મેળવી હતી. કેપ્ટન શિખર ધવનની ટીમ સામે ગુજરાતનો ત્રણ વિકેટે પરાજય થયો હતો. જોકે હવે ગુજરાત ટાઈટન્સ માટે ખરાબ સમાચાર સામે આવ્યા છે. ગુજરાત ટાઈટન્સના દિગ્ગજ મિડલ ઓર્ડર બેટ્સમેન ડેવિડ મિલર ઈજાગ્રસ્ત થયો છે, જેના કારણે તે લગભગ બે સપ્તાહ સુધી મેચ રહી નહીં શકે. મિલને ઈજા થતા કેપ્ટન શુભમન ગિલની ટીમ ગુજરાતને મોટો ફટકો લાગ્યો છે.અગાઉ પંજાબ વિરુદ્ધ ડેવિડ મિલર ગુજરાત ટીમમાં પ્લેઈંગ-11નો ભાગ હતો અને એવું મનાઈ રહ્યું હતું કે, તે લગભગ આગામી મેચ સુધીમાં સ્વસ્થ થઈ જશે, પરંતુ હવે ગુજરાત ટાઈટન્સ મેનેજમેન્ટ અને ચાહકો માટે ખરાબ સમાચાર સામે આવ્યા છે. મેનેજમેન્ટ ડેવિડ મિલરના સ્થાને કેન વિલિયમન્સને મેદાનમાં ઉતારશે. કેન વિલિયમસને 22 બોલમાં 26 રન ફટકાર્યા હતા. કેને મિડ ઈનિંગની બ્રેકમાં જણાવ્યું હતું કે, ડેવિડ મિલર ઈજાગ્રસ્ત થયો છે અને તે લગભગ બે અઠવાડિયા સુધી રમી નહીં શકે.




# હાર્દિકને મળ્યો રોહિતનો સાથ

■ ફિલ્ડિંગ વખતે રોહિતે દર્શકોને હાથ જોડયા, શાંત રહેવાનો સંકેત આપ્યો

ગુજરાત | વંદન



વાનખેડે સ્ટેડિયમમાં ટોસના સમયથી જ ચાહકો હાર્દિક પંડ્યાને ચીડવતા હતા. ટોસ સમયે સંજય માંગરેકરે પણ દર્શકોને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. મુંબઈ ઈન્ડિયન્સની ફિલ્ડિંગ વખતે પણ પરિસ્થિતિ બદલાઈ ન હતી. હાર્દિકના સ્ક્રીન પર આવતાની સાથે જ ચાહકો હૂટિંગ કરતા હતા. આવી સ્થિતિમાં રોહિત શર્માએ દર્શકોને શાંત રહેવા કહ્યું હતું. બાઉન્ડ્રી લાઈન પર ફિલ્ડિંગ કરતી વખતે રોહિતે દર્શકોને બંને હાથ જોડીને શાંત રહેવાનો સંકેત આપ્યો હતો. આવી સ્થિતિમાં એવી અપેક્ષા રાખી શકાય છે કે ચાહકો આગામી મેચોમાં હાર્દિક પંડ્યા સામે હૂટિંગ નહીં કરે. રાજસ્થાન રોયલ્સ સામે બેટિંગ દરમિયાન હાર્દિકે કેટલાક સારા શોટ્સ રમ્યા હતા. આ દરમિયાન ચાહકો પણ તેને સપોર્ટ કરી રહ્યા હતા. પરંતુ પછી ફિલ્ડિંગ દરમિયાન તેણે મેદાનમાં કેચ છોડ્યા પછી ચાહકોએ પણ તેની સામે હૂટિંગ શરૂ કર્યું હતું.

લેગ સ્પિનર યુઝવેન્દ્ર ચહલ અને ફાસ્ટ બોલર ટ્રેન્ટ બોલ્ટની જબરદસ્ત બોલિંગ બાદ રાજસ્થાન રોયલ્સે મુંબઈ ઈન્ડિયન્સને 6 વિકેટે હરાવ્યું હતું અને રિયાન પરાગની અણનમ ફિફ્ટીની મદદથી સતત ત્રીજી જીત નોંધાવી હતી. મુંબઈના 126 રનના ટાર્ગેટનો પીછો કરતા રાજસ્થાન રોયલ્સે 15.3 ઓવરમાં 4 વિકેટ ગુમાવીને 127 રન બનાવીને જીત મેળવી હતી. આકાશ મધવાલે 20 રન આપીને ત્રણ વિકેટ ઝડપી હતી પરંતુ તે મુંબઈને હારથી બચાવી શક્યો ન હતો.

મુંબઈ ઈન્ડિયન્સનો કેપ્ટન બન્યા બાદ હાર્દિક પંડ્યા માટે કંઈ જ ઠીક થઈ રહ્યું નથી. સિઝનની પ્રથમ મેચથી દરેક સ્ટેડિયમમાં હાર્દિક સામે હૂટિંગ થઈ રહ્યું છે. તેની ટીમ પણ સતત હારનો સામનો કરી રહી છે. હાર્દિક અમદાવાદ અને હૈદરાબાદ બાદ તેના હોમ ગ્રાઉન્ડ વાનખેડે સ્ટેડિયમમાં ઉતર્યો હતો. ત્યાં પણ ચાહકોએ હૂટિંગ કર્યું હતું. રોહિત શર્માને કેપ્ટનશિપમાંથી હટાવવાના કારણે ચાહકો સૌથી વધુ નારાજ છે.

વાનખેડે સ્ટેડિયમમાં ટોસના સમયથી જ ચાહકો હાર્દિક પંડ્યાને ચીડવતા હતા. ટોસ સમયે સંજય માંગરેકરે પણ દર્શકોને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. મુંબઈ ઈન્ડિયન્સની ફિલ્ડિંગ વખતે પણ પરિસ્થિતિ બદલાઈ ન હતી. હાર્દિકના સ્ક્રીન પર આવતાની સાથે જ ચાહકો હૂટિંગ કરતા હતા. આવી સ્થિતિમાં રોહિત શર્માએ દર્શકોને શાંત રહેવા કહ્યું હતું. બાઉન્ડ્રી લાઈન પર ફિલ્ડિંગ કરતી વખતે રોહિતે દર્શકોને બંને હાથ જોડીને શાંત રહેવાનો સંકેત આપ્યો હતો. આવી સ્થિતિમાં એવી અપેક્ષા રાખી શકાય છે કે ચાહકો આગામી મેચોમાં હાર્દિક પંડ્યા સામે હૂટિંગ નહીં કરે. રાજસ્થાન રોયલ્સ સામે બેટિંગ દરમિયાન હાર્દિકે કેટલાક સારા શોટ્સ રમ્યા હતા. આ દરમિયાન ચાહકો પણ તેને સપોર્ટ કરી રહ્યા હતા. પરંતુ પછી ફિલ્ડિંગ દરમિયાન તેણે મેદાનમાં કેચ છોડ્યા પછી ચાહકોએ પણ તેની સામે હૂટિંગ શરૂ કર્યું હતું.

લેગ સ્પિનર યુઝવેન્દ્ર ચહલ અને ફાસ્ટ બોલર ટ્રેન્ટ બોલ્ટની જબરદસ્ત બોલિંગ બાદ રાજસ્થાન રોયલ્સે મુંબઈ ઈન્ડિયન્સને 6 વિકેટે હરાવ્યું હતું અને રિયાન પરાગની અણનમ ફિફ્ટીની મદદથી સતત ત્રીજી જીત નોંધાવી હતી. મુંબઈના 126 રનના ટાર્ગેટનો પીછો કરતા રાજસ્થાન રોયલ્સે 15.3 ઓવરમાં 4 વિકેટ ગુમાવીને 127 રન બનાવીને જીત મેળવી હતી.

# IPLની આ સિઝનમાં દર્શકોની સંખ્યા મામલે આરસીબીની ટીમે સર્જ્યો નવો રેકોર્ડ..

ગુજરાત | વંદન



ઈન્ડિયન પ્રીમિયર લીગની 17મી સિઝનએ દર્શકોની સંખ્યાના મામલે નવા રેકોર્ડ બનાવ્યા છે. IPL 2024 સીઝનની શરૂઆત 22 માર્ચે ચેન્નઈ સુપર કિંગ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વચ્ચેની મેચ સાથે થઈ હતી. આ મેચ 16.8 કરોડ લોકોએ લાઈવ જોઈ હતી અને તેનો જોવાનો સમય 1,276 કરોડ મિનિટનો હતો. ચેન્નઈ અને બેંગ્લોર મેચ આ ઈન્ડિયન પ્રીમિયર લીગના ઈતિહાસમાં સૌથી વધુ જોવાયેલી ઓપનિંગ મેચ પણ બની ગઈ છે. આ આંકડા સાબિત કરવા માટે પૂરતા છે કે લીગ તરીકે IPL સતત સુધરી રહી છે.

# IPL 2024ના પોઈન્ટ ટેબલમાં મોટો ફેરફાર જોવા મળ્યો

■ CSK-KKRને પાછળ છોડીને ટોપ પર પહોંચી રાજસ્થાન રોયલ્સ

ગુજરાત | વંદન

IPL 2024 માં અત્યાર સુધી 14 મેચો પૂરી થઈ ગઈ છે. સિઝનની 14મી મેચ મુંબઈ ઈન્ડિયન્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં રમાઈ હતી, જેમાં રાજસ્થાનની ટીમે આ સિઝનમાં સતત ત્રીજી જીત હાંસલ કરી હતી. આ સાથે જ મુંબઈની ટીમે હારની હેટ્રિક કરી હતી. આ મેચ બાદ IPL 2024ના પોઈન્ટ ટેબલમાં મોટો ફેરફાર જોવા મળ્યો છે.

રાજસ્થાન રોયલ્સે મુંબઈ



ઈન્ડિયન્સ સામેની મેચમાં 6 વિકેટે જીત મેળવી હતી. રાજસ્થાન રોયલ્સે આ સિઝનમાં અત્યાર સુધીમાં 3 મેચ રમી છે અને તમામ મેચ જીતી છે. આ શાનદાર પ્રદર્શન સાથે રાજસ્થાનની ટીમ પોઈન્ટ ટેબલમાં પણ ટોપ પર પહોંચી ગઈ છે. કોલકાતા નાઈટ રાઈડર્સની ટીમ પ્રથમ સ્થાનેથી સરકીને બીજા સ્થાને પહોંચી ગઈ છે. બીજી તરફ ચેન્નાઈ સુપર કિંગ્સે પણ હારનો સામનો કરવો પડ્યો છે. ચેન્નાઈ સુપર કિંગ્સ ટીમ હવે ત્રીજા નંબર પર આવી ગઈ છે. જણાવી દઈએ કે KKR અને CSK પાસે હાલમાં 4-4 પોઈન્ટ છે, પરંતુ સારા નેટ રન રેટને કારણે કોલકાતા પોઈન્ટ ટેબલમાં CSK કરતા આગળ છે.

આ સિઝનમાં મુંબઈ ઈન્ડિયન્સ માટે અત્યાર સુધી કંઈ સારું રહ્યું નથી. ટીમે ત્રણ મેચ રમી છે અને આ તમામ મેચોમાં તેને હારનો સામનો કરવો પડ્યો છે. આ ખરાબ પ્રદર્શન સાથે મુંબઈ ઈન્ડિયન્સની ટીમ પોઈન્ટ ટેબલમાં સૌથી નીચે છે. મુંબઈ ઈન્ડિયન્સની સિઝનની પહેલી મેચ ઘરઆંગણે હતી, પરંતુ આ મેચમાં પણ તેઓ જીતનું ખાતું ખોલાવી શકી નહતી. મેચમાં પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી મુંબઈ ઈન્ડિયન્સની ટીમે 20 ઓવરમાં 9 વિકેટના નુકસાન પર 125 રન બનાવ્યા હતા. રાજસ્થાનની ટીમે આ લક્ષ્યાંક 15.3 ઓવરમાં 4 વિકેટના નુકસાન પર હાંસલ કર્યો હતો, જેમાં રિયાન પરાગે ફરી એકવાર બેટથી અદ્ભુત પ્રદર્શન કર્યું હતું, જેણે 39 બોલમાં 54 રનની અણનમ ઈનિંગ રમી હતી.



# રામનવમીએ અયોધ્યામાં લાખો ભક્તો દર્શન માટે ઉમટી પડશે

**■ અલગ-અલગ તારીખે દર્શન માટે આવવા મંદિર ટ્રસ્ટની અપીલ**

ગુજરાત | વંદન

ચૈત્ર મહિનામાં રામ નવમી દરમિયાન ભગવાન રામની નગરી અયોધ્યામાં મોટી સંખ્યામાં રામ ભક્તો ઉમટી પડે તેમ છે. અયોધ્યામાં ભગવાન રામના જન્મની ઉજવણી વધુ ઐતિહાસિક બની રહેશે કેમ કે મંદિર બન્યા પછી આ પહેલી રામનવમી હશે. પ્રથમ વખત ભગવાન રામની જન્મજયંતિ ભવ્ય મંદિરમાં ઉજવવામાં આવશે. હવે રામ મંદિર ટ્રસ્ટ અને અયોધ્યા જિલ્લા પ્રશાસને આ અંગે તૈયારીઓ શરૂ કરી દીધી છે. રામનવમીના તહેવાર પર અયોધ્યામાં ભારે ભીડ એકત્ર થવાની આશા છે.રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ અને જિલ્લા પ્રશાસન લોકોને અપીલ કરી રહ્યા છે કે તેઓ પોતપોતાના સ્થળોએ રામ નવમી ઉજવે અને અલગ-અલગ તારીખે અયોધ્યા આવે. જો ભક્તો અલગ-અલગ તારીખે અયોધ્યા આવે છે. તેઓ સુલભ રીતે રામલલ્લાના સારા રીતે દર્શન કરી શકશે.આ સાથે જિલ્લા પ્રશાસને પણ ટ્રસ્ટને રામ નવમીના તહેવાર પર રામ મંદિર આખો દિવસ ખોલવાની વિનંતી કરી છે. જિલ્લા પ્રશાસને વાહનોના પાર્કિંગ માટે 35 સ્થળોની જાણ કરી છે.

ડીએમ નીતિશ કુમારે કહ્યું કે, દેશવાસીઓને અપીલ છે. અયોધ્યામાં રામ મંદિરમાં તો ઉજવણી થશે જ પણ ભક્તોએ પોતપોતાના ગામ, શહેરમાં રામ નવમીની ઉજવણી કરવી જોઈએ.

ગ્રામીણ વિસ્તારોમાં પણ લોકો રામ નવમીની ઉત્સાહભેર ઉજવણી કરે છે. જો શ્રદ્ધાળુઓ અલગ-અલગ તારીખે અયોધ્યા આવશે તો તેઓ સારી અને સુવિધાજનક રીતે રામલલ્લાના દર્શન કરી શકશે. ડીએમએ કહ્યું કે, રામ નવમી પર મહાનગરપાલિકાને વિવિધ સ્થળોએ શેડ લગાવવા માટે કહેવામાં આવ્યું છે. મેળા વિસ્તારમાં હંગામી મેડિકલ કેમ્પ પણ ગોઠવવામાં આવશે. અહીં પાર્કિંગ માટે 35 જગ્યાઓ નક્કી કરવામાં આવી છે. જેમાં મુખ્યત્વે સ્ફટિક શિલા, ઉદય સ્કૂલ પાસે, પ્રહલાદ ઘાટનો સમાવેશ થાય છે. વાસ્તવમાં ભગવાન રામની પ્રથમ જન્મજયંતિ 17 એપ્રિલે દિવ્ય અને ભવ્ય મંદિરમાં ઉજવવામાં આવશે. આ વખતે 50 લાખ શ્રદ્ધાળુઓ અયોધ્યા પહોંચે તેવી શક્યતા છે.

# રાહુલ 15 કરોડ રૂપિયાની સંપત્તિનો માલિક છત્તા 49 લાખ રૂપિયાનું દેવું

**■ ચૂંટણી એફિડેવિટમાં જાહેર થઈ માહિતી**

ગુજરાત | વંદન

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી એ લોકસભા ચૂંટણી-2024 માટે આજે કેરળની વાયનાડ બેઠક પરથી ઉમેદવારી ફોર્મ ભર્યું છે. આ દરમિયાન તેમણે ચૂંટણી એફિડેવિટમાં કુલ સંપત્તિ ની વિગતો પણ આપી છે. તે મુજબ તેમની પાસે હાલ માત્ર રૂપિયા 55000 હજાર રોકડ છે. તેમણે નાણાંકીય વર્ષ 2022-23માં કુલ 1,02,78,680 રૂપિયાની આવક થઈ હોવાની પણ માહિતી આપી છે.

કોંગ્રેસ નેતાએ ચૂંટણી એફિડેવીટમાં જણાવ્યું છે કે, તેમની પાસે બેંકમાં 26.25 લાખ રૂપિયા જમા છે.



તેમણે શેર બજારમાં કુલ 4.33 કરોડ રૂપિયાનું, મ્યુચ્યુઅલ ફંડમાં 3.81 કરોડનું અને સૉવરેન ગોલ્ડ બોન્ડમાં 15.2 લાખ રૂપિયાનું રોકાણ કરેલું છે. તેમની પાસે 4.2 લાખની જ્વેલરી પણ છે.

આ ઉપરાંત રાહુલ ગાંધીના નામે અને ઈન્સ્યોરન્સ પોલિસીમાં લગભગ 16.52 લાખ રૂપિયાની ડિપોઝિટ છે. રાહુલ ગાંધી પાસે રૂ.9,24,59,264ની કુલ જંગમ સંપત્તિ અને કુલ રૂ.11,14,02,598ની સ્થાવર મિલકત છે. આમ તેમની કુલ 20,38,61,862 રૂપિયાની સંપત્તિ છે. રાહુલ ગાંધી પર લગભગ 49,79,184 રૂપિયાનું દેવું પણ છે. અગાઉ રાહુલ ગાંધીએ 2004માં પહેલી ચૂંટણી લડી હતી, તે દરમિયાન તેમની કુલ સંપત્તિ 55 લાખ રૂપિયા હતી.


વર્ષ 2019ની લોકસભા ચૂંટણીમાં રાહુલ ગાંધીએ ચૂંટણી એફિડેવિટમાં જણાવ્યું હતું કે, તેમની પાસે કુલ લગભગ 15 કરોડ રૂપિયાની સંપત્તિ છે. તે સમયે તેમની 72 લાખ રૂપિયાની લોન પણ હતી. છેલ્લા પાંચ વર્ષમાં રાહુલ ગાંધીની સંપત્તિમાં લગભગ પાંચ કરોડનો વધારો થયો છે. તેમણે 2019માં વાયનાડ બેઠક પરથી બીજીવાર ચૂંટણી લડી હતી અને મોટા અંતરથી જીત મેળવી હતી.

# યુદ્ધમાં સૈનિકોની સંખ્યા ઘટતા યુક્રેને લશ્કરી ભરતીની ઉંમર ઘટાડી

**■ હવે ૨૫ વર્ષની વય સુધીના લશ્કરમાં થશે ભરતી, રશિયા સામે લડશે ..**

ગુજરાત | વંદન

રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધને બે વર્ષથી વધુનો સમય થઇ ગયો છે. જે પછી સેનામાં તેની ઘટેલી રેન્કને ફરીથી ભરવા માટે યુક્રેન મોટો નિર્ણય લીધો છે. યુક્રેને લશ્કરી ભરતીની ઉંમર 27થી ઘટાડીને 25 કરી છે. યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ આ નિર્ણય પર કરેલા હસ્તાક્ષરના એક દિવસ પછી આ નવો ગતિશીલતા કાયદો અમલમાં આવ્યો.લશ્કરી વિશ્લેષકોનું કહેવું છે કે રશિયન બાજુના સૈનિકોની જેમ યુક્રેનિયન સૈનિકોની સરેરાશ ઉંમર 40ની આસપાસ છે. કેટલાક યુક્રેનિયનોને ચિંતા છે કે યુવા વયસ્કોને કર્મચારીઓમાંથી બહાર કાઢવાથી યુદ્ધથી તબાહ થયેલી અર્થવ્યવસ્થાને વધુ



નુકસાન થશે.

ઝેલેન્સકીએ આ કાયદાને લાગુ કરવામાં આટલો સમય કેમ લીધો તે સ્પષ્ટ નથી. તેઓએ કોઈ સાર્વજનિક ટિપ્પણી કરી ન હતી અને અધિકારીઓએ જણાવ્યું ન હતું કે દેશને કેટલા નવા સૈનિકો મળવાની અપેક્ષા છે અથવા કયા એકમો માટે ભરતી કરવામાં આવશે. યુક્રેનમાં પાયદળની વધતી જતી અછત અને દારૂગોળાની તીવ્ર અછતને કારણે સેનામાં ભરતી એ ઘણા મહિનાઓથી સંવેદનશીલ બાબત છે. જેના કારણે રશિયાએ યુદ્ધના મેદાનમાં પ્રવેશવાની પહેલ કરવી પડી હતી. મેનપાવર અને પ્લાનિંગ સાથેની રશિયાની પોતાની સમસ્યાઓએ અત્યાર સુધી તેને તેના લાભનો પૂરો ફાયદો ઉઠાવતા અટકાવ્યો છે.લશ્કરી વિશ્લેષકોનું કહેવું છે કે રશિયન બાજુના સૈનિકોની જેમ યુક્રેનિયન સૈનિકોની સરેરાશ ઉંમર 40ની આસપાસ છે. કેટલાક યુક્રેનિયનો ચિંતા કરે છે કે યુવાન વયસ્કોને કર્મચારીઓની બહાર ખેંચી લેવાથી યુદ્ધથી તબાહ થયેલી અર્થવ્યવસ્થાને વધુ નુકસાન થશે, પરંતુ કિવ ક્રેમલિન દળો દ્વારા ઉનાળાના આક્રમણની તૈયારી કરી રહ્યું હોવાથી સમસ્યા ગંભીર બની ગઈ છે.ઝેલેન્સ્કીએ ભાગ્યે જ ગતિશીલતાના મુદ્દાનો ઉલ્લેખ કર્યો છે, અને સંસદે તાજેતરના મહિનાઓમાં તેના વિશે લાંબી અને અનિર્ણિત ચર્ચાઓ યોજી છે. ગયા ડિસેમ્બરમાં, ઝેલેન્સકીએ કહ્યું હતું કે યુક્રેનની સેના વધુ 500,000 સૈનિકોને એકત્રિત કરવા માંગે છે. પરંતુ તેમણે કહ્યું કે તેમણે ટોચના અધિકારીઓને તેમની ઈચ્છા પૂરી કરવી કે નહીં તે નક્કી કરતા પહેલા ખૂબ જ સંવેદનશીલ બાબત શું છે તેની વિગતો આપવા જણાવ્યું હતું.

# વિદેશમાં પણ ભારતીયો પર પડ્યો મોંઘવારીનો માર


**■ ભારતીય વિદ્યાર્થીઓને કરવો પડી રહ્યો છે સંઘર્ષ**

ગુજરાત | વંદન

ઘણા લોકો પોતાના બાળકોને વિદેશ ભણવા મોકલવાનું સપનું જુએ છે. અમેરિકા, ઈંગ્લેન્ડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા જેવા દેશોમાં ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા ઘણી મોટી છે, પરંતુ હવે આ દેશોમાં રહેવાનો ખર્ચ ખૂબ જ ઝડપથી વધી રહ્યો છે. સૌથી મોટી મુશ્કેલી ભાડાની છે. સ્થિતિ એવી છે કે એક બેડ પર એકથી વધુ વ્યક્તિએ રહેવું પડે છે.

ભારતમાંથી વિદેશ ભણવા જવાનો ક્રેઝ વધી ગયો છે. અમેરિકા અને કેનેડા જેવા દેશોમાં દર વર્ષે જેટલી પણ સ્ટુડન્ટ વિઝા અરજી આવતી હોય છે તેમાંથી મોટા ભાગની ભારતમાંથી આવતી હોય છે. જોકે, હવે વિદેશમાં મોંઘવારી વધી રહી છે જેના કારણે ત્યાં રહેવા-જમવાનો ખર્ચ પણ વધી રહ્યો છે. વિદેશમાં ભણતા ભારતીય વિદ્યાર્થીઓ માટે મોંઘા શિક્ષણની સાથે સાથે જીવન નિર્વાહ પણ મોંઘો બની રહ્યો છે.

ખાસ કરીને તાજેતરના વર્ષોમાં ભાડા ડબલ થઈ ગયા છે. કોવિડ પછી આમાં વધુ વધારો થયો છે. કેનેડા, ઓસ્ટ્રેલિયા, યુકે, અમેરિકા સહિતના કેટલાક યુરોપિયન દેશોમાં વિદ્યાર્થીઓ માટે પોસાય તેવા આવાસ મેળવવું લગભગ અશક્ય બની રહ્યું છે. વિદ્યાર્થીઓનું કહેવું છે કે અભ્યાસ



માટે સ્કોલરશિપ મળે તો પણ ભાડું, ખાવા-પીવાનો ખર્ચ એટલો વધી ગયો છે કે પરિવારોએ આ માટે પણ મોટી લોન લેવી પડે છે. પરિસ્થિતિ એવી ઊભી થઈ છે કે એક રૂમમાં પણ વિદ્યાર્થીઓએ બેડ શેર કરવા પડી રહ્યા છે.

ગયા વર્ષે 75 હજાર ભારતીય વિદ્યાર્થીઓ ઓસ્ટ્રેલિયા ગયા હતા અને આ સંખ્યા ઝડપથી વધી રહી છે. 2022માં 2.15 લાખથી વધુ ભારતીય વિદ્યાર્થીઓ કેનેડા ગયા હતા. જોકે, છેલ્લા કેટલાક વર્ષોમાં કેનેડામાં ફક્ત ભારતીય જ નહીં પરંતુ ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સની સંખ્યા એટલી બધી વધી ગઈ છે કે ત્યાં હાઉસિંગ કટોકટી ઊભી થઈ છે. જેના કારણે હવે કેનેડા વિદ્યાર્થીઓની સંખ્યા પર નિયંત્રણ મેળવવા માટે પરમિટમાં ઘટાડો કરી રહ્યું છે.

આ સિવાય ઓસ્ટ્રેલિયામાં છેલ્લા કેટલાક વર્ષોમાં માંગ અને પુરવઠાનો ગુણોત્તર બગડવા લાગ્યો છે અને તેના કારણે વિદ્યાર્થીઓ માટે ત્યાં રહેવું મોંઘુ બની રહ્યું છે. ઓસ્ટ્રેલિયન યુનિવર્સિટીઓ ખાસ કરીને એશિયાના વિદ્યાર્થીઓને ટાર્ગેટ કરે છે. છેલ્લા એક-બે વર્ષમાં કેટલીક યુનિવર્સિટીઓમાં રજિસ્ટ્રેશન 40 ટકાથી વધુ વધી છે.

# મુશ્કેલીઓથી ઘેરાયેલું પાકિસ્તાન કેનેડાની ચૂંટણીમાં હસ્તક્ષેપ કરે છે!

**■ કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો દ્વારા દાવો**

ગુજરાત | વંદન

ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં ભારત સરકારના એજન્ટોની સંડોવણીનો ગંભીર આરોપ મૂક્યા પછી કેનેડાની જસ્ટિન ટ્રુડો સરકારે પાકિસ્તાન પર તેની ચૂંટણીમાં હસ્તક્ષેપ કરવાનો આરોપ લગાવ્યો છે. કેનેડાએ પાકિસ્તાનને એવા દેશોની યાદીમાં સામેલ કર્યું છે, કે જે કેનેડામાં વિદેશી હસ્તક્ષેપમાં સામેલ હોઈ શકે છે.

સરકારે ઈન્ટેલિજન્સ રિપોર્ટના આધારે દાવો કર્યો હતો કે તેની 2019 અને 2021ની ચૂંટણીમાં બીજા દેશોની દખલગીરી હતી. આ રિપોર્ટ ગયા અઠવાડિયે જાહેર કરાયો હતો અને તેની



સુનાવણી કેનેડાની કોર્ટમાં ચાલી રહી છે. કેનેડાની સરકારે અગાઉ ચીન, રશિયા અને ભારત પર તેની ચૂંટણીમાં દખલ કરવાનો આક્ષેપ કર્યો હતો. ફેબ્રુઆરીમાં કેનેડાની જસ્ટિન ટ્રુડો સરકારે તેની ચૂંટણીમાં સંભવિત દખલગીરીનો આક્ષેપ કરીને તપાસનો આદેશ આપ્યો હતો.

કેનેડિયન ઈન્ટેલિજન્સ રિપોર્ટના આધારે પીએમ ટ્રુડોએ આ મામલે ઉચ્ચ સ્તરીય તપાસનો આદેશ આપ્યો હતો અને તપાસ પેનલની રચના કરી હતી. ટ્રુડોએ અગાઉ ચીન અને ભારત પર ચૂંટણી દરમિયાન હસ્તક્ષેપ કરવાનો આક્ષેપ કર્યો હતો.સરકારે જણાવ્યું હતું કે ચૂંટણીમાં ભારતની સંભવિત ભૂમિકાની તપાસ કરશે. કેનેડાની દૃષ્ટિએ ચૂંટણી દરમિયાન સંભવિત હસ્તક્ષેપમાં ચીનનું નામ ટોચ પર છે. તપાસમાં એ પણ બહાર આવ્યું છે કે અગાઉ પાકિસ્તાનની ભૂમિકા બહાર આવી ન હતી, પરંતુ તપાસ દરમિયાન મળેલા પુરાવાના આધારે શંકાની સોય પાકિસ્તાન પર પણ તાકવામાં આવી છે.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે રશિયા અને ભારત જેવા દેશો તરફથી ચૂંટણી પ્રક્રિયા પર અત્યાર સુધી કોઈ ખાસ ખતરો ઉભો થયો નથી. કેનેડા સરકારના જણાવ્યા અનુસાર તેને ભારત તરફથી અન્ય પ્રકારના જોખમોનો સામનો કરવો પડે છે. અહીં તેને ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યા સાથે જોડવામાં આવી રહ્યો છે. કેનેડાની સરકારે નિજ્જર હત્યામાં ભારત સરકારની સંડોવાણીના આરોપોને હજુ પાછા ખેંચ્યા નથી કે કોઈ પુરાવા રજૂ કર્યા છે.

# ડેટાને સુરક્ષિત નહીં રાખો તો આર્થિક નુકસાન થવાની શક્યતા

**■ માત્ર 32 ટકા લોકો જ તેમના ડેટાનો સંપૂર્ણ બેકઅપ લે છે**

ગુજરાત | વંદન

ડિજિટલ યુગમાં ડેટાની ભારે માંગ છે. લોકો હમેશા સ્માર્ટફોન પર ઓનલાઈન હોઈ છે. કેટલીકવાર સોશિયલ મીડિયા પર ફોટા અપલોડ કરે છે, અને કેટલીકવાર ઈન્ટરનેટ બ્રાઉઝીંગ કરે છે. ડિજિટલ મીડિયા પર નિર્ભરતા ઘણી વધારે છે. આવી સ્થિતિમાં ડેટામાં નુકસાન થાય છે.વેસ્ટર્ન ડિજિટલના સિનિયર ડાયરેક્ટર અને માર્કેટિંગ હેડ જગન્નાથ ચેલિયાના જણાવ્યા અનુસાર, માત્ર 32 ટકા લોકો જ તેમના ડેટાનો સંપૂર્ણ બેકઅપ લે છે અને 52 ટકા લોકો તેમનો ડેટા ગુમાવે છે. ઘણી વખત એવું જોવા મળે છે કે હાર્ડવેર ફેલ્યોર કે અકસ્માતને કારણે ડેટા ડિલીટ થઈ જાય છે. આવી સ્થિતિમાં ડેટા બેકઅપ જરૂરી બની જાય છે. ડેટા બેકઅપ માટે, તમારે 3-2-1 વ્યૂહરચના પર કામ



કરવું જોઈએ. જે ડેટા બેકઅપ માટે સ્ટેંડર્ડ છે. આ અંતર્ગત ડેટાનું ત્રણ સ્તરનું સ્ટોરેજ હોવું જોઈએ. તેમાં બે અલગ-અલગ મીડિયા હોવા જોઈએ અને એક વધારાની સુરક્ષા માટે ઑફસાઈટ સેવ કરવું જોઈએ. તે અમારી ડિજિટલ ડેટાને સુરક્ષિત રાખે છે. લોકો સામાન્ય રીતે માને છે કે શા માટે ડેટા સુરક્ષા પર વધારાના પૈસા ખર્ચવા. પરંતુ જ્યારે તમારો ડેટા ખોવાઈ જાય છે, ત્યારે તેનો દુરુપયોગ તમને બદનામ કરવા માટે થઈ શકે છે.તમારે આર્થિક નુકસાનનો પણ સામનો કરવો પડશે. આવી સ્થિતિમાં ડેટા સુરક્ષા જરૂરી બની જાય છે. ખોવાયેલા કે ચોરાયેલા ડેટાની પુનઃપ્રાપ્તિ માટે ખંડણી વસૂલવામાં આવી હોવાના અહેવાલો છે. ડેટા સેફ્ટી માટે માર્કેટમાં ઘણા વિકલ્પો ઉપલબ્ધ છે.

# ઓસ્ટ્રેલિયામાં ભણવા આવનારાઓનું સ્વાગત, કામની શોધમાં આવનારા સામે એક્શન

**■ IELTSમાં 5.5નો સ્કોર વધારીને 6.0, ગ્રેજ્યુએટ વિઝા માટે 6.0 ના બદલે 6.5 નો સ્કોર જરૂરી**

ગુજરાત | વંદન

ઓસ્ટ્રેલિયામાં ભણવા આવવું હોય તો તમારું સ્વાગત છે, પરંતુ ભણવામાં જેન્યુઈન રસ હોય, અંગ્રેજી સારું આવડતું હોય અને નાણાકીય સ્થિતિ સદ્ધર હોય તે જરૂરી છે. ભણવાના બદલે જોબના ઈરાદાથી અહીં આવતા વિદ્યાર્થીઓ સામે અહીં સરકાર પગલાં લઈ રહી છે. ભારત, પાકિસ્તાન સહિતના દેશોના સ્ટુડન્ટને તેનાથી અસર થશે.

છેલ્લા એક દાયકા કરતા વધુ સમયથી ઓસ્ટ્રેલિયા ભારતીય સ્ટુડન્ટ્સમાં એક મનપસંદ દેશ બની ગયો છે. અમેરિકા, કેનેડા અને યુકે ઉપરાંત ઓસ્ટ્રેલિયામાં પણ ભારતીયોની સંખ્યા ખાસ્સી મોટી છે. કાંગારુનો દેશ ગણાતા ઓસ્ટ્રેલિયામાં ઘણા વિદ્યાર્થીઓ ક્વોલિટી એજ્યુકેશન માટે આવે છે, પરંતુ કેટલાક એવા પણ હોય છે જેમને અહીં ભણવા કરતા જોબ કરવામાં વધુ રસ



હોય છે. ઓસ્ટ્રેલિયા આવા સ્ટુડન્ટ્સ સામે સખત બની રહ્યું છે અને તેની સામે પગલાં લેવાઈ રહ્યા છે.

ઓસ્ટ્રેલિયાની સરકારે જાહેરાત કરી છે કે જેઓ અહીં ભણવા આવતા હોય તેમનું સ્વાગત છે, પરંતુ માત્ર કામની શોધમાં આવશો તે તેવા લોકો સામે એક્શન લેવાશે. ઓસ્ટ્રેલિયામાં માત્ર જેન્યુઈન સ્ટુડન્ટ જ આવે તે માટે અંગ્રેજી લેંગ્વેજની ટેસ્ટમાં વધુ ઊંચો સ્કોર કરવો પડશે. અગાઉ અંગ્રેજીના ઓછા નોલેજથી પણ ચાલી જતું હતું, પરંતુ હવે તે નહીં ચાલે. સ્ટુડન્ટ અને ગ્રેજ્યુએટ વિઝા માટે હવેથી વધુ સારા અંગ્રેજીની જરૂર પડશે.

ઓસ્ટ્રેલિયાના હોમ મિનિસ્ટર ક્લેર ઓ નીલે કહ્યું કે માઈગ્રેશનને ધીમું પાડવા માટે જે સ્ટ્રેટેજી ઘડવામાં આવી છે તેનું પાલન કરવામાં આવશે. ગયા વર્ષે પણ ઓસ્ટ્રેલિયા એવા કેટલાક પગલાં લીધા હતા જેના કારણે સ્ટુડન્ટ અહીં કામ કરવા માટે નહીં પરંતુ ભણવા માટે આવે. કોવિડ વખતે સ્ટુડન્ટ્સને જે રાહતો આપવામાં આવી હતી તે ગયા વર્ષે બંધ કરી દેવાઈ હતી.

ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ માટે અગાઉ કામના કલાકો નક્કી નહોતા થયા, પરંતુ હવે અમુક કલાક જ કામ કરી શકાશે. ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ કે નેપાળ જેવા દેશોના સ્ટુડન્ટ ઓસ્ટ્રેલિયા આવે ત્યારે તેઓ ડોલર કમાવા માટે ગમે ત્યાં કામ કરવા તૈયાર થઈ જાય છે.

## દક્ષિણ આફ્રિકાના એક દેશ બોત્સવાનાનું યુરોપના ધનપતિઓને ખુલ્લુ આમંત્રણ.....

# “અમારે ત્યાં આવો, હાથીઓના શિકાર કરો અને યાદગીરીરૂપે તેના શરીરના અંગો લઇ જાવ..”!

ગુજરાત | વંદન

ગુજરાતના જામનગરમાં રિલાયન્સના મુકેશ અંબાણીના પુત્ર આકાશ અંબાણીએ બ હજાર એકરમાં વનતારા તામનું જંગલ બનાવ્યું છે અને તેમાં દુનિયાભરના નાના -મોટા પ્રાણીઓની સાથે અંદાજે 200 જેટલા હાથીઓ કેરળ અને અન્યત્ર રાજ્યોમાંથી મંગાવીને રાખ્યા છે. વનતારામાં એક હજાર હાથીઓને રાખવાની અંબાણી પરિવારની ઈચ્છા છે. જો કે વન્યપ્રાણીઓના નિષ્ણાતોએ એવી ચિંતા વ્યકત કરી છે કે હાથીઓ અમુક ચોક્સ હવામાન અને વાતાવરણમાં જ રહેવા પ્રાચીન સમયથી ટેવાયેલા હોય છે અને આટલા બધા હાથીઓને જ્યાં ક્યારેય હાથીઓનો વસવાટ રહ્યો નથી એવા જામનગરમાં રાખવા તે ચિંતાજનક કહી શકાય.

જો કે વનતારા જંગલની સામે બોલવાની કોઈની તાકાત નથી. પણ હાથીઓના મામલે દ.આફ્રિકાના એક દેશ અને જર્મનીની વચ્ચે શાબ્દિક યુધ્ધ ફાટી નિકળ્યું છે. જેમાં આફ્રિકાના દેશે જર્મનીને ધમકી આપી છે કે વધુ ટેં... ટેં...કરશો તો બે-ચાર નહીં પણ પૂરા બે હજાર હાથીઓનો જથ્થો જર્મનીમાં છોડી દેવાશે....!! બે હજાર હાથીઓ કોઇ શહેરમાં કે દેશમાં ઘૂસી જાય તો કેવો ઉત્પાત મચાવે તે જ્યાં હાથીઓ વસે છે ત્યાંના લોકો જ જાણે છે.

મામલો કંઇક એવો છે કે દક્ષિણ આફ્રિકાના દેશ બોત્સ્વાનાએ યુરોપના દેશ જર્મનીને 100-200 નહીં પણ 20 હજાર જેટલી મોટી સંખ્યામાં હવાઇ-સડક અને ટ્રેન રસ્તે હાથીઓ મોકલવાની ધમકી આપી છે.

બોત્સ્વાના પ્રમુખ મોકગ્વેત્સી માસીસીએ કહે કે જર્મનીના લોકોએ પ્રાણીઓ સાથે મળીને રહેવું જોઈએ, જે તમે અમને કહેવાનો પ્રયાસ કરી





**જર્મનીએ શિકાર પર પ્રતિબંધ મૂકવા જણાવતા સામી ધમકી મળી-20 હજાર હાથીઓ છોડી દઇશ...!**

રહ્યાં છો. જર્મની યુરોપિયન યુનિયન દેશોમાં આફ્રિકન હાથી “ટ્રોફી”નો સૌથી મોટો આયાતકાર છે. ટ્રોફી એટલે રમતમાં કોઇ જીતે તો ઈનામરૂપે કે સ્મૃતિરૂપે અપાતી એક વસ્તુ છે કે જે પ્રમઆમપત્રના રૂપમાં હોય કે ધાતુમાંથી બનાવેલ કોઇ કલાકૃતિ પણ હોઇ શકે. પણ હાથી ટ્રોફી એટલે શું..?

બોત્સ્વાના રાષ્ટ્રપતિએ 20,000 હાથીઓને જર્મની મોકલવાની જે ધમકી આપી છે તે જર્મનીના પર્યાવરણ મંત્રાલયના સૂચન બાદ દક્ષિણ આફ્રિકાના દેશ બોત્સ્વાના તરફથી આ ખતરો સામે આવ્યો છે. આ વર્ષની શરૂઆતમાં જર્મનીએ કહ્યું કે શિકાર કર્યા પછી મૃત પ્રાણીઓના શરીરમાંથી અમુક ભાગોને યાદગીરી રૂપે ટ્રોફી માનીને (પ્રાણીઓના ભાગો) આયાત કરવા પર જર્મનીમાં કડક કાયદા હોવા જોઈએ.

આ અંગે બોત્સ્વાના રાષ્ટ્રપતિ મોકગ્વેત્સી માસીએ એમ કહ્યું કે જર્મનીના આમ કરવાથી તેમના દેશના લોકો વધુ ગરીબ બનશે...અને એવુ ન કરવુ જોઇએ તથા હાથીઓના શિકાર માટે જર્મનોએ વધુ સંખ્યામાં આવવુ જોઇએ...!

ક રિપોર્ટ કહે છે કે, જર્મની સહિત મોટી સંખ્યામાં પ્રવાસીઓ ટ્રોફી શિકાર માટે બોત્સ્વાના જાય છે. ટ્રોફી શિકારમાં, લોકો મનોરંજન માટે પ્રાણીઓનો શિકાર કરે છે અને બાદમાં પ્રાણીના માથા, ચામડી અથવા શરીરના કોઈપણ ભાગને અલગ કરીને તેને મેડિકલી સાફસુફ ટ્રોફી તરીકે-શિકારની યાદગીરી તરીકે-રાખે છે. જો કે બોત્સ્વાનાને ટ્રોફી હન્ટિંગ પ્રવૃતિથી શું ફાયદો થાય છે અને જર્મનીને 20 હજાર હાથીઓ મોકલીને તે શું સંદેશ આપવા માંગે છે, તેને કંઈક હજુ સરળ રીતે સમજીએ....

વિશ્વની હાથીઓની લગભગ એક તૃતીયાંશ વસ્તી બોત્સ્વાનામાં રહે છે. એક અંદાજ મુજબ અહીં 1,30,000થી વધુ હાથીઓ રહે છે. આ દેશમાં હાથીઓને રાખવા માટે જગ્યા ઓછી પડે છે. પ્રમુખ મોકગ્વેત્સી માસીએ કહ્યું કે પ્રાણીઓના સંરક્ષણ માટે લેવામાં આવેલી નીતિઓના પરિણામે દેશમાં હાથીઓની સંખ્યામાં રેકોર્ડ વધારો થયો છે. જો કે તેના કારણે રહીશોને મુશ્કેલી પડી રહી છે. હાથીઓનું ટોળું મિલકતોને નુકસાન પહોંચાડે છે અને પાક ખાઈ રહ્યા છે. રહેવાસીઓને કચડી નાખવામાં આવી રહ્યા છે. બોત્સ્વાનાના કેટલાક વિસ્તારો એવા છે જ્યાં લોકો કરતાં હાથીઓ વધુ રહે છે. આ સ્થળોએ ખેડૂતોના પાક નિષ્ફળ જવાને કારણે લોકો ભૂખ્યા રહે છે. અને તેથી હાથીઓની વધતી જતી વસ્તીને નિયંત્રિત કરવામાં તેના શિકાર માટે પ્રવાસીઓને આમંત્રવામાં આવે છે. જેના પગલે હાથીઓની સંખ્યા ઘટવાની સાથે તે સરકારી તિજોરી પણ ભરે છે.

હકીકતમાં, પશ્ચિમના સમૃદ્ધ લોકો શિકાર માટે બોત્સ્વાના અને અન્ય દક્ષિણ આફ્રિકાના દેશોમાં આવે છે. પ્રવાસીઓ પ્રાણીના શિકારની પરવાનગી માટે સરકારને હજારો ડોલર ચૂકવે છે અને પછી હાથીના ચામડા, દાંડી અને અન્ય વસ્તુઓને ટ્રોફી તરીકે

(અનુસંધાન પેજ નં.૬૫૨)

# 36 વર્ષની વયે દુનિયાને અલવિદા કહેનાર, આખી જીંદગી સાચા પ્રેમ માટે તરસતી રહેનાર મધુબાલાના જીવન પર બનશે ફિલ્મ !




મધુબાલા, જેને 'જીવંત તાજમહેલ' અને 'ભારતની મેરિલીન મનરો' તરીકે ઓળખવામાં આવે છે, તેને વાસ્તવિક જીવનમાં ક્યારેય પ્રેમ મળ્યો નથી. 55 વર્ષ પહેલા 36 વર્ષની વયે મધુબાલાએ દુનિયાના રંગમંચ પરથી કાયમી એક્ઝીટ લીધી હતી.

ફિલ્મ નિર્માતા જસમીત કે. રીન પીઢ ભારતીય સિનેમા અભિનેત્રી મધુબાલાના જીવન અને ફિલ્મ કારકિર્દી પર આધારિત ફિલ્મ બનાવશે. ફિલ્મના નિર્માતાઓ દ્વારા આ માહિતી આપવામાં આવી હતી.

ફિલ્મ પ્રોડક્શન કંપની સોની પિક્ચર્સ ઈન્ટરનેશનલ પ્રોડક્શન્સે તેની સત્તાવાર સોશિયલ મીડિયા એપ ઈન્સ્ટાગ્રામ પર આ ફિલ્મના નિર્માણની જાહેરાત કરી હતી.

હિન્દી સિનેમાની પીઢ અભિનેત્રીઓમાંની એક મધુબાલાએ ફિલ્મી દુનિયામાં પોતાની ટૂંકી કારકિર્દીમાં 'મિસ્ટર એન્ડ મિસિસ' (1955), 'ચલતી કા નામ ગાડી' (1958), 'કાલા પાની' (1958), 'જેવી ફિલ્મોમાં કામ કર્યું છે. હાવડા બ્રિજ' (1958). અને 'મુગલ-એ-આઝમ' જેવી ઐતિહાસિક અને સદાબહાર ફિલ્મોમાં શાનદાર અભિનય દ્વારા પોતાની ઓળખ બનાવી હતી. મુગલ-એ-આઝામની અનારકલીને આજે પણ કોણ ભૂલી શકે છે કે જેને તેના પ્રેમી અને સલીમના પિતા રાજા અકબર દ્વારા જીવતી ચણી દેવામાં આવી હતી..

બોલિવૂડ ઈન્ડસ્ટ્રીમાં એક એવી અભિનેત્રી હતી જેને લોકો ખૂબ જ પ્રેમ કરતા હતા, પરંતુ તે અંત સુધી પ્રેમ માટે ઝંખતી હતી. અમે વાત કરી રહ્યા છીએ હિન્દી ફિલ્મોની સૌથી સુંદર અભિનેત્રી મધુબાલાની, જેનું જીવન ખૂબ જ પીડાદાયક હતું. હવે તેમના જીવન પર એક બાયોપિક બનવા જઈ રહી છે જેમાં તેમના જીવનના વણઉકેલાયેલા રહસ્યો પરથી પડદો ઉંચકાશે. ઈન્સ્ટાગ્રામ પરની એક પોસ્ટમાં, સોની પિક્ચર્સ ઈન્ટરનેશનલ પ્રોડક્શન્સે જણાવ્યું હતું કે, "અમે મધુબાલાના સન્માનમાં અમારી આગામી ફિલ્મની જાહેરાત કરતાં રોમાંચિત છીએ, જે ગ્રેસ અને ટેલેન્ટનું પ્રતિક છે.



મધુબાલા તેની સુંદરતાના કારણે તેને 'હિન્દી સિનેમાની શુક્ર' (વિનસ) પણ કહેવામાં આવતી હતી. પોતાના મનમોહક અભિનયથી દર્શકોના દિલમાં ખાસ ઓળખ બનાવનાર મધુબાલાએ 23 ફેબ્રુઆરી 1969ના રોજ આ દુનિયાને અલવિદા કહ્યું હતું..

મધુબાલાનો કરિશ્મા એવો હતો કે તેની સરખામણી . 'જીવંત તાજમહેલ' તરીકે થતી હતી અને તેના તેજસ્વી ચહેરા પરથી નજર હટાવવી મુશ્કેલ બનતુ હતું. 36 વર્ષની વયે તેનું અવસાન થયાના પંચાવન વર્ષ પછી પણ, તે ભારતીયો માટે એક કોયડો અને આઈકોન છે. ન્યૂયોર્ક ટાઈમ્સ દ્વારા ભારતની મેરિલીન મનરોને તેમના મૃત્યુના દાયકાઓ પછી કરવામાં આવેલા એક ઓબિટમાં કહેવામાં આવ્યું હતું કે તે તેના હોલીવુડ સમકક્ષ મનરો જેવી ઉત્તમ સુંદરતા હતી, અને સમાન દુઃખ અનુભવતી હતી...

એમ કહેવાય છે કે જો તે વખતે કમાલ અમરોહી મધુબાલાને ફિલ્મ મહેલ માટે કાસ્ટ કરવા બાબતે મક્કમ ન હોત, તો સિનેમાની દુનિયા એક મહાન કલાકારની શ્રેષ્ઠતાથી ચૂકી ગઈ હોત. કેમ કે ફિલ્મ મહલના સ્ક્રીન-ટેસ્ટ દરમિયાન મધુબાલાને રિજેક્ટ કરી દેવામાં આવી હતી..સવાલ એ છે કે તેની બાયપિકમાં મધુબાલા કોણ બનશે..માધુરી દિક્ષિત, આલિયા ભટ્ટ કે દિપિકા પદુકોણ...?!

# બોની કપૂર કી ગેરંટી: 'વોન્ટેડ 2' બનેગીં, જરૂર બનેંગી.. ઔર ઉસમેં સલમાન ખાન હી લીડ રોલ મેં હોંગે, વાદા હૈ મેરા !

બોલીવૂડના 'ભાઈજાન' મનાતા સલમાનની દરેક ફિલ્મ માટે ચાહકો આતુરતાપૂર્વક રાહ જોતાં હોય છે, દર વર્ષે તહેવારોના દિવસે પોતાની ફિલ્મ રીલીઝ કરીને ચાહકોને ભેટ આપે છે. જોકે હવે સલમાનની એવી સુપરહીટ ફિલ્મના સિક્વલ બાબતેની જાહેરાત કરવામાં આવી છે જેને સાંભળીને ભાઈજનના ચાહકો એકદમ ખુશ થઈ ગયા છે.

અભિનેતા સલમાન ખાન માટે 2008 ખૂબ જ સફળ રહ્યું હતું. આ વર્ષમાં સલમાન ખાનની ફિલ્મ 'વોન્ટેડ'એ બોક્સ ઓફિસ પર ધમાલ મચાવવાની સાથે સલમાનના ફિલ્મ કરિયરને પણ મોટો બૂસ્ટ આપ્યો હતો. સલમાનની આ ફિલ્મ આજે પણ લોકો જુએ છે. આ ફિલ્મના




સિક્વલ બાબતે 16 વર્ષ બાદ ફિલ્મના પ્રિડ્યુસર બોની કપૂરે વાત કરી હતી, પણ બોની કપૂર અને સલમાન ખાનના સંબંધોમાં પડેલી તિરાડ બાદ પણ આ ફિલ્મ બનશે એવી આશા જાગી છે.

'વોન્ટેડ'ની સિક્વલ બાબતે બોની કપૂરે કહ્યું કે 'વોન્ટેડ 2' જરૂર બનશે અને તેમાં પણ સલમાન ખાન જ લીડ રોલમાં હશે. બોની કપૂરે કહ્યું હતું કે હું સલમાન ખાન સાથે 'વોન્ટેડ'નો સિક્વલ બનાવીશ. સલમાન ખાન સાથે આ ફિલ્મના બીજા પાર્ટ માટે મેં વાત કરી હતી અને સલમાન ખાને મને તે આ ફિલ્મમાં કામ કરશે એવું આશ્વાસન પણ આપ્યું હતું.

આ સાથે બોની કપૂરે તેમની ફિલ્મ અને લાઈફ બાબતે પણ અનેક બાબતો શેર કરી હતી. તેમણે કહ્યું હતું કે હું મારી અનેક યાદગાર ફિલ્મોના સિક્વલ અને રિમેક બનાવવાની મારી ઈચ્છા છે. બોનીએ કપૂરે કહ્યું હતું કે શ્રીદેવી સાથે બીજા લગ્ન કર્યા બાદ પહેલી પત્ની સાથેના દીકરા અર્જુન કપૂર સાથે તેમના વિવાદ થયા હતા.




## માધુરી દીક્ષિત ટૂંક સમયમાં ભૂલ ભુલૈયા બ્રહ્માંડમાં પગ મુકવા જઈ રહી છે.....

કાર્તિક આર્યન તેના આગામી પ્રોજેક્ટ્સને લઈને ચર્ચામાં છે. ખાતામાં ઘણી ફિલ્મો છે. મોટા દિગ્દર્શકો તેની સાથે ચિત્રો બનાવવા માંગે છે. હાલમાં જ તેણે વિશાલ ભારદ્વાજની ફિલ્મ સાઈન કરી છે. આમાં તે ગેંગસ્ટર હુસૈન ઉસ્ત્રાનું પાત્ર ભજવવા જઈ રહ્યો છે. આ ફિલ્મ વિશે હજુ સુધી બહુ જાણવા મળ્યું નથી. પરંતુ તે આવતા વર્ષે સિનેમાઘરોમાં આવશે. હાલમાં તે 'ભૂલ ભુલૈયા 3'ના શૂટિંગમાં વ્યસ્ત છે. પ્રથમ શિડ્યુલ થોડા દિવસ પહેલા જ પૂર્ણ થયું હતું. હવે 1 એપ્રિલના રોજ કાર્તિક આર્યન જર્મની વેકેશનથી પરત ફર્યો અને કામ શરૂ કર્યું.

પહેલા શેડ્યૂલમાં કાર્તિક આર્યન સાથે તૃપ્તિ ડિમરી અને વિદ્યા બાલન પણ હાજર હતા. બંનેએ એક્ટર સાથે ઘણા પાર્ટનું શૂટિંગ પૂરું કર્યું છે. હવે એ વાત સામે આવી છે કે મુંબઈ સિવાય બીજી ઘણી જગ્યાએ શૂટિંગ થવાનું છે. આમાં તેની સાથે અન્ય એક અભિનેત્રી જોડાવા જઈ રહી છે, જે છે માધુરી દીક્ષિત.

'ભૂલ ભુલૈયા 3'માં વિદ્યા બાલન અને કાર્તિક આર્યન એકસાથે ખૂબ જ મસ્તી કરવા જઈ રહ્યા છે. થોડા સમય પહેલા એવા સમાચાર આવ્યા હતા કે માધુરી દીક્ષિત પણ આ તસવીરમાં જોવા મળશે. પરંતુ આ વખતે સ્ટાઈલ અલગ હશે. આ વખતે એક નહીં પણ બે મંજુલિકા હશે. એટલે કે માધુરી દીક્ષિત પણ ભૂત બનવા જઈ રહી છે. વેલ, મેકર્સ દ્વારા હજુ સુધી આ સમાચારની પુષ્ટિ કરવામાં આવી નથી. ત્રીજા ભાગને હિટ બનાવવા માટે નિર્માતાઓએ જોરદાર જુગાર રમ્યો છે. ફર્સ્ટ શેડ્યુલ શરૂ થતાં પહેલા એવું કહેવામાં આવી રહ્યું હતું કે માધુરીએ પણ વિદ્યા અને તૃપ્તિ સાથે શૂટિંગ શરૂ કરી દીધું છે. પરંતુ આવું ન થયું. હવે બીજું શિડ્યુલ શરૂ થઈ ગયું છે. આવી સ્થિતિમાં, અભિનેત્રી પણ ટૂંક સમયમાં ટીમ સાથે જોડાવા જઈ રહી છે. જેઓ તેમના ભાગનું શૂટિંગ પૂર્ણ કરશે.

## હિરો નં.1 રાજાબાબુને ફરી જાગ્યો રાજકારણમાં ચૂંટણી લડવાનો રસ....

શિંદેજૂથ શિવસેનામાં જોડાયો



બોલિવૂડના અભિનેતા ગોવિંદાએ ફરી રાજકારણમાં એન્ટ્રી કરી છે. ગોવિંદા મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદેની શિંદે જૂથ શિવસેના પાર્ટીમાં સામેલ થઇ ગયા છે. આવી સ્થિતિમાં એવી અટકળો તેજ થઇ છે કે ગોવિંદા ફરી એકવાર લોકસભાની ચૂંટણી લડી શકે છે.

આ વખતે તેમને ઉત્તર-પશ્ચિમ મુંબઈ બેઠક પરથી ચૂંટણી લડે તેવા સંકેત મળી રહ્યા છે. ઉત્તર-પશ્ચિમ મુંબઈ બેઠક પરથી ઉદ્ધવ જૂથના અમોલ કીર્તિકર ઉમેદવાર છે. તેમની સામે ગોવિંદાને શિંદેજૂથ મેદાને ઉતારી શકે છે.

લ્લેખનીય છે કે, રાજકારણમાં ગોવિંદાની આ પ્રથમ ઈનિંગ નથી. વર્ષ 2004માં ગોવિંદા ઉત્તરી મુંબઈ લોકસભા બેઠકથી ચૂંટણી લડ્યા હતા અને તેમણે ભાજપના રામ નાઈકને હરાવ્યા હતા. ઉત્તરી મુંબઈ લોકસભા બેઠક ભાજપનો ગઢ ગણાય છે. જેમા બોરીવલી, દહિસર, મગાથેન કાંદિવલી પૂર્વ, ચારકોપ અને મલાડ પશ્ચિમ વિધાનસભા વિસ્તાર સામેલ છે.

# રવિનાનો દર્દ છલકાયો...હું પણ બોલીવુડ પૉલિટિક્સનો શિકાર બની હતી....મારી સાથે પણ..

ફિલ્મ મોહરામાં અક્ષયકુમારની સાથેના એક ગીત તું ચીજ બડી હૈ મસ્ત મસ્ત...થી મસ્તગર્લ તરીકે જાણીતી બનેલી રવિના ટંડનને હાલમાં જ પોતાના અનુભવો વર્ણવ્યા છે. જેમાં તે કહે છે કે તે પોતે પણ રાજકારણનો ભોગ બની છે...અને મારી સાથે પણ અન્યાય કરવામાં આવ્યો છે...

રવીના ટંડને જણાવ્યું છે કે ફિલ્મ-ઈન્ડસ્ટ્રીના કેટલાક લોકો પોતાને અસલામત અનુભવતા હોય છે. આ જ કારણ છે કે તેઓ અન્ય લોકોની સફળતા જોઈ નથી શકતા અને બીજાને પરેશાન કરતાં રહે છે.

પોતે પૉલિટિક્સનો ભોગ બની હોવાનું જણાવતાં રવીના ટંડન કહે છે, 'કેટલાક લોકો ઈનસિક્યૉર હોય છે અને તેઓ અન્યની સફળતા જોઈ નથી શકતા. તેઓ સામેવાળી વ્યક્તિને નીચે પાડવાનો પ્રયાસ



કરતા હોય છે. રિલેશનશિપ્સ દ્વારા અથવા તો તમારા ગ્રુપમાં તમને નીચા દેખાડવાનો પ્રયાસ કરવામાં આવે છે. આ માટે તેઓ બૉયફ્રેન્ડ અને ગર્લફ્રેન્ડ દ્વારા તમારી નજીક આવીને પણ તમારું અપમાન કરતા હોય છે.

અમારી ઈન્ડસ્ટ્રી સ્પર્ધાત્મક છે, પરંતુ કઈ ઈન્ડસ્ટ્રી કૉમ્પિટિટિવ નથી હોતી? પૉલિટિક્સ અને કૉર્પોરેટ્સમાં પણ આવું થાય છે. ફરક માત્ર એટલો જ છે કે ફિલ્મ-ઈન્ડસ્ટ્રીમાં એ વિશે બધું લખવામાં આવે છે, કારણ કે લોકોને ફેમસ લોકોની ગૉસિપમાં વધુ રસ હોય છે. લોકો પણ અહીં પૉલિટિક્સ કરતા હોય છે.

# કપિલ શર્માને કારણે કપૂર ખાનદાનની પ્રતિભાશાળી મહિલાને રોલ મળ્યો

રણબીર કપૂર, નીતુ કપૂર અને રિદ્ધિમા કપૂર કપિલ શર્માના નવા શો 'ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો'માં જોડાનાર પ્રથમ સેલિબ્રિટી ગેસ્ટ હતા. આ શોમાં કપિલે કહ્યું કે કરીના અને કરિશ્માની જેમ જલ્દી જ કપૂર પરિવારની બીજી દીકરી પણ બોલિવૂડમાં ડેબ્યૂ કરવા જઈ રહી છે., આ કપૂર પરિવારની દીકરીના ડેબ્યૂમાં કપિલનો મોટો ફાળો રહેલો છે.

ઋષિ કપૂર અને નીતુ કપૂરની મોટી દીકરી રિદ્ધિમા કપૂરે તેના ભાઈ-બહેન સુપરસ્ટાર હોવા છતાં ફિલ્મ ઈન્ડસ્ટ્રીથી દૂર રહેવાનો નિર્ણય લીધો હતો. આ જ કારણ છે કે દિલ્હીના પ્રખ્યાત બિઝનેસમેન ભરત સાહની સાથે લગ્ન કર્યા બાદ તે નાની ઉંમરમાં જ દિલ્હી શિફ્ટ થઈ ગઈ હતી.

પરંતુ હવે 44 વર્ષની ઉંમરે રિદ્ધિમા કપૂર બોલિવૂડમાં ડેબ્યૂ



કરવા જઈ રહી છે. તે ટૂંક સમયમાં નેટફ્લિક્સ પર રિલીઝ થનારી રિયાલિટી સીરિઝ 'ફેબ્યુલસ લાઈફ ઓફ બોલિવૂડ વાઈવ્સ'માં જોવા મળશે. ભાઈ રણબીર કપૂર અને માતા નીતુ કપૂર સાથે 'ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો'માં ભાગ લેનાર રિદ્ધિમા કપૂરે એક રસપ્રદ ઘટસ્ફોટ કરતા કહ્યું કે કપિલના કારણે જ તેને આ બૉલીવુડ પ્રોજેક્ટ ઑફર કરવામાં આવ્યો હતો.

ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો'માં કપિલે દર્શકો સામે રિદ્ધિમાના બોલિવૂડ ડેબ્યૂની જાહેરાત કરી અને કહ્યું, "રિદ્ધિમા બોલીવુડની પત્નીઓ સાથે ડેબ્યૂ કરવા જઈ રહી છે. જો કે, તમે બધા જાણો છો કે પ્રતિભા કપૂર પરિવારના લોહીમાં છે. જેમ આપણે આપણું બ્લડ ટેસ્ટ કરાવીએ છીએ, અને તે 'A' પોઝીટીવ અથવા 'B' પોઝીટીવ આવે છે, તેવી જ રીતે તેમનો બ્લડ ટેસ્ટ પોઝીટીવ આવે છે." આ દરમિયાન કપિલે રિદ્ધિમાને પૂછ્યું કે તમે ઈન્ડસ્ટ્રીમાં ડેબ્યૂ કરવા માટે આટલો સમય કેમ લીધો?

# અલ્લુ અર્જુનના જન્મદિને રજૂ થશે પુષ્પા 2નું ટીઝર..,ફિલ્મ આવશે 15 ઓગસ્ટે...

'પુષ્પા 2'ના ટીઝરના રિલીઝની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. છેલ્લા એક વર્ષથી પુષ્પા 2 ના ઘણા લુક્સ શેર કરવામાં આવ્યા છે. અલ્લુ અર્જુને વધુ એક અદ્ભુત પોસ્ટર સાથે આશ્ચર્યચકિત કરી દીધું છે.

અલ્લુ અર્જુન અલ્લુ અર્જુનની ફિલ્મ 'પુષ્પાઃ ધ રૂલ' એટલે કે 'પુષ્પા 2' વિશે અપડેટ્સ આપતા રહે છે . આ દરમિયાન, નિર્માતાઓ સાથે, તેણે ફિલ્મના પોસ્ટર રિલીઝ કરવાની તારીખ પણ જાહેર કરી છે. મેકર્સ આ ફિલ્મનું ટીઝર અલ્લુ અર્જુનના જન્મદિવસ પર રિલીઝ કરશે. વાસ્તવમાં, પોસ્ટર શેર કરતી વખતે, નિર્માતાઓએ કહ્યું કે તેનું ટીઝર 8 એપ્રિલના રોજ શેર કરવામાં આવશે. આ પ્રસંગને વધુ ખાસ બનાવવા માટે જ ટીઝર રિલીઝ કરવામાં આવશે.

પુષ્પાના પાત્રને લઈને ચાહકો પણ એટલા જ ઉત્સુક લાગે છે. આવી સ્થિતિમાં, દર્શકોમાં પુષ્પા 2 ને લઈને ઘણો ક્રેઝ છે. ફિલ્મનો પહેલો ભાગ વર્ષ 2021માં આવ્યો હતો. 'પુષ્પા 2' આ વર્ષે સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે. ફિલ્મને લઈને ચાહકોની પ્રતિક્રિયા જોઈ શકાય છે. આ ફિલ્મ આ વર્ષે 15 ઓગસ્ટ 2024ના રોજ બોક્સ ઓફિસ પર રિલીઝ થશે.




બ્લોકબસ્ટર હિટ ફિલ્મની સિક્વલ, "પુષ્પા", પુષ્પા 2 તેના વધુ એક્શન, ડ્રામા અને અલ્લુ અર્જુન દ્વારા જાદુઈ પ્રદર્શનના વચન સાથે ભારે ચર્ચા જગાવી રહી છે, જેના ચાહકો આતુરતાપૂર્વક દિવસોની ગણતરી કરી રહ્યા છે. ફિલ્મના ટીઝર્સ અને પોસ્ટરોએ પહેલાથી જ ઈન્ટરનેટ પર ધમાચકડી મચાવી છે અને હવે પુષ્પા 2 દેશભરના પ્રેક્ષકોમાં સમાન હલચલ મચાવશે.

# મેડમ તુસાદ મ્યુઝિયમમાં અલ્લુ અર્જુનનું વેક્સ સ્ટેચ્યુ જોઇને ઓળખવું અઘરું કે આ નકલી છે કે અસલી?




અલ્લુ અર્જુન પુષ્પા 2ના શૂટિંગમાં વ્યસ્ત છે. હાલમાં 'પુષ્પા 2'નું શૂટિંગ ચાલી રહ્યું છે. આ વચ્ચે અલ્લુ અર્જુનનું વેક્સ સ્ટેચ્યુ દુબઈના પ્રખ્યાત મેડમ તુસાદ મ્યુઝિયમમાં લગાવાયું હોવાના સમાચાર છે.

સાઉથનો ફેમસ એક્ટર અલ્લુ અર્જુને તાજેતરમાં દુબઈના પ્રખ્યાત મેડમ તુસાદ મ્યુઝિયમ ખાતે પોતાના સ્ટેચ્યુનું અનાવરણ કર્યું હતું. અલ્લુ અર્જુનનું વેક્સ સ્ટેચ્યું જોઈને ઓળખવું અઘરું છે



કે આ નકલી છે કે અસલી? આ સ્ટેચ્યુ એક્ટરની બ્લોકબસ્ટર ફિલ્મ 'પુષ્પા'ની સ્ટાઈલમાં બનાવવામાં આવ્યું છે. ફિલ્મનો પ્રખ્યાત ડાયલોગ 'મેં ઝૂકેગા નહીં સાલા' વિશ્વભરના લોકોના મુખે રમતો થયો છે.અલ્લુ અર્જુને પોતાના સ્ટેચ્યુનું અનાવરણ કર્યા પછી અભિનેતાએ ખુશી વ્યક્ત કરી હતી. તેણે ઈન્સ્ટાગ્રામ પર એક નોટ શેર કરતા કહ્યું કે, મેડમ તુસાદમાં પ્રતિમાનું અનાવરણ કરીને ખૂબ જ ખુશ છું. દરેક અભિનેતા માટે આ એક કિંમતી ક્ષણ હોય છે. અલ્લુ અર્જુનની ફિલ્મ 'પુષ્પાઃ ધ રાઈઝ' તેના કરિયરની સૌથી મોટી હિટ ફિલ્મ છે.

# એપ્રિલમાં આહલાદક મનોરંજનનો આ છે રસથાળ- અક્ષય-અજય, વિજય દેવરકોંડા અને રશ્મિકા મંદાનાની આવી રહી છે દમદાર ફિલ્મો

એપ્રિલ મહિનો મનોરંજનના પ્રેમીઓ માટે બેહદ રોમાચિંત અને ફિલ્મોરંજનથી ભરપૂર છે. આ મહિનામાં ઘણી શાનદાર હિંદી ફિલ્મો સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે. ત જાણો ફિલ્મોના નામ અને રિલીઝ ડેટ શું છે....

**બડે મિયા છોટે મિયા (Bade Miyan Chote Miyan)** | બોલિવૂડ અભિનેતા અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફ અભિનિત ફિલ્મ 'બડે મિયા છોટે મિયા'10 એપ્રિલના રોજ ઈદના અવસર પર સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે. આ એક્શન ફિલ્મમાં અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફ મોતને માત આપતા સ્ટંટ કરતા જોવા મળે છે. અક્ષય અને ટાઈગર બડે મિયા છોટે મિયા મુવીમાં સૈનિકની ભૂમિકામાં નજર આવશે. આ ફિલ્મમાં માનુષી છિલ્લર અને અલાયા પણ સામેલ છે.

**મેદાન (Maidaan)** | અજય દેવગણ સ્ટારર મેદાન પણ ઈદના અવસર પર એટલે કે 10 એપ્રિલના રોજ રિલીઝ થશે. મેદાન મુવીમાં અજય દેવગણ એક ફૂટબોલ કોચની ભૂમિકામાં નજર આવશે. બોની કપૂરની ફિલ્મ મેદાન ફૂટબોલના મહારથી સૈયદ અબ્દૂલ રહીમના જીવન પર આધારિત છે. જેણે ફૂટબોલમાં ગોલ્ડ મેડલ જીતીને ભારતને ગૈરવની ક્ષણ પ્રદાન કરી હતી.

**અમરસિંહ ચમકીલા (Amar Singh Chamkila)** | ઈમ્તિયાઝ અલીના નિર્દેશન હેઠળ બનેલી ફિલ્મ અમર સિંહ ચમકીલા કહાની દિલચસ્પ છે. આ ફિલ્મમાં પરિણીતી ચોપરા અને દિલજીત દોસાંજ લીડ રોલમાં છે. પરિણીતી પંજાબી ગાયક અમર સિંહ ચમકીલાના જીવન પર આધારિત બાયોપિકમાં અમરજોતની ભૂમિકામાં છે. અમર સિંહ ચમકીલા મુવી 80ના દાયકાના લોકપ્રિય પંજાબી સિંગર હતા. વર્ષ 1988માં તેમની અને તેની પત્ની અમરજોતની ગોળી મારી હત્યા કરી નાંખવામાં આવી હતી. અમરસિંહ ચમકીલા મુવી 12 એપ્રિલના રોજ નેટફલિક્સ પર સ્ટ્રીમ થશે.

**ફેમિલી સ્ટાર (Family Star)** | રોમાટિંક અને કોમેડિના તડકાથી ભરપૂર ફિલ્મ ફેમિલી સ્ટારમાં વિજય દેવરકોંડા અને મૃણાલ ઠાકુર મુખ્ય




ભૂમિકામાં છે. આ સ્ટાર પહેલી વાર સાથે સ્ક્રિન ધમાલ મચાવશે. આ સિવાય ફિલ્મમાં અભિનય, વાસુકી, રોહિણી હટ્ટંગડી અને રવિ બાબૂ સહિત કલાકારો છે. ફેમિલી સ્ટાર મુવીમાં રશ્મિકા મંદાના પણ જોવા મળશે. ફેમિલી સ્ટાર ફિલ્મ 5 એપ્રિલના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે.

**મિસ્ટર એન્ડ મિસેજ માહી (Mr and Mrs Mahi)** | જાહ્નવી કપૂર અને રાજકુમાર રાવ અભિનિચ ફિલ્મ મિસ્ટર એન્ડ મિસેજ માહી એક સ્પોર્ટ્સ ડ્રામા ફિલ્મ છે. જે 19 એપ્રિલના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે. આ ફિલ્મ નિર્દેશક શરણ શર્માના માર્ગદર્શન હેઠળ બનેલી છે.

**અરનમનઇ 4 (Aranmanai)** | સાઉથ અભિનેત્રી તમન્ના ભાટિયા સ્ટારર તમિલ હોરર ફિલ્મ અરનરમઈ સુંદર સીએ લખી અને ડિરેક્ટ કરી છે. આ ફિલ્મમાં તમન્ના સિવાય, રાશિ ખન્ના, સંતોષ પ્રતાપ, રામચંદ્ર રાજૂ, કોવઈ સરલા, યોગી બાબૂ, કેએસ અને રવિ કુમાર, જયપ્રકાશ વગેરે સામેલ છે.

**દો ઔર દૌ પ્યાર (Do Aur Do Pyaar)** | દો ઔર દૌ પ્યાર ફિલ્મમાં બોલિવૂડની મશહૂર અભિનેત્રી વિધ્યા બાલન અને ઈલિયાના ડિક્રુઝ છે. આ સિવાય ગુજરાતી સ્ટાર પ્રતિક ગાંધી પણ આ ફિલ્મમાં જોવા મળશે. દો ઔર દૌ પ્યાર 19 એપ્રિલના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવા માટે તૈયાર છે.

**લવ સેક્સ ઔર ધોખા 2 (Love Sex Aur Dokha)** | લવ સેક્સ ઔર ધોખા 2 બાલાજી મોશન પિકચર્સ હેઠળ બનેલી છે. દિબાકર બેનર્જી દ્વારા નિર્દેશિત લવ સેક્સ ઔર ધોખા મુવી 19 એપ્રિલના રોજ રિલીઝ થવાની છે.

**મંકી મેન (Monkey Man)** | અભિનેતા દેવ પટેલ નિર્દેશિત હેઠળ બનેલી પહેલી ફિલ્મ મંકી મેન ભગવાન હનુમાનની કથાથી પ્રેરિત છે. આ ફિલ્મમાં શોભિતા ધૂલિપાલા, વિપિન શર્મા, અશ્વિની કાલસેકર, અદિતિ કાલકુંટે, સિકંદર ખેર, પિતોબશ, મકરંદ દેશપાંડે અને શાલ્ટો કોપલ નજર આવશે. મંકી મેન મુવી 5 એપ્રિલના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે.

**રૂસ્લાન (Ruslaan)** | એક્શન થ્રિલર ફિલ્મ રૂસ્લાનમાં સલમાન ખાનના જિજાજી આયુષ શર્મા અને સુશ્રી મિશ્રા છે. આ ફિલ્મમાં આયુષ શર્મા સાથે અભિનેતા જગપતિ બાબૂ મૂખ્ય ભૂમિકામાં નજર આવશે.

**જહાંગીર નેશનલ યુનિવર્સિટી (Jahangir National University)** | જહાંગીર નેશનલ યુનિવર્સિટી ફિલ્મમાં અભિનેત્રી ઉર્વશી રૌતેલા અને પિયૂષ મિશ્રા, રવિ કિશન, વિજય રાજ, રશ્મી દેસાઇ, અતુલ પાંડે અને સોનાલી સહગલ સામેલ છે. Jnuના લેખક વિનય શર્મા છે, તેણે જ આ ફિલ્મનું નિર્દેશન કર્યું છે. આ ફિલ્મ પણ 5 એપ્રિલના રોજ રિલીઝ થશે.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

### બોન્ડમાં રકમ રોકવાથી દોઢ ગણા મળશે એવી લાલચ અપાઈ હોવાનો દાવો

# કચ્છના એક ગરીબ ખેડૂત પરિવારે ઈલેક્ટોરલ બોન્ડ દ્વારા રૂપિયા 11 કરોડનું ભંડોળ આપ્યું!

■ સુપ્રીમમાં બોન્ડની વિગતો જાહેર થતા મામલો પોલીસમાં પહોંચ્યો

ગુજરાત | વંદન

ઈલેક્ટોરલ બોન્ડને લઈને અત્યાર સુધી એવી વાતો બહાર છે, જેમાં મોટી મોટી કંપનીઓએ ફાયદો મેળવવા માટે કરોડો રૂપિયાના બોન્ડ લઈને રાજકીય પાર્ટીઓને ખુશ કરી છે. જેમાં મોટા ભાગનું ભંડોળ સત્તાપક્ષ ભાજપને મળ્યું છે. પરંતુ ઈલેક્ટોરલ બોન્ડને લઈને ગુજરાતના કચ્છ જિલ્લામાંથી પ્રથમ નજરે જ માન્યામાં ન આવે તેવી વાત જાણવા મળી છે. એક ગરીબ દલિત ખેડૂત પરિવારે 11 કરોડનું માતબર કહી શકાય તેવું ભંડોળ ઈલેક્ટોરલ બોન્ડ સ્વરૂપે લઈને સત્તા પક્ષ ભાજપને આપ્યું છે.

જે ગરીબ પરિવારને સામાન્ય જિંદગી જીવવા માટે પણ દરરોજ સવારે ઉઠીને મજૂરી કરવી પડતી હોય તેવા ગરીબ ખેડૂતનો પરિવાર 11 કરોડનું ચૂંટણી ભંડોળ રાજકીય પાર્ટીને કેવી રીતે આપી શકે ? સુપ્રિમ કોર્ટના આદેશના પગલે જ્યારે સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાએ બોન્ડ ખરીદનારા લોકોનું લિસ્ટ સાર્વજનિક કરવામાં આવ્યું અને તેમાં ગુજરાતના કચ્છ જિલ્લાના અંજાર તાલુકાના ખેડૂત પરિવારના નામ જોવા મળ્યા ત્યારે બોન્ડ્ઝનું લિસ્ટ જોનાર સૌ કોઈની આંખો પહોળી થઈ ગઈ હતી.

એક મીડિયા અહેવાલ અનુસાર, વેલસ્પન કંપનીના એક ઉચ્ચ અધિકારીએ અંજારના જમીન સંપાદન અધિકારી એવા અંજારના તત્કાલીન નાયબ કલેક્ટર અને અંજાર ભાજપના શહેર પ્રમુખ સાથે મળીને આ ગરીબ દલિત ખેડૂત પરિવારને ફોસલાવી






લલચાવીને 11 કરોડના ઈલેક્ટોરલ બોન્ડ ખરીદને ભાજપમાં પોતાની વાહવાહી મેળવી છે. જેમાં હવે સમગ્ર મામલો પોલીસમાં પહોંચ્યો છે.

કચ્છ અંજારના બિપિન મણિલાલ વેગડ તેમજ અંજાર તાલુકાના વરસામેડી ગામના સવાભાઈ કારાભાઈ મણવર દ્વારા પોલીસને લેખિતમાં કરવામાં આવેલી અરજીમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે, અંજાર શહેર ભાજપના પ્રમુખ હેમંત ઉર્ફે ડેની રજનીકાંત શાહ, જમીન સંપાદન અધિકારી એવા અંજારના તત્કાલીન નાયબ કલેક્ટર ડૉ. વિ.કે.જોશી ઉર્ફે વિમલભાઈ કિશોરચંદ્ર જોશી તેમજ વેલસ્પન અંજાર SEZ લિમિટેડના સિગ્નેચરી ઓથોરિટી મહેન્દ્રસિંહ ફતેહસિંહ સોઢા સહિતના લોકોએ ગરીબ દલિત ખેડૂતોને જમીન સંપાદનની પ્રક્રિયાથી લઈને વળતરમાં મળેલા કરોડો રૂપિયાને ઈલેક્ટોરલ બોન્ડમાં દોઢી રકમ મળશે તેવી વાત કરીને લલચાવી ફોસલાવીને છેતરપિંડી કરી છે.

આ આખા મામલામાં જેમની સામે આક્ષેપ કરવામાં આવ્યા છે તેઓએ તેમની પોઝિશનનો ઉપયોગ કરીને અલગ અલગ તબક્કે ગરીબ દલિત ખેડૂતોને છેતરાવાનું સમગ્ર કૌભાંડ આચર્યું હોવાનો દાવો કરવામાં આવ્યો છે. બિપિન મણિલાલ વેગડ તેમજ સવાભાઈ કારાભાઈ મણવર પરિવાર વતી ન્યાય માટેની લડત ચલાવી રહેલા અંજારના ધારાશાસ્ત્રી ગોવિંદભાઈ દાફડાએ એક વેબ પોર્ટલ સાથેની વાતચીતમાં સમગ્ર મામલાની શરૂઆત ક્યાંથી થઈ અને મામલો 11 કરોડના ચૂંટણી બોન્ડ્ઝ સુધી કેવી રીતે પહોંચ્યો તેની ચોંકાવનારી હકીકતો અંગેનો પર્દાફાશ કર્યો હતો.

...અનુસંધાન પેજ નં. 6 પર

# ગુજરાત સરકારે 3 કરોડના બદલે 40 લાખનું જ વળતર આપ્યું : ચેસ ખેલાડી

■ ઓથોરિટીએ હેન્ડીકેપ કેટેગરીમાં રોકડ વળતર અંગેની નીતિનું ખોટું અર્થઘટન કર્યું છે

ગુજરાત | વંદન



ગુજરાત હાઈકોર્ટે એક અંધ ચેસ ખેલાડીની આંતરરાષ્ટ્રીય ચેસ ચેમ્પિયનશિપમાં બે ચંદ્રકો જીતવા બદલ તેને મળવાપાત્ર રૂ. 3 કરોડનું ઈનામ નહીં મળ્યું હોવા અંગે કરેલી અરજીના સંદર્ભમાં રાજ્ય સરકારને નોટિસ પાઠવી છે.

વડોદરા સ્થિત 25 વર્ષીય દર્પણ ઈનાનિએ આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય ટુર્નામેન્ટ્સમાં જીતનારા ખેલાડીઓ માટે વર્ષ 2022ની સ્પોર્ટ્સ નીતિ હેઠળ રોકડ વળતર ચૂકવવા રાજ્ય સરકાર અને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતને નિર્દેશો આપવા માટે હાઈકોર્ટનો સંપર્ક કર્યો છે. ઈનાનિના વકીલ કેયુર ગાંધીએ હાઈકોર્ટને જણાવ્યું હતું કે, તેને માત્ર રૂ. 40 લાખનું વળતર મળ્યું છે જ્યારે તેનાથી વિપરિત ભારતીય ટીમના વિજય પછી ઓડિશામાં તેના સાથી ખેલાડી સૌંદર્યા કુમાર પ્રધાનને ઓડિશા સરકાર તરફથી રૂ. 1.50 કરોડનું વળતર અપાયું છે.

ગાંધીએ દલીલ કરી હતી કે ઓથોરિટીએ હેન્ડીકેપ કેટેગરીમાં રોકડ વળતર અંગેની નીતિનું ખોટું અર્થઘટન કર્યું છે. ઈનાનિ વર્લ્ડ ચેસ ફેડરેશન દ્વારા આયોજિત ટુર્નામેન્ટમાં ભાગ લઈને અને જીતીને રોકડ વળતર માટેની કેટેગરી માટે લાયક છે. વકીલે ન્યાયાધીશ વીડી નાણાવટી સમક્ષ ઈનાનિની સિદ્ધિઓ વર્ણવતા તેમણે પણ તેને 'અસાધારણ' ગણાવી છે.તંત્ર દ્વારા ઈનામી રકમ આપવાનો ઈન્કાર કરવા મુદ્દે વકીલે સવાલ ઉઠાવતાં ન્યાયાધીશે નોંધ્યું હતું કે, અન્ય બાબતોને બાજુ પર મુકીને પણ આવા પ્રતિભાશાળી ખેલાડીઓને પ્રોત્સાહન આપવાની જરૂર છે.

પ્રાથમિક સુનાવણી પછી હાઈકોર્ટે રાજ્ય સરકારને નોટિસ પાઠવતા આ કેસની વધુ સુનાવણી 26 એપ્રિલ સુધી મુલતવી રાખી છે.ઈનાનિએ એક ઈન્જેક્શનનું રિએક્શન આવતાં ત્રણ વર્ષની વયે દૃષ્ટિ ગુમાવી દીધી હતી. ઈનાનિ સામાન્ય વિદ્યાર્થીઓ સાથે આત્મસાત થઈ શકે તે માટે તેના માતા-પિતાએ તેને સ્પેશિયલ સ્કૂલમાં મોકલવાનું ટાળ્યું હતું. ઈનાનિને આઠ વર્ષની વય સુધી ઘરે જ અભ્યાસ કર્યો હતો. ત્યાર પછી કોઈપણ છૂટછાટ નહીં મળે તેવી શરતે તેને એક સ્કૂલમાં પ્રવેશ મળ્યો હતો.

# વિધાનસભા હારેલાઓને કોંગ્રેસે લોકસભા ચુંટણી માટે પસંદ કર્યા -જીતશે ???



■ હીરા જોટવા કેશોદ બેઠક પરથી 2022માં હારી ગયા હતા

ગુજરાત | વંદન

લોકસભાની ચૂંટણીને લઈ કોંગ્રેસે યાદી જાહેર કરી છે, જેમાં ગુજરાતના ત્રણ ઉમેદવારોના નામ છે. સુરેન્દ્રનગરથી ઋત્વિક મકવાણા, જૂનાગઢથી હિરાભાઈ જોટવા, વડોદરાથી જસપાલસિંહ પઢિયારને ટિકિટ મળી છે. હવે કોંગ્રેસના 4 ઉમેદવારો જાહેર થવાના બાકી છે. લોકસભા ચૂંટણીને ગણતરીના દિવસો બાકી છે. ત્યારે આ સ્થિતિ વચ્ચે કોંગ્રેસ પાર્ટીએ ગુરૂવારે મોડી સાંજે ઉમેદવારની 12મી યાદી જાહેર કરી છે. જેમાં ગુજરાતની વધુ ત્રણ બેઠકો પર ઉમેદવારના નામ જાહેર કર્યા છે.

ભાજપે ગુજરાતમાં તમામ 26 બેઠકો પર ઉમેદવારોના નામ જાહેર કરી દીધા છે. જોકે, સાબરકાંઠા, રાજકોટ સહિતની બેઠક પર ઉમેદવારોને લઈને વિવાદ ચાલી રહ્યો છે. ભાજપે જૂનાગઢથી રાજેશ ચુડાસમાને ફરી ટિકિટ આપી છે. ત્યારે આજે કોંગ્રેસે તેમની સામે હીરા જોટવાને મેદાનમાં ઉતાર્યા છે. જ્યારે વડોદરાથી કોંગ્રેસે જશપાલસિંહ પઢિયારને ટિકિટ આપી છે. ત્યારે ભાજપે વડોદરામાં ઉમેદવાર બદલીને ડો. હેમાંગ જોશીને મેદાનમાં ઉતાર્યા છે. તેમ છતાં પણ ભાજપમાં અંદરખાને ઉમેદવારને લઈને કકળાટ ચાલી રહ્યો છે.

...અનુસંધાન પેજ નં. 6 પર

# સંજીવ ભટ્ટના જીવને આતંકીઓથી જીવન જોખમ

■ સેન્ટ્રલ જેલમાં ન ખસેડવા HCમાં ભટ્ટની અપીલ

ગુજરાત | વંદન

ભૂતપૂર્વ આઈપીએસ અધિકારી સંજીવ ભટ્ટે ગુજરાત હાઈકોર્ટમાં અપીલ કરી છે કે તેમને સેન્ટ્રલ જેલમાં ખસેડવામાં ન આવે. સંજીવ ભટ્ટનું કહેવું છે કે જો તેમને સેન્ટ્રલ જેલમાં ખસેડવામાં આવશે તો તેમણે પકડેલા હાર્ડકોર ગુનેગારો અને આંતકીઓથી તેમના જીવ સામે જોખમ ઊભું થશે. જોકે, રાજ્ય સરકાર દ્વારા સંજીવ ભટ્ટની અપીલનો વિરોધ કરવામાં આવ્યો છે.ભૂતપૂર્વ આઈપીએસ અધિકારી સંજીવ ભટ્ટને પાલનપુર કોર્ટે 1996ના ડ્રગ્સ પ્લાન્ટિંગ કેસમાં દોષિત ઠેરવ્યા છે અને જેલની સજા ફટકારી છે. સજા બાદ સંજીવ ભટ્ટે ગુજરાત હાઈકોર્ટને વિનંતી કરી છે કે તે રાજ્ય સરકાર અને જેલ સત્તાવાળાઓને પોતાને સેન્ટ્રલ જેલમાં ન ખસેડવા માટેની સૂચના આપે. સંજીવ ભટ્ટે ભય વ્યક્ત કર્યો છે કે જો તેમને સેન્ટ્રલ જેલમાં મોકલવામાં આવશે તો તેમણે પોતાની સર્વિસ દરમિયાન પકડેલા ખૂંખાર ગુનેગારો અને આતંકવાદીઓ તરફથી તેમને જોખમ રહેશે. જોકે, રાજ્ય સરકારે આનો વિરોધ વ્યક્ત કર્યો છે અને પૂછ્યું છે કે સંજીવ ભટ્ટે 20-25 વર્ષથી કોઈ એક્ઝિક્યુટીવ હોદ્દા પર સેવા નથી આપી તો પછી તેમણે કયા આતંકવાદીને પકડ્યો હતો.

સંજીવ ભટ્ટે 28 માર્ચના રોજ અરજી કરી હતી જે દિવસે પાલનપુર જિલ્લા કોર્ટે NDPS કેસમાં તેમને 20 વર્ષની જેલની સજા ફટકારી હતી અને તેમને જામનગર જિલ્લા અદાલતની કસ્ટડીમાં ખસેડવાનો આદેશ આપ્યો હતો. જેણે જૂન 2019માં સંજીવ ભટ્ટને આજીવન કેદની સજા ફટકારી હતી. 1990ના કસ્ટોડિયલ ડેથ કેસમાં સંજીવ ભટ્ટને આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી. પાલનપુર કોર્ટે એવો પણ આદેશ આપ્યો હતો કે NDPS કેસમાં ભટ્ટની 20 વર્ષની સજા જામનગર ડિસ્ટ્રિક્ટ કોર્ટે અગાઉ આપેલી આજીવન કેદની સજા પૂરી કર્યા પછી શરૂ થશે. બુધવારે સુનાવણી દરમિયાન સંજીવ ભટ્ટના વકીલ કૃતિ શાહે રજૂઆત કરી હતી કે ભૂતપૂર્વ IPS અધિકારીની સુરક્ષા મુખ્ય ચિંતા છે. વકીલે દલીલ કરી હતી કે, એક IPS અધિકારી હોવાને કારણે તેમણે ઘણા હાર્ડકોર ગુનેગારો અને આતંકવાદી પ્રવૃત્તિઓ તથા ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા લોકોને



પકડ્યા છે. આ લોકો રાજ્યની કેન્દ્રીય જેલમાં બંધ છે. આ પ્રથમ આશંકા છે. તેમણે સંજીવ ભટ્ટને પાલનપુર સબ-જેલમાં રાખવાની વિનંતી કરી હતી. સંજીવ ભટ્ટ 2019માં તેમની ધરપકડ થઈ ત્યારથી ત્યાં છે. વકીલે રજૂઆત કરી હતી કે કસ્ટડી સર્ટિફિકેટમાં પ્રતિબિંબિત થયા મુજબ સંજીવ ભટ્ટ પાલનપુર જેલમાં જામનગર કોર્ટ દ્વારા ફટકારવામાં આવેલી સજા કાપી રહ્યા છે.એડિશનલ એડવોકેટ જનરલ મિતેષ અમીને દલીલ કરી હતી કે જેલના નિયમોને કારણે 20 વર્ષની આજીવન કેદની સજા પામેલા કોઈપણ કેદીને સેન્ટ્રલ જેલમાં રાખવાની જરૂર છે. સેન્ટ્રલ જેલમાં તેમની સલામતી સાથે ચેડા થઈ શકે છે તેવી ભટ્ટની દલીલને તેમણે રદિયો આપ્યો હતો. તેમણે કહ્યું હતું કે, આ કોર્ટ કયા આધારે તેમની જેલ ટ્રાન્સફરનો નિર્ણય લેશે? માત્ર એટલા માટે કે તેઓ આઈપીએસ અધિકારી હતા? તેઓ છેલ્લા 20-25 વર્ષોથી કોઈપણ વહીવટી પદ પર સેવા આપી નથી.

તે ભયાનક આતંકવાદીઓ ક્યાં છે જેનાથી તેમને કોઈ ખતરો છે? સંજીવ ભટ્ટના એડવોકેટે તેમને પાલનપુર જેલમાં જ રાખવાની તેમની માંગણીને આગળ ધપાવવામાં ભટ્ટની સલામતી પર ભાર આપવાનું ચાલુ રાખ્યું જ્યાં તેમણે NDPS કેસમાં અંડરટ્રાયલ કેદી તરીકે પાંચ વર્ષથી વધુ સમય વિતાવ્યો હતો, ત્યારે સરકારના ટોચના કાયદા અધિકારીએ કોર્ટને જણાવ્યું હતું કે, ભટ્ટને સલામત અને સુરક્ષિત રાખવાની સરકારની ફરજ છે. જસ્ટિસ એચડી સુથારે 18 એપ્રિલે વધુ સુનાવણી રાખી હતી.

રાજ્ય સરકાર સાથે સંજીવ ભટ્ટની લડાઈ 2011માં શરૂ થઈ હતી જ્યારે તેમણે સુપ્રીમ કોર્ટમાં એક એફિડેવિટ દાખલ કરીને આરોપ લગાવ્યો કે તત્કાલિન મુખ્ય પ્રધાન નરેન્દ્ર મોદીએ ગોધરામાં ટ્રેન સળગાવાયાની ઘટના બાદ 27 ફેબ્રુઆરી 2002 ના રોજ તેમના નિવાસસ્થાન પર એક બેઠક દરમિયાન વરિષ્ઠ અધિકારીઓને તોફાનીઓ પર ધીમી કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો હતો.



# હવે નકલી જીરુ બનાવવાનું કૌભાંડ, 4 ફેક્ટરીઓ પર દરોડા

■ બાતમીના આધારે ગાંધીનગર અને મહેસાણા ટીમ દ્વારા કાર્યવાહી

ગુજરાત | વંદન

ઊંઝા શહેર સહિત સમગ્ર પંથકમાં આવેલી વિવિધ ફેક્ટરીઓમાં ગુરુવારે મહેસાણા ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ તેમજ ગાંધીનગર ફૂડ વિભાગની સંયુક્ત ટીમે દરોડા પાડી મોટી માત્રામાં નકલી જીરું, વરિયાળીનો શંકાસ્પદ જથ્થો ઝડપી લીધો છે. જેને લઈ ભેળસેળીયા તત્વોમાં ફફડાટ ફેલાયો છે. ફૂડ વિભાગની ટીમે જીરું વરિયાળીનો લૂઝ જથ્થો, પાવડર ગોળની રસી સહિતનો જથ્થો ઝડપી લીધો છે.

ઊંઝા શહેરમાં હાઈવે પર આવેલા શનિદેવ મંદિરની બાજુમાં તેમજ સિદ્ધિ વિનાયક એસ્ટેટ ઐઠોર સહિતના કેટલાક સ્થળોએ નકલી જીરુંનો કારોબાર ચાલે છે તેવી બાતમીના આધારે ગાંધીનગર અને મહેસાણા ફૂડ વિભાગની ટીમે ગુરુવારે વિવિધ સ્થળોએ દરોડા પાડી તપાસ હાથ ધરી હતી. જેમાં ચાર જેટલી ફેક્ટરીમાંથી નકલી જીરું અને વરિયાળી બનાવમાં આવતાં હોવાનું બહાર આવ્યું છે. જે પૈકી પટેલ રાકેશકુમાર તળશીભાઈની ફેક્ટરી (શિવગંગા એસ્ટેટ શનિદેવ મંદિરની બાજુમાં, ઉનાવા), પટેલ હર્ષદભાઈ ખોડીદાસનું ગોડાઉન (શિવ ગંગા એસ્ટેટ, ઉનાવા), પટેલ પ્રકાશભાઈ શિવરામભાઈનું ગોડાઉન (સિદ્ધિ વિનાયક એસ્ટેટ, ઐઠોર) તેમજ પટેલ પ્રકાશભાઈ શિવરામભાઈનું બીજું ગોડાઉન ઐઠોરમાં આવેલું છે જ્યાંથી નકલી જીરુંનો કારોબાર મળી આવ્યો હતો. તંત્રની કામગીરીથી પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

...અનુસંધાન પેજ નં. 6 પર

# RTEની 44 હજાર જગ્યા માટે 2.35 લાખ ફોર્મ ભરાયા

■ પ્રવેશની કાર્યવાહી 14 માર્ચથી શરૂ,15 એપ્રિલે પ્રવેશની ફાળવણી

ગુજરાત | વંદન

રાજ્ય સરકાર ખાનગી શાળાઓમાં જરુરિયાતમંદ અને આર્થિક નબળા પરિવારના બાળકોને રાઈટ ટુ એજ્યુકેશન (RTE) અંતર્ગત ધોરણ- 1માં પ્રવેશ આપવામાં આવે છે. અને આ વિદ્યાર્થીઓનો ધોરણ-8 સુધીનો તમામ ખર્ચ સરકાર ઉઠાવે છે. આ વર્ષે 30 માર્ચે RTE અંતર્ગત ખાનગી શાળાઓમાં પ્રવેશ માટે ઓનલાઈન ફોર્મ ભરવાની પ્રક્રિયા પૂર્ણ થઈ છે. આ વર્ષે RTEની પ્રવેશ કાર્યવાહીમાં બેઠકો કરતાં પાંચ ગણા વધુ ફોર્મ ભરાયા છે. 44 હજાર




જેટલી બેઠકો માટે હાથ ધરાયેલી પ્રવેશ કાર્યવાહીમાં ફોર્મ ભરવાની મુદત પૂર્ણ થઈ ત્યાં સુધીમાં 2.35 લાખ ફોર્મ ભરાયા હોવાનું સામે આવ્યું છે. આ વખતે RTE અંતર્ગત 43896 બેઠકો પર પ્રવેશ કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે. જોકે, ગત વર્ષે રાજ્યમાં 82853 બેઠકો માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આમ, ચાલુ વર્ષે 38957 બેઠકોનો ઘટાડો થયો છે.

RTE એક્ટ અંતર્ગત ધોરણ-1માં પ્રવેશની કાર્યવાહી 14 માર્ચથી શરુ થઈ હતી અને 30 માર્ચે ફોર્મ ભરવાની મુદત પૂર્ણ થઈ છે. ફોર્મ ભરવાની કાર્યવાહી સાથે જ ચકાસણી શરૂ કરાઈ છે. ફોર્મની ચકાસણી સહિતની કામગીરી પૂર્ણ થયા બાદ 15 એપ્રિલે પ્રવેશની ફાળવણી કરાશે. આ વખતે 43896 બેઠક માટે પ્રવેશ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આમ,ગત વર્ષ કરતા આ વખતે RTEમાં 38957 બેઠકોનો જંગી ઘટાડો થયો છે.

# ધો. 10 પાસ યુવકે ફાંકડું અંગ્રેજી બોલીને અમેરિકનોને છેતર્યા

ગુજરાત | વંદન

જુહાપુરાનો ધોરણ 10 પાસ યુવક ફાંકડું અંગ્રેજી બોલી અમેરિકન નાગરિકોને લોનની લાલચ આપી ઠગતો હતો. પોલીસે બાતમીને આધારે તેને ઝડપી પાડ્યો હતો.ધોરણ 10 સુધી ભણેલો સોહિલ પરવેઝ રાશિદ પરવેઝ શેખ (ઉં. 27) અમેરિકાના લોકો સાથે ફોન પર 'મે આઈ હેલ્પ યુ' અને 'વોટ કેન આઈ ડુ ફોર યુ' તેવી વાત કરીને લોન લેવા માટે તૈયાર કરતો હતો. બેંકનો લોનનો નકલી અપ્રૂવલ લેટર બતાવીને કમિશન પેટે ગિફ્ટ વાઉચરથી ડોલરમાં પૈસા પણ લેતો હતો. આ યુવક તેના ઘરમાં જ રાતે 12 વાગ્યાથી સવારે 5 વાગ્યા સુધી કોલ સેન્ટર ચલાવતો હતો. તે રોજ રાતે 30 લોકો સાથે વાત કરતો હતો.

# સંભાળજો, ક્યાંક તમારી સાથે પણ આવી છેતરપિંડી ન થાય, નહીંતર ઢૂંઢતે રહે જાઓંગે

■ મૂવર્સ પેકર્સના નામે ગઠિયો ભાડું-ઘરવખરીનો આખો સામાન લઈ ફરાર

ગુજરાત | વંદન

લોકોને સામાન બદલવો હોય તો તેઓ હવે તરત જ મૂવર્સ એન્ડ પેકર્સનો સંપર્ક કરીને સામાન ફેરવી દેતા હોય છે ત્યારે જ ગોધાવીની એક ખાનગી કંપનીના મેનેજરને પોતાના ઘરનો સામાન હૈદરાબાદ મોકલવાનો હતો. તેમણે ગૂગલ પર એક મૂવર્સ એન્ડ પેકર્સનો સંપર્ક કરી સામાન હૈદરાબાદ મોકલવાનું નક્કી કર્યું હતું. ત્યારે ગઠિયાએ ઓનલાઈન ભાડા પેટે 11 હજાર લીધા હતા અને સામાન લઈ ગયા બાદ તે ગુમ થઈ ગયો હતો. આ અંગે મેનેજરે બોપલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

ગોધાવીમાં રહેતા મનોજ સિંઘ ખાનગી કંપનીમાં ક્વોલિટી કંટ્રોલ મેનેજર તરીકે નોકરી કરે છે.

થોડા સમય પહેલાં તેમની બદલી હૈદરાબાદમાં થઈ હતી. તેમને સામાન હૈદરાબાદ શિફ્ટ કરવાનો હોવાથી ગૂગલ પરથી તેમણે સર્ચ કરીને એક્સપ્રેસ મૂવર્સ એન્ડ પેકર્સનો નંબર શોધીને કોલ કર્યો હતો. જો કે તે સમયે કોઈ કોલ ઉપાડયો નહોતો. થોડીવાર બાદ અન્ય મોબાઈલ નંબર પરથી કોલ આવ્યો હતો અને કોલ કરનારે જણાવ્યું હતું કે હૈદરાબાદ સામાન શેરિંગમાં મોકલશો તો ૨૦ હજાર થશે.

પર્સનલમાં મોકલવો હોય તો ૩૫ હજાર થશે. જેમાં ટોકન પેટે એક હજાર ઓનલાઈન લીધા હતા. જે બાદ ગત ૨૬મી માર્ચે એક પીકઅપ વાન આવી હતી. તેના ડ્રાઈવરે ફ્રિઝ, વોશિંગ મશીન સહિતનો મુદ્દામાલ વાનમાં લોડ કરીને સામાન હૈદરાબાદ ૩૦મી માર્ચે સામાન મળી જશે તેમ કહીને ૧૦ હજાર ઓનલાઈન લીધા હતા.

### ત્રણ દાયકાથી ભાજપે ધરબી દીધેલો જ્ઞાતિવાદ રૂપાલાની ટીપ્પણીથી ફરી સપાટી પર આવ્યો

# ભાજપને ડર- રૂપાલા વિવાદમાં ક્ષત્રિયો-પટેલો સામસામે આવી ન જાય!

■ ભૂતકાળમાં બંને સમુદાયો સામસામે હોવાથી ભાજપને રાજકીય લાભ મળતો ન હતો -તારણ

ગુજરાત | વંદન


ગુજરાતમાં રાજકારણ એક સમય પટેલ અને ક્ષત્રિયો સામસામે હતા ભાજપના શાસનમાં આ બંને સમુદાય પાર્ટીની પડખે જ પરંતુ ભાજપના રાજકોટના ઉમેદવાર રૂપાલા દ્વારા ક્ષત્રિય સમુદાયની વિરુદ્ધ નિવેદન ના પગલે જે રીતે બંને સમુદાયો સામસામે આવી રહ્યા છે તેનાથી નવા રાજકીય સમીકરણો રચાઈ શકાય છે, ડર એ બાબતનો છે કે જો આ બંને સમુદાય ઉગ્ર રીતે વિવાદમાં ઉતરે તો ભાજપને રાજકીય નુકસાન થઈ શકે છે.

ગુજરાત ભાજપમાં આટલી ગૂંચવણ ક્યારેય ન હતી. ગુજરાતમાં મહત્ત્વપૂર્ણ ક્ષત્રિય મતો ગુમાવવાના ભય વચ્ચે પાર્ટી હવે રાજકોટ લોકસભાના ઉમેદવારને બદલવા માટે ગંભીરતાથી વિચાર કરી રહી છે. ભાજપે 2019માં ગુજરાતમાં લોકસભાની તમામ 26 બેઠકો જીતી લીધી હતી અને તે આ સિદ્ધિનું પુનરાવર્તન કરવા માંગે છે. પરંતુ ગુજરાતમાં ક્ષત્રિયો ભાજપ સામે જંગે ચડ્યા છે અને માંગણી કરી રહ્યા છે કે જો રૂપાલાને ઉમેદવાર તરીકે પાછા ખેંચવામાં નહીં આવે તો તેઓ ભગવા પક્ષને મત નહીં આપે.

પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને અને ડેમેજ કંટ્રોલની કવાયત તરીકે ભાજપે ગુજરાતમાં રાજપૂતોને ખુશ



કરી શકાય છે કે કેમ તે અંગે મૂલ્યાંકન કરવાની કવાયત પણ શરૂ કરી છે. કોઈ ઉમેદવારને હટાવીને ક્ષત્રિયને મેદાનમાં ઉતારીને તે રાજપૂતોને ખુશ કરી શકે છે. ટૂંકમાં કહીએ તો આગામી ત્રણ દિવસમાં ભાજપ રાજકોટમાંથી પરષોત્તમ રૂપાલાને હટાવવા કે નહીં અને સાબરકાંઠાની બેઠક પર ક્ષત્રિય ઉમેદવારને ઊભા રાખવા કે કેમ તે અંગે આખરી નિર્ણય લેશે. હાલની સ્થિતિને થાળે પાડવા માટે આ નિર્ણયથી પાર્ટીને મદદ મળી શકે છે. રૂપાલા સામે



મત મેળવવા માટે જાતિ વિભાજનને ઉશ્કેરવાનો આરોપ છે.

ગુજરાતમાં પટેલ-ક્ષત્રિયોની અદાવત પાછળ સામાજિક-સાંસ્કૃતિક કારણો ઉપરાંત જ્ઞાતિની ગતિશીલતા, સત્તા અને આર્થિક પરિબળો રહેલા છે. પરંપરાગત પટેલ-ક્ષત્રિય ઝઘડાનું મુખ્ય પરિબળ આર્થિક છે. સિનિયર કેન્દ્રીય મંત્રી અને ભાજપના નેતા પરષોત્તમ રૂપાલાની ક્ષત્રિય વિરોધી ટિપ્પણીએ ત્રણ દાયકાથી ભાજપે સફળતાપૂર્વક ધરબી દીધેલો જ્ઞાતિવાદ ફરી સપાટી પર આવ્યો છે. હકીકતમાં ભાજપનો સત્તા પરનો ઉદય પટેલ-ક્ષત્રિયના એક સુંદર સમન્વય તરફ ઈશારો કરે છે. કેશુભાઈ- શંકરસિંહ વાઘેલાની એક પટેલ-ક્ષત્રિય ટીમ હતી, જેમણે 1995માં ગુજરાતમાં ભાજપને સૌપ્રથમ વિજય અપાવ્યો હતો. જોકે તેમાં 18 ટકાથી વધુ પટેલ મતદારોનો મોટો ફાળો હતો.

રૂપાલા સૌરાષ્ટ્રના કડવા પટેલ છે અને તેઓ રાજકોટથી ભાજપના લોકસભાના ઉમેદવાર છે. તેમને વર્તમાન સાંસદ મોહન કુંડારિયાને પડતા મૂકીને ટિકિટ આપવામાં આવી છે. કુંડારિયા પણ કડવા પટેલ છે. ક્ષત્રિયો માટે રૂપાલાએ કરેલી ટિપ્પણીએ પહેલેથી જ અત્યંત ધ્રુવીકરણ પામેલા ગુજરાતમાં નવા ઘા કર્યા છે.

...અનુસંધાન પેજ નં. 6 પર



Sakar-9, 821,Lobby-1, Ashram Rd, beside Old Reserve Bank of India, Ahmedabad, Gujarat 380009